

કસ્તુરબા ગાંધી
જેમની ત્રીજી સંવત્સરી આ માસમાં આવે છે
ચરિત્રરેખા : અંદર

યુગયોગી સમા પતિની પતની:
સતી-અંતર એક હતી લગની:
મારું આપાપું આખુંય ઓગાળીને
એના આદર્શની રહું છાયા બની!
અને એ વ્રતની વ્રતિની બનીને જેણે જીવનને ધન્યનામ કર્યું:
એનું સ્મારક, અર્પણ-ઓપતી પૃથ્વીના એકેએક અણુમાંહીં ભર્યું!

•

ન્હોતા નૂતન યુગની નારી તણા
એને અંતે ઝળકવાનાં શમણાં,
ન્હોતી જૂનવાણી ઘરરખુ ઘરણીની
શાંત સલામતીની ભ્રમણા:
એ તો હાથ સોંપ્યા તેના હૈયાના સાદ પે જીવનને હોમનાર હતી,
પ્રતિ-પ્રીતમમાંહીં જ જીવનારી એ તો શુદ્ધ સનાતન નાર હતી!

—કરસનદાસ માણેક

કુમાર

સ્થાપક રવિશંકર રાવળ | તંત્રી · બચુભાઈ રાવત

૨૭૮ ફેબ્રુઆરી '૪૭



'રાખો મશાલ જલતી, નવ કૂચ થંભે.'

ચિત્રકાર • રવિશંકર રાવળ

અમદાવાદમાં એલિસબ્રિજ આરોગ્ય સમિતિના વ્યાયામગૃહના વ્યાખ્યાનખંડની દીવાલ પરનું ૯×૫ ફૂટના માપનું મોટું ભીંતચિત્ર



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ


ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ. ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

પૃથ્વીનું દોહન

શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધમાં પૃથુ રાજાએ કરેલા પૃથ્વીના દોહન-ની કથા આવે છે જેમાં પૃથુ રાજા પૃથ્વીનું દોહન કરે છે અને પરિણામે ભાતભાતની ઔષધિઓ માનવજાતના કલ્યાણ સારૂ પામે છે. આ કથાનું રહસ્ય શું હશે એ આપણે જાણતા નથી. પણ, શ્રીમદ્ ભાગવતની આ પૌરાણિક કથા અત્યારના ધાતુશાસ્ત્રના વિજ્ઞાન સાથે કેટલી બધી મળતી આવે છે!



૦·૦૬ ગંધક
૦·૦૯ મૅંગેનીઝ
૦·૦૯ કાર્બન
૦·૧૨ ફૉસ્ફરસ
૦·૧૪ હાઇડ્રોજન
૦·૬૨ ટાઇટેનિયમ
૨·૦૭ મૅગ્નેશ્યમ
૨·૫૮ પોટૅશ્યમ
૩·૬૪ કૅલ્શ્યમ
૫·૦૬ લોઢું
૮·૦૭ ઍલ્યુમીનિયમ
૨૭·૬૧ સિલિકન
૪૬·૪૬ ઑક્સિજન

ઇ. સ. ૧૯૨૪માં એફ. ડબ્લ્યૂ. ક્લાર્ક અને એચ. એસ. વૉશિંગ્ટન નામના બે અમેરિકી વૈજ્ઞાનિકોએ, આખી પૃથ્વીનું તો નહિ, પણ પૃથ્વીના ઉપરના દસ માઈલ સુધીના પડનું પૃથક્કરણ (દોહન) કરવાની હામ ભીડી હતી એટલે કે પૃથ્વીના દસ માઈલ (ઊંડે) સુધીના પડમાં જુદી જુદી જાતનું ખનિજ દ્રવ્ય કેટલા પ્રમાણમાં છે તે એ લોકો નક્કી કરી શક્યા હતા. આ માટે એમણે દુનિયામાં જુદેજુદે ઠેકાણેથી મેળવેલાં ૫,૧૫૯ ખનિજ દ્રવ્યોનું રાસાયનિક પૃથક્કરણ કર્યું હતું! એ બધાંની સંખ્યા-બંધ સરેરાશો ઉપરથી એમણે પૃથ્વીના એટલા પડનું કુલ ખનિજ દ્રવ્ય ૧૭,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ટન નક્કી કર્યું હતું અને તેમાં પૃથ્વીના એટલા પડનું જુદીજુદી વસ્તુઓનું પ્રમાણ ઉપર મુજબ તારવ્યું હતું (જુઓ ચિત્ર).

ચિત્રમાં બતાવેલાંનો કુલ સરવાળો ૯૬·૬૧ ટકા જેટલો થાય છે. બાકી રહેતા ૩·૩૯ ટકામાં ત્રાંબું, રૂપું, કલાઈ, જસત, સોનું વગેરેનો સમાવેશ થાય છે. એમાં ખાસ કરીને એક નવી ધાતુ ટાઇટેનિયમનું મોટું પ્રમાણ ધ્યાન ખેંચે છે. જોકે કલાઈ જેવી દેખાતી એ ધાતુ લોઢા અથવા ઍલ્યુમીનિયમ જોડે મિશ્રિત થઇ માત્ર મિશ્ર ધાતુ તરીકે જ થોડીઘણી ઉપયોગી છે; બાકી એ ધાતુમાં ખાસ રામ નથી. બીજું, આ પ્રમાણથી એવું ધારવાનું નથી કે આ બધી ધાતુઓ અથવા બીજી ધાતુઓ એટલા જ પ્રમાણમાં મેળવી શકાય છે. કારણ કે કાચી ધાતુ અથવા માટીમાંથી એને શુદ્ધ સ્વરૂપમાં મેળવવી એ બહુ અઘરૂં અને ખર્ચાળ કામ છે. એમ તો કેટલું બધું ઍલ્યુમીનિયમ ધરતીના દસ માઇલના પેટાળમાં પડ્યું છે! છતાં ઍલ્યુમીનિયમનો દુકાળ પડશે એમ લૉર્ડ બીવરબ્રૂક અને બીજાઓએ ઇ. સ. ૧૯૪૦માં બહાર પાડ્યું હતું. વળી સમુદ્રના એક ઘન માઈલમાં ૫,૦૦૦,૦૦૦ પૌંડનું સોનું પડ્યું છે. અને જર્મનીના ફ્રિટ્ઝ હેબર નામના વૈજ્ઞાનિકે, એ મેળવીને પોતાના દેશની ખોટ પૂરી પાડવા ૧૯૧૮ પછી કમર પણ કસી હતી; જોકે એમાં એ નિષ્ફળ નીવડેલો. વળી જે ખનિજ મળી આવે છે તે કાંઈ ધરતીના કોઇ એક જ સ્થળે મળી આવતું નથી, પણ જુદેજુદે સ્થળે વેરવિખેર પડેલું હોય છે.

ધાતુઓ અને તેમની વિશિષ્ટતા

૧ સૌથી વધુ ઉપયોગી ધાતુ . . . . લોઢું
૨ વજનમાં હલકી ધાતુઓ . . ઍલ્યુમીનિયમ, મૅગ્નેશ્યમ
૩ ગૅલ્વેનાઇઝિંગ ધાતુ (વીજળિક પૃથક્કરણથી પડ ચડાવનારી) જસત
૪ સીસાગર (સીસાઘડા)ની ધાતુ . . . . . . સીસું
૫ અનેકવિધ ઉપયોગમાં આવતી ધાતુ . . . . . નિકલ
૬ વીજળી, ગરમી વગેરેની જલદવાહક ધાતુ . . . . ત્રાંબું
૭ ધાતુઓની કલઈ કરનાર ધાતુ . . . . કલાઇ
૮ પોલાદને કાટ ન ચડવા દેનાર ધાતુ . . . . . ક્રોમિયમ
૯ અન્ય ધાતુઓને કાપનારી કઠણ ધાતુ . . . . . ટંગ્સ્ટન
૧૦ લોઢામાંથી કાર્બનનું તત્ત્વ (જેથી લોઢાની બરડતા ઘટે છે) કાઢનાર ધાતુઓ . . . . મૅંગેનીઝ, વેનેડિયમ
૧૧ લોખંડ જોડે મિશ્રિત થઇ લોઢાની મિશ્ર ધાતુઓને વિધવિધ ગુણો આપનાર ધાતુઓ . કૉબાલ્ટ, મોલિબ્ડિનમ
૧૨ હવામાં ન કટાનાર ધાતુ . . . . કૅડમિયમ
૧૩ જેનું ભવિષ્ય ઊજળું છે એવી નવી આગંતુક ધાતુ બૅરિલિયમ
૧૪ અતિ મૂલ્યવાન ધાતુઓની ત્રિમૂર્તિ . સોનું, પ્લૅટિનમ, રૂપું
૧૫ અને એમની અનુષંગિનીઓ: ઇરીડિયમ, પેલેડિયમ, હોડિયમ
૧૬ અછતવાળી ધાતુઓ: સીરિયમ, ઇડિયમ, લૅન્થેનમ, નિયોડિમ, નાયોબિયમ, કાર્લબિયમ, પ્રેસોડિયમ, ટૅન્ટેલમ, સેમેરિયમ, ઝર્કોનિયમ
૧૭ ક્ષાર રૂપે છતવાળી છતાં ઓછી ઉપયોગી ધાતુ: 'ટાઇટેનિયમ'
૧૮ સૌથી ભારે ધાતુ . . . . ઑસ્મિયમ
૧૯ સક્રિય (Active) ધાતુઓ (હવામાં અને પાણીમાં પણ ઝટ રાસાયનિક રૂપાંતર પામતી ધાતુઓ): પોટૅશિયમ, સોડિયમ, લીથિયમ, કૅલ્શ્યમ (ચૂનાની ધાતુ) સ્ટ્રૉન્શ્યમ
૨૦ પ્રવાહી ધાતુ . . . . પારો
૨૧ પ્રાણ દેનારી ધાતુ . . . . રેડિયમ
૨૨ અર્ધ ધાતુઓ: ઍન્ટિમની (સુરમાની ધાતુ), આર્સેનિક (સોમલની ધાતુ), બિસ્મથ, સિલેનિયમ, ટેલ્યુરિયમ, સિલિકોન (રેતીની ધાતુ).

'શિવમ્ સુંદરમ્'

તું બેઠો દેવા તો

તું બેઠો દેવા તો અમને લેવામાં શી હાણ ?
તું બેઠો ગાવા તો આતુર તત્પર આ અમ કાન,
માધવ! તું બેઠો દેવા તો અમને લેવામાં શી હાણ?

કંઈ અઢળક જ્યોત ગગનની,
આ ભૂતલના કંઈ ખગની,
કંઇ ગુપ્ત પ્રજળતી લગની,
અમ ગોરસમાં તવ રસના જો હોય કદીક પ્રપાત,
તારો રાસ ચગે રળિયાત.—માધવ૦

આ જમનાના જળઘાટે,
આ વૃંદાવનની વાટે,
શું નિમિત હશે લલાટે,
અમ ચરણોનું તવ ચરણોમાં રચતો તું નિર્વાણ,
તારી મધુર અધરની આણ.—માધવ૦

સુન્દરમ્

તું ભાઈ મારા

· મિશ્ર ·

ન અન્યના સુખ તણી અસૂયા,
સ્વસુખનો ના છલકાટ અંતરે,
ન અન્યના દુઃખ તણી વિડંબના
સ્વદુઃખનો ના ડર લેશ ભીતરે.

ના જીતનો ગર્વ હરંત નમ્રતા,
દે હારને સ્મિત તણી વધાઇ,
ને દ્વેષ ને ઝેર તણા ય જંગમાં
જીતી જશે પ્રેમ તણી સગાઈ.

તું ભાઇ મારા! મન મોટું રાખજે,
ને વિશ્વનાં ઝેર બધાં પચાવજે,
તું સત્યને પંથ ધપ્યે જજે સદા,
બધાયનો રાખણહાર રામ છે.

સનાતન

ઉત્તુંગના યાત્રીને

· વસંતતિલકા ·

ઉત્તુંગ જે શિખરની શિવ શાશ્વતીએ
સોહંત ભોમ પર પાવક પાય માંડી,
યાત્રી દિગંત ભરતી નવ દૃષ્ટિ પામી
આત્મા તણી અમિતતા નિજની બનાવે;
ને દેવની દ્યુતિલ કાંતિ ધરી અનેરી
સ્વર્લોકનાં સુમનહાસ્ય—તગત તારા—
તોડે પ્રસારિત કરી કર; અંજલીઓ
એની અનંત વિભુને પ્રણમી સમર્પે.
માંડી સુમંગલ તણું મુખ બાલભાવે
પીએ સુધારસ સુધાકર-ચંદ્રિકાનો;
કાળાંધકાર હરતા પળવારમાં જ
પામે પ્રસાદ દ્યુતિ દેવતણા પ્રભાવી;
તે તુંગ શૃંગ જ સુલક્ષ્ય બનાવનારા
યાત્રી! પળે પળ પદે તવ વેગ વાધો!
મુશ્કેલ માર્ગ પર વિઘ્ન વિખેરનારું
શ્રદ્ધાત્મનું સ્મિત મુખે તવ હો ગઢેલું!
ને ભક્તિ ભવ્ય તણી ઊર્મિલતા વધારી
મંત્રો તણાં મહદ માન ઉરે જગાડો!
સોપાન ગાનમય આત્મ અભીપ્સુ તારો
આરોહતો સર કરો શિખરો સ્પૃહાનાં.

પૂજાલાલ

શેષ દાને

હે! મારા દેશ! જ્યારે દે આદેશ!
કોઇ મહાયજ્ઞને ટાણે,
રહે આટલું સહુને ધ્યાને:
કોઇ સમિધ બને, કોઇ ઘૃત બને
જલી એક થવા મહાકાશે;
કોઈ ધાન્ય બને, કોઈ ધૂપ બને,
તદ્રૂપ થવા ચોપાસે: હે૦
કોઇ ધૂમ વહે, કોઇ અગ્નિ વહે,
કોઈ જ્યોત બને મહાદાને;
સર્વ બળીજળી ખાક બને ત્યારે
એટલું હો શેષ-દાને! હે૦
વ્યક્તિ મહા છે, દેશ મહા છે,
છે મહા માનવજાતિ;
એથી મહા છે સત્યની જ્યોતિ
ચહે એ ન બુઝાતી! હે૦

રતિલાલ છાયા

રવિ બે

રવિ બે–પૂર્વ અને પ્રતીચીની
ક્ષિતિજે રક્ત–તણી વચે થઇ
વહતી જીવનની તરંગિણી!

પ્રભ્રરામ રાવળ

હિંમત

માસિક મનન

લેખક
રતિલાલ મોહનલાલ ત્રિવેદી



સદ્‌ગુણનું સાચું સ્વરૂપ 'મધ્યમ માર્ગ'માં રહેલું છે, એ સત્ય જગતના વિવિધ મહાત્માઓએ ઉપદેશ્યું છે. ભગવદ્‌ગીતામાં જ્ઞાન, ભક્તિ ને કર્મનો સમન્વય કરીને તેમાં વચલો માર્ગ સર્વોત્તમ છે એમ નિરાકરણ કરવામાં આવ્યું છે: ગૌતમ બુદ્ધે 'મધ્યમ પ્રતિપદા' અર્થાત્ તપ અને ભોગ વચ્ચેનો મધ્યમ માર્ગ શ્રેયસ્કર છે એવો ઉપદેશ આપ્યો છે; ચીનમાં કૉન્ફ્યુશિયસે 'સુવર્ણમધ્યમ'ના મહાન સૂત્રનું પ્રતિપાદન કર્યું છે; અને ગ્રીસમાં ઍરિસ્ટોટલે 'બે છેડાઓ વચ્ચેનું મધ્યબિંદુ' એવું સદ્‌ગુણનું લક્ષણ પ્રરૂપ્યું છે.

તદનુસાર હિંમતનો મહાન ગુણ એ કાયરતા અને ઉતાવળાપણું, એ બે વચ્ચેનો મધ્યમ માર્ગ છે. 'પંડે ફગમગ્યા ભૂમે આપ આથમણો નાસે' એ કાયરની વૃત્તિ છે. તેમ જ વગર વિચાર્યે 'યા હોમ કરીને પડો' એમાં ઉતાવળાપણું રહેલું છે. પરંતુ મહાકવિ કાલિદાસની નીચેના અમર પંક્તિમાં હિંમતનું યથાર્થ સ્વરૂપ સમાએલું છે—

विकारहेतौसति विक्रियन्ते
येषांनचेतांसि त एव धीराः

(મનોવિકારનાં કારણો હોય છતાં જેનું મન વિકારને વશ ન થાય તે જ ધીર છે.) સર્વાંગ સુન્દર અભિનવયૌવના ગિરિરાજકન્યા પાર્વતીની સેવાનો નિત્ય સ્વીકાર કરતાં છતાં 'આત્મેશ્વર' શંકર હિમાલય જેવા અચલ રહ્યા અને મનોવૃત્તિના તોફાની વેગને પરાસ્ત કરી શક્યા એ જ એમની ધીરતા. વીર નર્મદ પણ યોગ્ય જ કહે છે કે:

'રણ તો ધીરાનું, વીરાનું;
નહિ ઉતાવળા, કાયરનું.'

એક અંગ્રેજ વિદ્વાન કહે છે કે જેમ સ્ત્રીઓમાં સર્વોત્તમ ગુણ 'શીલ' છે, તેમ પુરુષોમાં 'હિંમત' છે. અર્થાત્ સ્ત્રીનું સ્ત્રીત્વ એની પવિત્રતાને લીધે, અનન્યનિષ્ઠતાને લીધે છે, અને પુરુષનું પુરુષત્વ એની હિંમતને લીધે છે. જોકે સ્ત્રીને હિંમતની તેમજ પુરુષને શીલની જરૂર પણ છે જ.

હિંમતના બે પ્રકાર છે: શારીરિક અને આત્મિક. એક જ મનુષ્યમાં પૂર્વોક્ત બને પ્રકારનો સુયોગ હોય તો તે બેશક ઇષ્ટ છે. માત્ર શારીરિક હિંમત સ્થૂળ બળની પોષક છે. સ્થૂળ બળની સાથે ઘણીવાર આસુરીવૃત્તિઓ જોડાએલી હોય છે. રાવણમાં, રામના સકલ સૈન્ય સામે થવાની હિંમત હતી અને દારુણ યુદ્ધમાં કદાપિ પાછી પાની કરે એવો એ ન હતો; પરંતુ સીતાના સૌન્દર્યના મોહ સામે થવાનું એનામાં આત્મસામર્થ્ય નહોતું, તેથી પરિણામે એનો વિનાશ થયો. વળી સિકંદર, સીઝર અને નેપોલિયન, દુર્યોધન, શિશુપાલ અને જરાસંધની ગણના પણ શારીરિક હિંમતવાળા મહારથીઓમાં જ કરી શકાય.

આત્મિક હિંમત એ અધ્યાત્મબળની પોષક છે. અધ્યાત્મબળ દૈવી સંપતને ઉત્તેજે છે. સ્થૂળ બળ એ ખરૂં બળ નથી, પરંતુ આત્માનું બળ એ જ ખરૂં બળ છે. આત્મિક હિંમત રૂપી બખ્તરથી સજ્જ થએલા પ્રહ્‌લાદે પિતાની આજ્ઞાનો સાદર નિરાદર કરી પ્રભુના નામનું રટન કરતાં ધગધગતા સ્થંભને બાથ ભીડી ભોળો ભક્ત ગાઇ ગયો છે કે:

પ્રથમ સત યુગમાં પ્રહલાદને પીડિયો,
ભીડિયો થંભ તે લોહ તાતો;
ધીર નવ ધડકિયો, ભયથી નવ ભડકિયો,
થડકિયો શેષ ત્રૈલોકય જાતો.

આત્માની આ અમોઘ શક્તિને લીધે સૉક્રેટીસે દેહને આત્માથી પૃથક જાણી શાંતિથી ઝેરના પ્યાલો પીધો, અને તારણહાર ઈશુએ ક્રૂસારોહણ કર્યું. વળી, આપણા સમયમા જ પ્રકટેલી પ્રભુની મહાન વિભૂતિના અધ્યાત્મબળને વર્તમાન જગત આશ્ચર્યચકિત નયને નિહાળી રહ્યું છે અને તેના પદાર્થપાઠ શીખી રહ્યું છે. આત્મિક હિંમતનું સચોટ દર્શન નીચેની સુપ્રસિદ્ધ પંક્તિઓમાં સુંદર રીતે થએલું છે:

'હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને.

કાયરતા એ મૃત્યુ છે; સામર્થ્ય એ જ જીવન છે. 'नायमात्मा बलहीनेन लभ्यः' એ ઉપનિષદ્‌નું વચન કાયર મનુષ્યને સખ્ત ઉપાલંભ છે. 'બીકણ મૃત્યુ પહેલાં ઘણીવાર મરે છે, પણ ધીર તો એક વાર જ મરે છે' એવું મહાકવિ શેકસપીઅરનું વચન છે. પ્રભુ હિંમતવાનને સહાયતા આપેછે એ અક્ષરશઃ સત્યછે.

ગૃહ, રાજ્ય, સમાજ, ધર્મ ઈત્યાદિ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં હિંમતની જરૂર છે. હિંમતથી જ પરાક્રમશાળી નિર્ભયતા પ્રાપ્ત થાય છે અને 'અભય' એ જ દૈવી સંપતમાંનો પ્રથમ ગુણ છે. હિંમતવાન માણસ પરિપૂર્ણ વિચાર, વિવેક ને સંયમવૃત્તિપૂર્વક કોઇ પણ કાર્યમાં પગલું ભરે છે. પરંતુ એકવાર કાર્યનો નિર્ણય કર્યા પછી તેને પ્રાણના ભોગે પણ પાર ઉતારવા પ્રયત્ન કરી છૂટે છે. તેની સ્થિતિ આવી છે:

'રે પહેલું જ મનમાં ત્રેવડીએ!
રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ,
રે જો ચડીએ તો કટકા થઈ પડીએ!

મહાભારતકારે ધીર-વીરનો મહાન આદર્શ પોતાના ગ્રંથમાં આલેખ્યો છે. યુધિષ્ઠિર અત્યંત શાંત છે; ભીમ ઘણીવાર અતિ રુદ્ર છે; પરંતુ એ બંને વચ્ચે વીર અર્જુનનું સ્થાન છે. એક વિષમ પ્રસંગે યુધિષ્ઠિર જેવા સત્યનિષ્ઠ પુરુષ અર્ધસત્ય અથવા અસત્ય વદ્યા; પણ અર્જુન તો સર્વથા વિકારથી અલિપ્ત જ રહ્યો. આ જ ખરી ધીરતા, આ જ ખરૂં મનુષ્યત્વ.

ભારતરાષ્ટ્રનું પ્રેમાદરપાત્ર નામ

બા

કસ્તુરબા ગાંધી

પતિની જીવનજ્યોતમાં પોતાની જીવનજ્યોતને સમાવી દેનારી ભારતવર્ષની સનાતન નારીનું પ્રતીક

ત્રીજી સંવત્સરી : ૨૨ ફેબ્રુઆરી '૪૭



સ્કેચ: બંસીલાલ વર્મા ચકોર

કાઠિયાવાડમાં પોરબંદરમાં સને ૧૮૬૯ના એપ્રિલમાં એમનો જન્મ થએલો. ગાંધીજી કરતાં એ લગભગ છ મહિને મોટાં. એમના પિતાનું નામ ગોકુળદાસ મકનજી હતું અને માતાનું નામ વ્રજકુંવર. તેઓ ત્રણ ભાઈ ને બે બહેનો મળી કુલ પાંચ ભાંડુ હતાં, તેમાંથી એક બહેન ને એક ભાઈ નાનપણમાં જ ગુજરી ગએલાં ને મોટા ભાઇ યુવાન વયે ચાલ્યા ગયા. એ જમાનામાં, ને તેમાં યે કાઠિયાવાડમાં, છોકરીઓને કોઇ ભણાવતું નહિ, એટલે નાનપણમાં એ સાવ નિરક્ષર રહેલાં હતાં, પણ ઘરકામની એમને સારી તાલીમ મળી હતી. વળી પિતાના સંસ્કારી વૈષ્ણવ કુટુંબના કેટલાક ઉત્તમ ગુણો એમને વારસામાં મળ્યા હતા.

એમના પિતાશ્રી પોરબંદરમાં વેપારી હતા. એમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. પોરબંદર રાજ્યનું પ્રધાનપદું કરતા ગાંધી કુટુંબ સાથે તેમને સારો સંબંધ હતો, એટલે તેમણે પોતાની પુત્રીની સાત વર્ષની ઉમરે સાડા છ વર્ષના ગાંધીજી સાથે સગાઈ કરી, અને ૧૩ વર્ષની વયે તેમનાં બંનેનાં લગ્ન થયાં.

બાલ્યાવસ્થામાં જ એમના ગૃહસ્થાશ્રમનો આરંભ થયો. એ બાળ ઉમરનાં પતિપત્નીના સંસારનું ને નાદાનીભર્યા ઝગડાઓનું વર્ણન ગાંધીજીએ બહુ જ માર્મિક શબ્દોમાં આપ્યું છે.

૧૮૮૮માં ગાંધીજી વિલાયત ગયા તે પહેલાં એક બાળક અવતરેલું તે બે કે ચાર દિવસમાં જ મરી ગએલું. ત્યાર પછી હરિલાલભાઇનો જન્મ થયો. તે વખતે એમની ઉમર ઓગણીસેક વર્ષની હતી. ગાંધીજી વિલાયતમાં હતા ત્યારે તેમનાં માતુશ્રી, એટલે બાનાં સાસુ ગુજરી ગયાં. જેઠાણી કલાકો સુધી પૂજામાં રહેતાં એટલે એમનાં બાળકોને નવડાવવા ધોવડાવવા તથા સાચવવાનું બધું જ કામ નીચું ઘાલી બા કર્યે જતાં. રસોડું તો આખું બાના જ હાથમાં હતું.

ગાંધીજી વિલાયતથી બૅરિસ્ટર થઇ પાછા આવ્યા, પણ એમની બૅરિસ્ટરી હિંદુસ્તાનમાં ન ચાલી. એક વર્ષ માટે એમને એક કેસ લઇને આફ્રિકા જવાનું થયું. પણ એ તો ત્યાં એકને બદલે ત્રણ વર્ષ રહી ગયા. એ વર્ષો પણ બાનાં રાજકોટમાં જ વીત્યાં. ૧૮૯૬ની સાલમાં ગાંધીજી છ માસને સારૂ કુટુંબને લેવા માટે દેશમાં આવ્યા, પણ એઓ અહીં છ માસ પૂરા કરે તે પહેલાં જ જલદી પાછા ફરવાનો આફ્રિકાથી તાર આવ્યો; એટલે બા, બે દીકરા ને પોતાના સ્વર્ગસ્થ બનેવીના એક દીકરાને લઇ ગાંધીજી આફ્રિકા જવા ઊપડ્યા.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના જીવને પલટો લેવા માંડ્યો અને ઈ. ૧૯૦૪માં તો તેમણે જીવનમાં ક્રાન્તિકારી પરિવર્તન કર્યું. જીવનના પરિવર્તન માટેનો તેમનો આગ્રહ એટલો તીવ્ર અને ઉત્કટ હતો કે તેમની સાથે નભવું તે વખતે મુશ્કેલ હતું. ગોખલેજીએ એક વાર એમને વિનોદમાં છતાં સત્ય જ કહેલું કે 'તું ભારે જાલિમ છે. એક તરફથી તારો પ્રેમ અને બીજી તરફથી તારો આગ્રહ એ એટલા જોરથી બીજા ઉપર અસર કરે છે કે એ બીચારો તારી ઈચ્છા પ્રમાણે વર્તવાને ને તને રાજી કરવાને તણાઈ મરે.' ગાંધીજીના આવા જાલિમ પ્રેમમાં અને જીવનપરિવર્તનની ઉત્કટ તીવ્રતામાં બા શી રીતે નભ્યાં હશે? ગાંધીજીના જીવનનો પ્રવાહ ત્યાગ, વૈરાગ્ય ને સંન્યાસ તરફ જોરથી વહ્યે જતો હતો. તેને અનુકૂળ અને ઈષ્ટ માર્ગે બાએ વહેવા દીધો છે, તેમાં કશો અંતરાય નથી નાખ્યો; અને તેમ છતાં જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં નમ્ર સૂચના રૂપી પાળ બાંધીને, સવિનય પ્રતિકાર રૂપી દૃઢ અંતરાયો ઊભા કરીને, પ્રવાહને પ્રતિકૂળ અથવા અનિષ્ટ દિશામાં જતો રોક્યો છે ને હમેશાં યોગ્ય દિશામાં રાખ્યો છે.

ગાંધીજીના "સત્યાગ્રહનાં ગુરુ બા હતાં. એ કેવી રીતે બન્યાં તે પ્રસંગ ગાંધીજીએ પોતાની આત્મકથામાં નીચે મુજબ આપ્યો છે:

"ડરબનમાં ઘણી વાર મારા મહેતાઓ મારી સાથે રહેતા. તેમને હું કુટુંબીજન ગણતો. ઘરની બાંધણી પશ્ચિમ ઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ નથી હોતા. તેથી દરેક કોટડીમાં પેશાબને સારુ ખાસ વાસણ હોય છે. તે ઉપાડવાનું કામ અમારું ધણીધણિયાણીનું હતું. એક પંચમ કુળમાં જન્મેલા મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઉપાડવું જોઇએ. બીજાં તો કસ્તુરબાઈ ઉપાડતી, પણ આ તેને મન હદ આવી. અમારી વચ્ચે કલેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, ને તેને પોતાને ઉપાડવું ભારે થઈ પડ્યું. મેં બે બોલ ઊંચે સાદે કહ્યા: 'આ કંકાસ મારા ઘરમાં નહિ ચાલે.'

'ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી.'

હું એ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો. દરવાજો અરધો ઉઘાડ્યો. આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં. અંતે કસ્તુરબાઇ બોલી, 'તમને તો લાજ નથી, મને છે. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઇ જોશે તો બેમાંથી એકે નહિ શોભીએ.' મેં મોં તો લાલ રાખ્યું પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હંમેશાં કુશળ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્ભુત સહનશક્તિથી જીત મેળવી છે."

ગાંધીજીના સાથે તેમનાં કેટલાંક વ્રતોમાં અનાયાસે ને ઈચ્છાપૂર્વક અને કેટલાંક વ્રતોમાં શરૂઆતમાં કમને તથા આયાસપૂર્વક પણ પાછળથી સમજી જઇને, એમ બા ચાલ્યાં છે. અપરિગ્રહની બાબતમાં બાને ઠીકઠીક પ્રયત્ન કરવો પડ્યો છે. તેનો પહેલો પ્રસંગ ગાંધીજીના આત્મકથામાંથી એમની જ ભાષામાં જોઇએ:

'બોઅર યુદ્ધના કામમાંથી છૂટા થયા પછી મેં સાથીઓ આગળ દક્ષિણ આફ્રિકામાંથી મુક્ત થવાની માગણી કરી રજા મેળવી. આ વેળા નાતાલના હિંદીઓએ મને પ્રેમામૃતથી નવડાવી મૂક્યો ઠેકઠેકાણેથી માનપત્રો ને કીમતી ભેટો આવી. ભેટોમાં સોનાચાંદીની ને હીરાની વસ્તુઓ પણ હતી. એમાં એક પચાસ ગીનીનો હાર કસ્તુરબાઇને સારુ હતો. પરંતુ એને મળેલી વસ્તુ પણ મારી સેવાને અંગે હતી, એટલે તેને નોખી તારવી ન શકાય. તે રાત્રી મેં બાવરાની જેમ જાગીને ગાળી. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું; રાખવી એ વધારે ભારે લાગતું હતું. 'મારાથી આ વસ્તુ ન જ રખાય' એવા નિર્ણય પર આવ્યો. બાળકો તો સમજ્યાં. પણ કસ્તુરબાઇને સમજાવવાનું કામ ધાર્યા કરતાં વસમું નીવડ્યું. 'તમારે ભલે ખપ ન હોય, તમારા છોકરાઓને ભલે ન હોય, ભલે મને પહેરવા ન દો, પણ મારી વહુઓનું શું? એમને તો ખપ આવશે? ને કોણ જાણે છે કાલે શું થશે?' પણ ઘરેણાં મારે પાછાં આપવાં જ હતાં. અંતે ઘણી વાતોમાં હું જેવીતેવી સંમતિ લઇ શક્યો.

હિંદુ ધર્મના સરકાર બામાં કેટલા ઊંડા બેઠેલા હતા એનો આ એક પ્રસંગ ગાંધીજીની આત્મકથામાંથી જ લીધો છે:

'કસ્તુરબાઇને વારંવાર રક્તસ્રાવ (લોહીવા) થયાં કરતો. એક દાક્તર મિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણ કરી. દાક્તરે ક્લૉરોફૉર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયા વખતે દરદ ખૂબ થતું હતું, પણ જે ધીરજથી કસ્તુરબાઇએ તે સહન કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો. ક્રિયા નિર્વિઘ્ને પૂરી થઇ. પણ પછી કસ્તુરબાઇનું શરીર મુદ્દલ વળતું ન હતું. દાક્તરે મને ટેલિફોન કર્યો: 'તમારાં પત્નીને હું માંસનો સેરવો આપવાની જરૂર જોઉં છું.' મેં જવાબ આપ્યો: 'મારાથી એ રજા નહિ અપાય. પણ કસ્તુરબાઈ સ્વતંત્ર છે. તેને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો, ને તે લેવા માગે તો બેલાશક આપો.'

'દરદીને આવી બાબતો પૂછવાની હું ના પાડું છું. તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જે કાંઈ આપવું ઘટે તે આપીશ. જો એમ ન કરવું હોય તો તમે તમારી પત્નીને લઇ જાઓ.'

હું કસ્તુરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તેને કંઈ પણ પૂછવું મને દુઃખદેણું હતું. પણ ધર્મ સમજી મેં તેને ઉપરની વાત કહી સંભળાવી. તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો: 'મારે માંસનો સેરવો નથી લેવો. ભલે હું મરી જાઉં, પણ મારાથી આ દેહ વટલાવાશે નહિ.'

મેં સમજાવાય તેટલું સમજાવ્યું પણ તે એક ટળી બે ન થઈ ને બોલી: 'મને અહીંથી લઈ જાઓ.'

ઝરમર ઝરમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફીનિક્સ રેલરસ્તો ને ફીનિક્સથી લગભગ અઢી માઈલનો પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઇશ્વર સહાય થશે એમ મેં માની લીધું. અમે દરદીને આરામથી લઇ ગયા. ત્યાં કેવળ પાણીના ઉપચારથી ધીમેધીમે શરીર બંધાયું.

અત્યારે તો જેલમાં જવું એ બહુ સહજ વાત થઇ પડી છે; પણ પહેલાં તો જેલનું નામ સાંભળીને લોકો ડરતા હતા. ત્યારે સ્ત્રીથી જેલમાં જવાય એવી તો કોઇને કલ્પના યે નહોતી. દક્ષિણ આફ્રિકામાં ૧૯૧૩ની સાલમાં એવો કાયદો પસાર થયો કે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે થએલાં લગ્ન—કે જે લગ્નખાતાના અમલદાર પાસે રજિસ્ટર થએલાં હોય—તે સિવાયનાં લગ્નને કાયદામાં સ્થાન નથી. આ સ્થિતિ સ્ત્રી ને પુરુષ બંને ન સહન કરી શકે એવી હતી. ગાંધીજીએ આ કાયદો રદ કરવા માટે ત્યાંની સરકાર સાથે વાટાઘાટ કરી, પણ એનું કાંઈ પરિણામ આવ્યું નહિ. એટલે તેમણે સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું. એમાં સ્ત્રીઓને પણ નોતરવાનો નિશ્ચય કર્યો.

બાપુએ લડત શરૂ કરી, અને એની શરૂઆતમાં બા તથા બીજી ત્રણ બહેનો જેલમાં ગઈ બાની તો પ્રતિજ્ઞા હતી કે ગમે તે ભોગે જેલમાં ફળાહાર જ કરવો. જો જેલવાળા ફળ પૂરાં ન પાડે તો ભૂખ્યા રહેવું ને મરવા વારો આવે તો મરાં જવું. આ પ્રતિજ્ઞાને જેલના અધિકારીઓએ તુચ્છકારી કાઢી. બા પાસે બીજો ઉપાય ન રહ્યો. તેમણે ઉપવાસ આદર્યા. એક, બે ને ત્રણ દિવસ થયા ત્યાં તો એમના પર તડૂકતી મેટ્રન ઢીલી થઈ ગઈ. પાંચમે દિવસે સરકાર ઝૂકી ને બાને ફળ મળ્યાં. પણ એ એટલી ઓછી માત્રામાં મળ્યાં કે ખરું જોતાં બાને ત્રણ મહિના અર્ધા ઉપવાસથી જ રહેવું પડ્યું. ત્રણ મહિને બા જેલના દરવાજામાંથી બહાર આવ્યાં ત્યારે સાવ હાડપિંજર થઇ ગયાં હતાં. જઠરાગ્નિ મંદ થઈ જવાને કારણે ઊલટીઓ થતી હતી ને આખે શરીરે સોજા આવી ગયા હતા. ડૉકટરોની ઘણી દવા કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ. છેવટે બાપુએ ૧૪ દિવસ સુધી બાને ઉપવાસ કરાવ્યા ને લીમડાનું સેવન કરાવ્યું. આ દિવસો દરમિયાન બાપુએ બાની જે સેવા કરી છે તેનું વર્ણન કરવા માટે શબ્દો જડવા મુશ્કેલ છે. પણ બાપુની એ સેવા ફળી ને બા એ માંદગીમાંથી તદ્દન સાજાં થઇ ગયાં.

આફ્રિકામાં ચોમેર વાતાવરણ અંગ્રેજીથી ભરેલું હોય. બાપુજીના સાથીઓ મોટે ભાગે અંગ્રેજો. પાછળથી હિંદુસ્તાનમાં પણ આશ્રમમાં અનેક ભાષાઓ બોલનારાઓનું મંડળ. તેમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ સારા પ્રમાણમાં. આથી જો કે બા અંગ્રેજી ભણેલાં નહોતાં છતાં તેઓ પ્રસંગોપાત્ત છૂટાછવાયા અંગ્રેજી શબ્દોથી પોતાનું ગાડું ગબડાવી શકતાં. આશ્રમમાં ગોરા મહેમાનો આવે તેમનું સ્વાગત કરવું, તેમને કુશળપ્રશ્નો પૂછવા, કાંઇ જોઇતુંકરતું હોય તો પૂછવું, વગેરે સાધારણ વાતચિત બા સારી રીતે કરી શકતાં. આમ તેમને અંગ્રેજી બોલતાં તો આવડતું, પણ (અનુસંધાન આગળ પૃષ્ઠ ૫૧મે)

દિગ્દર્શક

શ્રી શરદિન્દુ બંદોપાધ્યાયની વાર્તા ઉપરથી

અનુવાદક •

રમણિક મેઘાણી



માઘ મહિનાની એ સાંજે આખાયે ગામ ઉપર સાંજનું ધુમાડિયું આવરણ જાણે ભારે બોજારૂપ થઇને ચડી બેઠું હતું. માથે ઘેરાતી શિયાળુ રાતના ભયને કારણે ગામ ટૂંટિયાં વાળીને જાણે ગોદડામાં લપાઈ ગયું ન હોય એવું લાગતું હતું.

પણ ગામ સૂતું ન હતું. સાંજના ધુમાડા જેવો જ એક ભારે ચિંતાનો બોજો ગામના ગરીબમાં ગરીબથી માંડી જમીનદાર સુદ્ધાં ઉપર ઝૂઝી રહ્યાં હતો. જમીનદાર વૈકુંઠબાબુને સહુ ચાહતા; સહુને એમને માટે આદર હતો; કારણ એ ઉમદા ખવાસના ને પ્રેમી માણસ હતા. જમીનદારીનો ભાર મુનીમ-ગુમાસ્તાને ભળાવી શહેરમાં જઇને વસનાર જમીનદાર એ ન હતા. એથી જ સહુના મનમાં આશંકા જાગતી હતી કે કોણ જાણે આજની રાત કેવી જશે! દૂર-સુદૂરના સાગરપારથી આજે આવનાર ફેંસલો કોણ જાણે કેવો હશે!

ગામ વચ્ચેના એમના વિશાળ મકાનના ઓરડે ઓરડે દીવા બળે છે. સગાં-સાગવાં, દાસ દાસી ચારે બાજુ ફરતાં ફરે છે, પણ એ બધાં જ ધીરેધીરે બિલ્લી પગે ફરે છે. કોઈના યે મોંમાં વાત નથી. કંઈક બોલવાની ખાસ જરૂરિયાતે પણ તેઓ ગુસપુસ વાતો કરે છે, —જાણે નજીકમાં જ છેલ્લા શ્વાસ લેતું કોઈ સ્વજન ન પડયું હોય, કે જેથી જરા પણ અવાજ થતાં એને અશાંતના થવાનો ભય હોય.

મુખ્ય બેઠકઘરની ગાદી ઉપર જમીનદાર વૈકુંઠબાબુ તકિયા પર કોણી ટેકવી એકલા જ બેઠા હતા. સામે કાચનાં બે બત્તીદાનમાં સફેદ મીણબત્તીઓ જલતી હતી. હોકાની નળી ડાબા હાથે મોં પાસે રાખી અવારનવાર એ હોકો ગગડાવી લેતા હતા. શરીરે એક જાંબુડી બહેરામપુરી રેશમી ચાદર વીંટાળેલી; ગૌરવર્ણા, ઊંચા, પડછંદ પુરુષ; ઉમર આશરે સાઠ; મોં પર એક એવી શુદ્ધ સાત્ત્વિક બુદ્ધિની તેજસ્વિતા હતી કે જોતાં જ વેદાધ્યયની બ્રાહ્મણ પંડિતો યાદ આવી જતા.

શાન્તપણે બેઠાબેઠા એ હોકો ગગડાવતા ધુમાડાના ગોટા બહાર કાઢયે જતા હતા; પરંતુ એમના હૈયામાં કશોક તરફડાટ થઈ રહ્યો હતો. જ્યારે માત્ર રાહ જોવા સિવાય બીજું કંઈ જ કામ હોતું નથી, ત્યારે સમય કેમે કર્યો વીતતો નથી. કામ વિનાની પળો જાણે ડગુમગુ ડગ માંડતી ધીરે ધીરે વીતતી હોય છે. આજ રાત્રે આઠ પહેલાં વિલાયતના ફેંસલાનો તાર આવી પહોંચવા ધારણા છે વૈકુંઠબાબુએ એમના નાના મહેતાજી પ્રફુલ્લને સાંજ પહેલાં જ ટપાલ ઑફિસે મોકલી દીધો છે. પણ તાર ઑફિસ છ ગાઉ દૂર મહેશપુરમાં હોઇને નવ પહેલાં સમાચાર આવવા સંભવિત જ નથી. બેશક, પ્રફુલ્લ સાઇકલ ઉપર જ ગયો છે.

વૈકુંઠબાબુએ બારણા ઉપર ટાંગેલી જૂની મોટી ઘડિયાળમાં જોયું. સાડા છ. હજુ યે અઢી કલાકની વાર છે. વખતને હાથ વડે ઓછો જ ધક્કો મારી શકાય છે?

દસ વરસથી જમીનદાર વૈકુંઠબાબુ એક મુકદ્દમો લડે છે. સામાન્ય મુકદ્દમો નહિ, પૂરેપૂરો—આ આખી જમીનદારીની માલિકી અંગેનો એ મુકદ્દમો છે. જીતે તો બધું યે એમનું રહેવાનું છે અને હાર્યે મહેલાતમાંથી સીધા જઇને મારગ વચ્ચાળે ઊભા રહેવાનું છે! દસ વરસ સુધી ધીરેધીરે ઉપલી અદાલતોમાં જતાં હવે આ મુકદ્દમો છેક ઉપલી, આખરી અદાલત, વિલાયતની પ્રીવી કાઉન્સિલમાં પહોંચ્યો છે. ત્યાં કેટલોક સમય મુકદ્દમો ચાલ્યા બાદ આજે એનો ફેંસલો મળવાનો છે. વૈકુંઠબાબુના જીવનમાં એક મહાન સંધિક્ષણ આવીને ઊભી રહી છે: પોતે છે એવી ને એવી જ સ્થિતિમાં રહેશે કે રસ્તે રખડતા ભિખારી થશે? આજે એ પાકેપાકું નક્કી થઈ જવાનું છે.

અંદરની પૂજાની ઓરડીમાંથી ગૃહદેવતાના શીતળ ભોગની ઘંટડી રણકી. વૈકુંઠબાબુએ હાથમાંની હોકા-નળી એક બાજુ મૂકી, આંખો મીંચી ઇષ્ટ દેવતાનું સ્મરણ કર્યું. આજે આ શું એમની છેલ્લી પૂજા હશે? કાલે પ્રભાતે શું આ ગૃહદેવતાની પૂજાનો અધિકાર એમનો નહિ રહે? એમને બદલે કો'ક બીજું આવીને આ પૂજા કરશે?

ઊંડા નિસાસાને માંડમાંડ રોકીને એમણે ફરીને ઘડિયાળ સામે જોયું: છ ને પાંત્રીસ. માત્ર પાંચ જ મિનિટ વીતી છે! હવે તો વધુ નથી સહેવાતું. મહિનાઓ ઉપર મહિનાઓ લગી એમણે ચૂપચાપ, શાન્તપણે રાહ જોયા કરી છે, પણ હવે, જ્યારે સમય પૂરેપૂરો પાકી ગયો છે ત્યારે હવે, થોડીશી ધીરજ પણ એ ધારી શકતા નથી. અસહ્ય છે આ આશંકા. આ કરતાં તો જે થવાનું હોય તે તુરત થઇ જાય!

છેલ્લા કેટલાક મહિનાથી જે પ્રલોભનને એમણે માંડમાંડ ટાળ્યું હતું, તે હવે પાછું બલવત્તર થઇને એમનામાં જાગ્યું હતું. 'જોવા તો દે!'...'ના ના, જે નજીકના ભાવિમાં છે અને જે હમણાં જ વર્તમાનમાં પરિણમવાનું છે એને માટે આમ ઉતાવળ શા માટે?' આમ એ પોતાને સમજાવતા હતા. પણ આશંકાની વેદના હવે ધીરેધીરે અસહ્ય થઈ ઊઠતી હતી.

અંગે વીંટ ળેલી ચાદર ખભે ખેંચતાં એમણે સાદ દીધો: 'હરીશ!'

હરીશ એમનો—જમીનદારીનો મૅનેજર છે. લગભગ પચાસેક વરસનો, બાને વાને, ને એકદમ ટૂંકડિયા વાળવાળો સામાન્ય મધ્યમ વર્ગનો એ માનવી છે. છેલ્લા થોડાક દિવસથી ચિંતાને અંગે એની આંખો ઊંડી ગઈ છે ને ત્યાં કાળાશ આવી છે. ગાલનાં હાડકાં દેખાય છે. એ આવીને બારણા પાસે ઊભો રહ્યો, ચિન્તાતુર વદને શેઠ સામે જોતાં એણે પૂછ્યું: 'કેમ, મોટાભાઈ?' એના પોતાથી પણ અજાણપણે એનો સાદ એકદમ બેસી ગયો હતો.

વૈકુંઠબાબુ એની સામે જોઈ સહેજ હસ્યા ને સહજ ભાવે બોલ્યા: 'ચાલ, એક બાજી રમીએ.'

હરીશની ઊંડી ઊતરેલી ચિંતાતુર આંખોમાં ભયની છાયા પડી. એ બોલી ઊઠ્યા : 'ના, ના; રહેવા દો. એની જરૂર નથી. હવે તો માત્ર બે કલાક જ—'

વૈકુંઠબાબુ બોલ્યા : 'એથી જ તો કહું છું કે ચાલ, બાજી રમી જોઇએ. જે થવાનું હશે એ તો થઇ જ ગયું હશે. પછી એ જાણવામાં મોડું શીદ કરવું ? ચાલ જોઇએ.'

હરીશ વધુ કંઈ જ કહી ન શક્યો. શેતરંજ ગોઠવાઇ. બાજી શરૂ થઇ. શેઠ-નોકર હોવા છતાં એ બંનેનો સંબંધ ગાઢ હતો. લાંબા કાળના સહવાસને પરિણામે બંનેને એકબીજાની ખરી ઓળખ હતી ને તેથી તેઓ કદી નિરાશ ન થતા. એથી જ જીવનની શરૂઆતમાં જ શુષ્ક વ્યવહારૂ સંબંધ બંધાએલો તે જીવનની ઉત્તરાવસ્થામાં અવિચ્છેદ્ય બંધનમાં પરિણમ્યો હતો. આજ જો વિધાતાના લેખને અંગે વૈકુંઠબાબુને મારગ વચ્ચાળે ખાલી હાથે ઊભા રહેવાનો વારો આવે, તો હરીશ પણ એને પડખે જ જઇને ઊભશે એ નિ:શંક વાત છે.

બાજી શરૂ થઈ. વૈકુંઠબાબુની આ રમત પાછળ એક અજબ રહસ્ય છુપાયું છે. ત્રિકાળદર્શી જ્યોતિર્વિદો જેમ જરા યે ભૂલ વિના ભવિષ્ય ભાખી શકે છે, એ જ રીતે વૈકુંઠબાબુની આ રમતનું પરિણામ પણ એના શુભાશુભનો અફર નિર્ણય આપતું. આજની વાત નથી લગભગ ત્રીસ વર્ષ પહેલાં રમતરમતમાં જ એણે આ શોધ કરી હતી. ને તે પછી સેંકડો વાર એની પરીક્ષા લેવાઈ ચૂકી છે. રમતનું પરિણામ કદીયે ખોટું પુરવાર થયું નથી. રમતમાં જીત થતાં એ પોતાની સમસ્યામાં શુભ ભાળતા ને હાર થતાં અશુભ ને એમ જ હરેક વેળા થતું.

ધીમે ધીમે કરતાં, આમ, આ શેતરંજની રમત એમના જીવનના 'દિગ્દર્શન-યંત્ર' હોકાયંત્ર જેવી થઈ રહી હતી. નાનીમોટી કોઈ પણ વાત યા ભાવિ વિષે શંકા ઊભી થતાં જ એ હરીશ સાથે શેતરંજ રમવા બેસી જતા. રમતનું પરિણામ કદીયે ફોક ન જતું. એ નિ:શંકરીતે અમોઘ ભાવિ જાણી જતા.

પરંતુ આજની આ જીવન-મરણની સમસ્યાનો નિર્ણય જાણવા એ આ પ્રયોગ અજમાવવા ચાહતા ન હતા. વારંવાર ઈચ્છા થવા છતાં છેલ્લે એ ડરી જતા કે કોણ જાણે કેવો યે ફેંસલો આવ્યો હશે ! જો ખરેખર મુકદ્દમામાં હાર્યો જ હોઉં તો એ વહેલેથી જાણી દુ:સહ્ય માનસિક વેદનાને વધુ લંબાવવાથી શો ફાયદો ?

આજ સુધી આમ કહીકહીને જ એમણે મનને મનાવ્યું હતું; પરંતુ હવે એ રહી ન શકયા,–રમવા બેઠા. રમત વેળા એમની અને હરીશની વચ્ચે અણકહી જ શરત હતી કે હરીશે જાણીજોઇને હારવાનો પ્રયત્ન ન કરવો. બંને અજોડ ખેલાડી હતા. જોતજોતાંમાં બંને રમતમાં મગ્ન બની ગયા. રાત્રે આઠ વાગ્યે બાજી પૂરી થઈ. વૈકુંઠબાબુ હાર્યાં!

હરીશ થોડીક પળ બુદ્ધિભ્રષ્ટની જેમ બેઠો રહ્યો ને પછી આંખ આડું કપડું ધરી ઊભો થઈ ગયો !

વૈકુંઠબાબુનો ચહેરો પાષાણ જેવો બની ગયો હતો. હોકાની નળી ફરી મોંમાં મૂકી એ તકિયાને અઢેલી બેઠા. જવા દો. ભાગ્યવિધાતાએ મારે માટે આ જ સાચવી રાખ્યું હશે. જીવન આખુ ઐશ્વર્ય અને આબરૂ વચ્ચે વીતાવ્યા બાદ વૃદ્ધાવસ્થામાં ખાલી હાથે, ચીંથરે વેશે સ્ત્રી-પુત્રનો હાથ ઝાલી રસ્તે રસ્તે ભટકવાનું હશે! સમગ્ર સંસાર નિ:શ્વાસીનિહાળીને નીરખશે; નિર્મમ શત્રુઓ તાળીઓ પાડી હસશે. પેટનો ખાડો પૂરવાની–જે માટે જીવનમાં કદી વિચાર્યું યે નથી એની જ વાત હવે સદા એકાગ્ર ચિત્તે વિચારવી પડશે. સ્ત્રી પુત્ર-પૌત્રાદિનાં ભૂખ્યાં મોં જોવાં પડશે.

ઓહ ! આ કરતાં શું મોત સારૂં નહિ ?....

હૃદયભેદક ચિંતાના ગહન સાગરમાં વૈકુંઠબાબુ ડૂબી ગયા હતા. વખતનું ભાન એમને રહ્યું ન હતું. ઓચિંતાનાં બારણા પાસે કંઈક અવાજ સાંભળતાં એમણે મોં ઊંચુ કર્યું.

બારણા પાસે ઊભોઊભો હરીશ પ્રબળ ઉત્તેજનામાં હાંફતો હતો. એની આંખો જાણે બહાર ધસી આવતી હતી. એના હાથમાં એક બદામી કવર હતું. ઉતાવળે સાદે એ બોલી ઊઠયો 'વૈકુંઠબાબુ...તાર !'

વૈકુંઠબાબુએ સકરૂણ નેત્રે હરીશ સામે જોયું. પોતાના દુ:ખને ભૂલી એમનું મન હરીશ માટે ચિંતાતુર થઈ ઊઠ્યું. 'બીચારો ! મારી સાથે એ પણ ડૂબ્યો !'

ગળુ ખંખારીને ધીમે સાદે એ બોલ્યા, 'તું જ ફોડીને વાંચ.'

'ના,ના, તમે જ ફોડો, મોટા ભાઈ—'ને હરીશ ખચકાતે પગલે આવી વૈકુંઠની પાસે ઊભો રહ્યો. પ્રફુલ્લ કહે છે કે પોસ્ટ માસ્તર એને મોં મીઠું કરાવવા વિષે કહેતા હતા. કહેતા હતા કે આપણે જીત્યા છીએ—'

વૈકુંઠની આંખો એકવાર ચમકી ઊઠી ફરી શાંત થઈ ગઇ. કવર ફોડતાંફોડતાં એ શુષ્ક સાદે બોલ્યા, 'ગાંડો છે ! પ્રફુલ્લ અવળુ જ સમજ્યો હશે —'

કવર ફોડી તાર બહાર કાઢી વાંચ્યો. એમાં લખ્યું હતું : 'અંતરનાં અભિનંદન ! તમે મુકદ્દમો જીત્યા છો !' વૈકુંઠબાબુની ચારે બાજુની ધરતી એકવાર જાણે ડોલી ઊઠી; એ બેભાન થઇ તકિયા પર ઢળી પડ્યા.

શરણાઈ વાગે છે. ઢોલ-ત્રાંસાં વાગે છે. જમીનદારની મહેલાત આખી યે દીપકમાળથી ઝળહળે છે. ગામલોકોનાં ટોળે ટોળાં આવીને ડેલા સામે ઊભા રહી આનંદસંકીર્તન—સમૂહગાન કરે છે. નાચે છે ને આનંદગીતો લલકારે છે. અંદર સ્ત્રી વર્ગ શિયાળો છે એ ભૂલીને પરસ્પરને અત્તર, ગુલાબ જળ, કેવડા જળ આદિથી તરબોળ કરી રહ્યો છે. રાત પૂરી થવા આવી છે, છતાં હજુયે કોઇને વિરામ નથી.

વૈકુંઠબાબુ ફરી સ્વસ્થ થયા છે. દીવાનખાનામાં તકિયે અઢેલીને હોકાની નળી હાથે ધરીને એ બેઠા છે. એમનો હાથ હજુયે થોડોથોડો કંપે છે. અમાનુષી મહેનત પછી, દુસ્તર નદી પાર કરીને તટ ઉપર પગ મૂકતો તરવૈયો જેમ તટ પર પગ મૂકતાં જ લાંબો થઇને પડે છે, ને પછી ફરી સાર્થકતાની તૃપ્તિએ એનું હૈયું ભરપૂર બની રહે છે, એ જ રીતે વૈકુંઠબાબુનાં શરીર-મન પણ અસીમ તૃપ્તિએ હવે ભરપૂર બની રહ્યાં હતાં. 'ભગવંત' શબ્દ એમને મોંએ સતત હતો : ભગવંત . . . ભગવંત . . . ભગવંત . . .

ચારે બાજુ ઉત્સવ-કોલાહલ ને પ્રિયજનોનાં મોં ઉપર હાસ્ય ફરકી રહ્યું છે, છતાં—એમ છતાં યે, આ પરિપૂર્ણ સફળતામાં યે એમના જીવનનો એક છાનો ખૂણો ઓચિંતાનો ખાલી થઈ ગયો છે. શેતરંજની રમતનું પરિણામ ફોક ગયું છે ! હવે એના પર વિશ્વાસ મૂકી ભાવિ વિષે નિશ્ચિંત રહેવું નહિ ચાલે. સુકાનીનું દિગ્દર્શકયંત્ર એકાએક ખોટકાઇ ગયું છે !

ને એને થયું, જાણે આજના પરમ પરિપૂર્ણ આનંદને દિવસે જીવનભરનું એક આત્મીય સ્વજન એને મૂકીને ચાલ્યું ગયું છે !

—

કૃતઘ્નતાને ગળી ખાવાની શક્તિ, એનું નામ ખરી ઉદારતા

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

શિલ્પ-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી
અનુવાદક સૌ. શ્રી અપર્ણાબ્હેન ત્રિવેદી

૨–શિલ્પમાં રેખા-યોજના

શિલ્પના ગુણદોષની પરીક્ષા તે માત્ર પ્રકૃતિના રૂપં સાથે હૂબહૂ મળતું આવે છે કે નહિ એટલું જોવાથી જ થઈ શકતી નથી. ભાસ્કર્ય-ની રૂપકલ્પના તો તેની રેખાઓની સંગતિ અને એકતાનતા (harmony of line) ઉપર અને તેનાં જુદાંજુદાં માપની ભારસામ્યતા (balance of masses) ઉપર જ ખરો આધાર રાખે છે. કાગળ પર આલેખેલા ચિત્રમાં જોકે રેખાનાં મૂલ્ય ને કથનશક્તિ (expressiveness) ઘણાં હોય છે, પરંતુ શિલ્પમાં તો રેખાનું મૂલ્ય એથી પણ વધારે ગણાય છે; કારણકે શિલ્પમાં તો તેના જાતજાતના છંદમાં ચારે દિશાએથી પ્રકાશ પડતો હોવાથી મૂર્તિની સ્પષ્ટ રેખાનું તારતમ્ય ઘટી જાય છે. આથી મૂર્તિકારને રેખાનો સમાવેશ અને સમન્વય એટલી કુશળતાથી કરવો પડે છે કે, જુદેજુદે વખતે જુદી જુદી જાતનો જે પ્રકાશ તેના પર પડે તેમાં પણ તેમની રચાએલી મૂર્તિ નવાંનવાં રૂપ અને આકર્ષણ કરતું મોહિની રૂપ લઈને પ્રકાશે. મૂર્તિના જુદાજુદા અવયવોમાં ને પરિસરમાં (massesમાં—પાસે પાસેના આકારોમાં) શિલ્પીને એવો સંબંધ રચવો પડે છે કે જે તેમાંના એકાંશ–અપરાંશનો પૂરક થઈને એકબીજાને બળ આપે, અને બંને યુક્ત થઈને એકતાનતાવાળી સમગ્રતા (unity, totalism) જમાવે. મૂર્તિની આ અવયવ-સમષ્ટિમાંથી કોઈ પણ અંશ બાદ રાખી ન શકાય; કેમકે તેમાં દરેક અંગ બીજા એક અંગનો જરૂરી અંશ જ હોય છે. એટલા જ માટે ભારતીય શિલ્પની યોગરૂઢ ભાષામાં મૂર્તિ (sculpture)નું નામ 'સ–કળ', એટલે કે જુદાજુદા અવયવો અથવા કળાયુક્ત દ્રવ્ય એવું આપ્યું છે. કલા સહિત વર્તમાન તે 'સ–કળ'.

એક દૃષ્ટિએ જોઇએ તો શિલ્પીની પ્રતિમા એ જાતજાતના પરિસર(masses)ના સૂરમાં ગંઠાએલી રૂપરચના છે. ઘનમાન (depth)-ની દૃષ્ટિએ જોતાં, પ્રતિમા એ આકાશ રોકતી, જગ્યા રોકતી, પિંડો (volume)ની એક સમષ્ટિ અથવા સમાવેશ છે: (Sculpture is a 'disposition of volume in space'—*Malliol.*)


ચિત્રકાર જેમ વિવિધ પરિસરના ખંડાંશો (masses-areas)ને એકત્રિત કરી, તેનું એક સુસંબદ્ધ સંયોજન કરી ચિત્રનિર્માણ કરે છે, તેમ શિલ્પીને પણ પોતાના અનુરૂપ રસ્તે મૂર્તિરચના કરવી પડે છે. વળી તેની રચના તો ઘનમાન depth)ને લીધે ક્ષેત્ર અથવા આકાશ (space)ને પણ રોકે છે; એટલેકે ઊંડાણની દૃષ્ટિએ, શિલ્પીને એક નવા માન (dimension)માં પણ પોતાની રચનાને સાર્થક કરવી પડે છે.

આજના મૂર્તિ-શિલ્પમાં રંગ કરવાની પદ્ધતિ સાધારણ રીતે પ્રચલિત નથી. પ્રાચીન કાળમાં ગ્રીસ અને રોમમાં મૂર્તિને રંગ વડે ચિત્રિત કરવાની રીતિ હતી. ભારતવર્ષમાં માટીનાં દેવ-દેવીઓની મૂર્તિઓને હજુ પણ ચિત્રિત કરવામાં આવે છે. પણ પ્રાચીન મંદિરો-નાં ગર્ભ-ગૃહમાંની દેવ-દેવીઓની પ્રતિમાઓ સાધારણરીતે ચિત્રિત કરવામાં આવતી નથી. જે દિવસથી શિલ્પમાંથી આ રંગ કરવાની પ્રથા દૂર કરવામાં આવી છે, તે દિવસથી મૂર્તિના અવયવોમાં સ્પર્શન-યોગ્ય રૂપ (tactile quality) ખીલવવાનો પ્રયત્ન ચાલ્યો છે. કલ્પિત મૂર્તિના દેહમાં લીસું અથવા રુક્ષ એવા જાતજાતના સ્પર્શાનુભવનું સર્જન કરવું પડે છે. પત્થરનો કેટલોક અંશ ઘસીને લીસો કરીને તથા કેટલોક અંશ રુક્ષ અને કઠણ રાખીને જુદાજુદા અંશોમાં વિપરીત રસ (contrast)ની સૃષ્ટિ ઉત્પન્ન કરી, લીસા અંશમાં વધુ મૃદુતાનો અને રુક્ષ અંશમાં વધારે રુક્ષતા તથા કઠણતાનો ભાવ આપવાનાં ચાતુર્યનો પ્રયોગ ઉસ્તાદ શિલ્પીઓ કરે છે; અને વિપરીત તથા વિવાદી રસના આવા ઘાત–પ્રતિઘાતથી મૂર્તિને અભિનવ ભાવથી ઉજ્જિવિત કરવાનો માર્ગ તેઓ શોધી કાઢે છે. ફ્રેન્ચ શિલ્પી રોદાં-(Rodin)એ આવા વિપરીત રસના પ્રયોગમાં અદ્‌ભુત કૌશલ્યનો પરિચય કરાવ્યો છે. (ચિત્ર નં. ૧૩) આમ, શિલ્પમાંથી રંગયોજના-ની પ્રથા કાઢી નાખીને શિલ્પીઓ હવે પ્રતિમારચનાને ફક્ત રેખા અને પ્રકાશ એ બે સાધનમાં જ સીમાબદ્ધ કરે છે. એટલા માટે હવેના શિલ્પમાં રેખા-યોજન અને રેખા-સમાહાર વધુ જરૂરનાં ગણાય છે. એમાં ફક્ત રેખાની જ સૂક્ષ્મતાથી સુગઠનની ગોળાઈ તથા માંસ-પેશીની મૃદુતા કુશળતાથી બતાવાય છે. ભારતના પલ્લવ યુગમાં રચાએલા એકબે ઉચ્ચમાનમાં ખોદાએલા પ્રસ્તરખંડમાં (high-reliefમાં) આનાં ઉન્નત દૃષ્ટાન્તો છે.

એટલે, આ રેખારચના અને સંસ્થાનમાં છન્દપ્રકાશનો વિવિધ સુયોગ અને દાયિત્વ બહુ પ્રમાણમાં છે. એથી કરીને ચિત્રની માફક શિલ્પમાં પણ છન્દ-રચના (rhythm) એ એક જરૂરી ઉપાદાન અને સાધન છે. પ્રતિમા-રચનામાં પણ જો રેખા-સંસ્થાનને બરોબર છન્દ-



ચિત્ર ૧૩: શિલ્પમાં અમુક ભાગ રુક્ષ અને અમુક લીસો કરીને વિપરીત રસનો ભાવ પ્રકટાવતા ફ્રેન્ચ શિલ્પી રોદાંની કૃતિ: 'ફ્રાન્સ'







જમણી બાજુ છેડે–ચિત્ર ૧૪ સાંચીના સ્તૂપનાં શિલ્પોમાંનું એક આલંકારિક સુશોભન, જેમાં કમળફૂલના લાલિત્યને પકડીને યોજેલા વળાંકોમાં છન્દ-ગતિ આણેલી છે. ઉપર–ચિત્ર ૧૫: અમદાવાદની સીદી સૈયદની મસ્જિદ-માંની જાળી, જે, આલંકારિક સુશોભનમાં અદ્‌ભુત છંદલીલા દાખવતી તેની બારીક કોતરણી માટે આખી દુનિયામાં નામચીન છે. વચ્ચે–ચિત્ર ૧૬: બેલૂરના મંદિરમાંની ગંગાદેવીની મૂર્તિ

ગતિમાં—છન્દના તાલમાં સુબદ્ધ ન કરી શકાય, તો રેખા એ ચક્ષુ-પીડાનું જ એક કારણ બની રહે છે. ભારતમાં સાંચીના સ્તૂપનાં જુદા-જુદાં આલંકારિક સુશોભનો (design)માં. આવાં ખોદિત શિલ્પમાં કરેલા છન્દપ્રયોગનાં ઘણાં નિપુણ ને ચિત્તહારી દૃષ્ટાન્તો છે. કમળફૂલના લાલિત્યને પકડી લઇને, તેના ચક્રાકારને જુદીજુદીરીતે વળાંક આપીનેતથાતેના જુદાજુદા બંધ યોજીને, એ વળાંકાની તિર્યંક ગતિમાં તથા છંદના તાલેતાલે કમલના મૃણાલના કોમળ દેહને પ્રસારીને તેમણે બોલતો કરી દીધો છે (ચિત્ર નં. ૧૪). મંદિરોની જુદીજુદી આલંકારિક પરિકલ્પનાની રચના (design)માં, શિલ્પના આવા વિવિધ પ્રયોગો જોવામાં આવે છે ને એ, તેમાંનાં રેખા-સંસ્થાનમાં રમી રહેલી છંદની લીલાગતિનાં ઘણાં ચિત્તહારી નિદર્શનો છે. અમદાવાદની સીદી સૈયદ-ની મસ્જિદની જગવિખ્યાત પત્થરની કોતરણીની જાળીઓ રેખા-વિન્યાસની આવી અદ્‌ભુત છંદલીલાનાં ઉદાહરણ છે. (ચિત્રનં.૧૫)

ભારતનાં પ્રાચીન દેવ-દેવીઓના કાલ્પનિક મૂર્તિઓની રેખા–કલ્પનામાં પણ છંદ-ગતિનાં ઘણાં રમણીય દૃષ્ટાન્તો છે. દક્ષિણ દેશના બેલૂરના મંદિરમાં ગંગાદેવીના મૂર્તિને વેષ્ટન કરી એક પ્રભાવાળા તોરણની સુંદર કલ્પના આપી છે (ચિત્ર નં. ૧૬). એક કમળના મૃણાલની શાખા દેવીની પાદપીઠના મકરની સૂંઢમાંથી નીકળીને, વળાંક લઇ દેવીના મૃણાલ બાહુમાં થઇને, વળી એક નમણો વળાંક લેતી ઊંચે ચડી, માથા ઉપર એક સુંદર વર્તુલાકાર તોરણ (arch) રચી રહે છે; અને ત્યાંથી જમણા હાથની રેખા સાથે પોતાનો પ્રવાહ મેળવી દઇને, ફરી જરા વળાંક લેતી જળધોધની સુમિષ્ટ ધારાની માફક, પદ્મકોરકનું રૂપ લઇ, સ્વચ્છન્દ ગતિથી છન્દના તાલમાં નીચે ઊતરે છે શિલ્પમાં દર્શાવેલી છન્દલીલાનું આ એક શ્રેષ્ઠ દૃષ્ટાન્ત છે.


છન્દ-ગતિ ઉપરાંત બીજા એક વિશેષ રસના નિરૂપણનો પણ સુયોગ શિલ્પમાં થાય છે: એનું નામ સ્થિર રસ અથવા શાન્તિ રસ (repose). જાતજાતની રેખાનાં ગતિચાંચલ્યમાંથી તથા વિવિધ માપ (mass)ના સમૂહો (volume)ની ભારસામ્યતા (balance) માંથી, શિલ્પી એક મધુર રસનો ઉઠાવ લાવવાનો પ્રયત્ન કરે છે. આ રસ તે સ્થિર ભાવનો શાન્તિરસ (repose). નિપુણ શિલ્પી આ સ્થિરતા, અથવા ગતિહીનતાની આ સ્તબ્ધતા, જાતજાતની ક્રિયા-પ્રતિક્રિયાની વિવિધ પ્રકારની ચંચળતાનો સમન્વય કરીને–તેમની વિપરીત ગતિને કેન્દ્રગત (equilibrium) કરીને એક મધુર એકતાનમાં પર્યવસિત કરે છે. ગતિહીનતાના આ સુસ્થિર રસ(repose)નાં ઘણાં ઉદાહરણો પ્રાચીન ગ્રીસદેશના શિલ્પમાં(ચિત્ર ૧૭)ને તેના અનુકરણથી થએલા ઇટાલીનાં પ્રતિમાશિલ્પોમાં(પાછલા પૂઠામાં પ્લેટ પર) છે. ભારતની ઘણી દેવી-પ્રતિમાઓમાં અને ગૉથિક યુગની ખ્રિસ્તી પ્રતિમૂર્તિઓમાં પણ એનાં ઘણાં સુંદર નિદર્શનો મળે છે. ભારતની 'ધ્યાની બુદ્ધ'ની પ્રતિમાઓમાં, અથવા જગવિખ્યાત 'પ્રજ્ઞાપારમિતા'ની અલૌકિક મૂર્તિકલ્પનામાં ઉતારેલું શાન્તિરસનું પ્રતીક તો દુનિયાના બીજા કોઇ પણ દેશના શિલ્પમાં વિરલ ગણાય છે. (ચિત્ર નં. ૧૯) ચીન દેશની એની પ્રતિમૂર્તિએ પણ ભારતીય સાત્ત્વિક રસના પ્રશાન્ત ભાવની રૂપકલ્પનાની આ ધારાનું જ અનુસરણ કર્યું છે. પ્રજ્ઞાપારમિતાની આ સ્થિર ભાવની, શાન્તિરસની મૂર્તિને કવિઓએ 'વાયુહીન સ્થાનમાં રહેલી કંપહીન દીપશિખા'ની સાથે સરખાવી છે (निर्वात निष्कम्प इव प्रदीपम्).

પત્થર અથવા લાકડાની વસ્તુમાં આ ગતિહીનતા અથવા સ્થિર રસની મૂર્તિ રચની જેટલી સહેલી છે તેટલો, ચલમાન ગતિનો ભાવ (movement) તેમાં ઉતારવો સહેલો નથી. છતાં ચતુર મૂર્તિકારો દરેક યુગમાં, નિશ્ચલ પત્થરમાંથી પણ જાતજાતની કલ્પિત મૂર્તિમાં ગતિ અને ચંચળતાનાં અનેકવિધ છન્દમય પ્રતીક રચી ગયા છે.

અગાઉ ચિત્ર નં. ૧૧માં પાર્થેનનના ઉદ્દામ ગતિના અશ્વચિત્રમાં તેનો ઉલ્લેખ છે. પત્થર કે લાકડા જેવા નિશ્ચલ ઉપાદાનમાં ગતિની ચંચળતા ઉતારવી ઘણી અઘરી છે. માટે, શિલ્પીને ગતિની વિવિધ ભંગી સર્જવા સારૂ જાતજાતની મૂર્તિમાંથી તેમાંના એવા એક વિશેષ ગતિરૂપની ચૂંટણી કરવી પડે છે કે જે દ્વારા ગતિનું યથાર્થ રૂપ આપણને હૂબહૂ ઊતરેલું લાગે. ગતિના આરંભથી તે અંત સુધી એ ચલમાન મૂર્તિ ભિન્ન ભિન્ન ભંગીના રૂપમાંથી પોતાનું પ્રકટીકરણ કરી ઊઠે છે. એ વિભિન્ન ભંગીમાંથી એવી એક ચલન્ત મૂર્તિને શોધી કાઢવી પડે છે, જેમાં આ ગતિવેગનું બીજ તીવ્ર રૂપે ઢંકાએલું હોય છે. દાખલા તરીકે પાણીનું મોજું જ્યારે એની સમતલ રેખાની ગોદ છોડી, વાંકી રેખામાં ઉપર ચઢે છે, ત્યારે તે તેના ઊંચામાં ઊંચા શિખર (crest) ઉપર પહોંચી ત્યાં એક મુહૂર્તને માટે સ્થિર થઇ ઊભું રહે છે. પરંતુ આ સ્થિરતાના ભાવમાં પણ તેની ચલન્ત શક્તિનું બીજ અથવા શક્તિ હોય જ છે; કારણકે ત્યારે પણ તેની ગતિશક્તિ નિઃશેષ થઈ જતી નથી પરંતુ તે વખતે પણ નીચે ઊતરી આવવાનો વેગ એમાં રહેલો હોય છે. ઉપર ચડવાથી ગતિની એક ક્રિયા સંપન્ન થઇ, જ્યારે નીચે ઊતરવાનો બીજો અધ્યાય હજુ બાકી છે. ચીન અને જપાનના કલાકારોનાં ચિત્રોમાં આવી ગતિલીલાનું રહસ્ય બહુ સ્પષ્ટ ભાષામાં વ્યક્ત થયું છે. તેના દૃષ્ટાન્ત રૂપ જપાની કલાકાર હોકુસાઇનું પ્રખ્યાત ચિત્ર 'જલ-મોજ' અગાઉ આવી ગયું છે (ચિત્રવિજ્ઞાન વિભાગમાં ન. ૭૨).

ગ્રીક શિલ્પી માઇરાન સર્જિત વિખ્યાત 'ચક્રનિક્ષેપ'ની મૂર્તિ (discobolus—disc-thrower)માં આ ગતિશીલ વેગધારણનું સાર્થ મુહૂર્ત (dynamic movement) અતિ નિપુણ કુશળતાથી પ્રકાશિત થયું છે. (જમણી બાજુ નીચે ચિત્ર નં. ૧૮).

યુરોપની બીજી એક અતિ પ્રસિદ્ધ મૂર્તિમાં પણ ગતિ (movement)ની ચંચળતા નિશ્ચલ પાષાણના રૂપમાં પ્રગટ થઇ છે. એ છે ગ્રીક શિલ્પના અંતિમ કાળની અતિ પ્રસિદ્ધ કલ્પનાકૃતિ 'લા–કોઓન' (પાછલા પૂઠામાં). એમાં ગ્રીક દંતકથાના લા-કોઓન નામે એક ધર્મગુરુએ એક અજગર સામે ખેડેલા ભીષણ યુદ્ધનું આલેખન છે. આ મૂર્તિ-ત્રયમાં ઉદ્દામ ચંચળતાનું વાસ્તવિક ચિત્ર ખીલી ઊઠયું છે. લા-કોઓન અને તેના બે પુત્રોને અજગરો ભરડો લઇ તેમના જીવનનો અંત આણે છે તે સામેની એમની અંત-કાળની મથામણ તેમાં ઉતારેલી છે. પણ આ મૂર્તિ-ચિત્રમાં એ ત્રણ મૂર્તિઓની જુદી-જુદી ગતિ અને ભંગીમાલાની વચ્ચે કોઇ પણ જાતનું ઐક્ય સ્થાપવાનો પ્રયત્ન થયો નથી. એમાં એવું કોઇ પણ એક ખાસ કેન્દ્ર નથી, કે જ્યાં, અહીંતહીં ફરતી આપણી આંખને જરા સુસ્થિર થઇને ઊભી રહેવાની તક મળે. એમાં જાણે આપણી આંખ એ મૂર્તિના અંગ પ્રત્યંગોના વળાંકમાં વિક્ષિપ્ત થઈને એના ગતિચક્રની સાથેસાથે ફરવા માંડે છે! ગતિ અને સ્થિતિ એ બંને સાપેક્ષ (relative) વસ્તુઓ છે. આપણે સ્થિર થઇને બેઠા વગર બીજી વસ્તુની ગતિની-ચંચળતાનો અનુભવ કરી શકતા નથી. ટ્રેઇન-માં બેઠા હોઇએ છીએ ત્યારે બારીમાંથી બહારની કોઈ સ્થિર વસ્તુની સાથે સરખા-મણી કર્યા વગર આપણે ચાલતી ગાડીની ગતિ અનુભવી શકતા નથી, કારણ કે ગાડીની ગતિ તેમાંના બેસનારાને પણ સાથોસાથ ગતિ આપે છે. એટલે સ્થિતિનો ભાવ જો આંખની સામે ન હોય તો આપણે બરોબર ગતિનો ભાવ પણ અનુભવી શકતા નથી.



ચિત્ર : ૨૧

જે પ્રમાણે ઉચ્ચોચ્ચ ટોચે પહોંચેલા સમુદ્રના મોજામાં એક પલ મુહૂર્તને માટે સ્થિરતાનો ભાવ હોય છે, તે પ્રમાણે ગતિની તીવ્રાવસ્થામાં પણ ક્ષણભરને માટે સ્થિતિનો અવકાશ હોય છે. ગતિ-વેગની આ સ્થિર પલમાં ખરૂં જોતાં નિશ્ચલતા નથી, પણ બે શકિતના વિરોધની વચમાં રહેલી એક સામયિક ગતિહીનતા છે

ગતિમાં પણ સ્થિતિનું આવું શ્રેષ્ઠ નિદર્શન, ભારતીય પ્રતિમાકારની અપૂર્વ કલ્પના 'નટરાજ'-ની પ્રતિમાની રસમય મૂર્તિમાં ચિત્રિત થયું છે. (અનુસંધાન સામેના પાના પર ચિત્રોની નીચે)





જમણે : સ્થૈર્ય ને ગતિનાં બે ગ્રીક શિલ્પ - ઉપર: ચિત્ર ૧૭-દેવી ડેમેટર; નીચે: નં. ૧૮ ડિસ્કોબોલસ

શિલ્પમાં 'સ્થૈર્ય' અને 'ગતિશીલતા' એ બે સ્થિતિ સ્પષ્ટપણે દર્શાવતી
બે સર્વોત્કૃષ્ટ ભારતીય પ્રતિમાઓ: ડાબી બાજુ:
'પ્રજ્ઞાપારમિતા'; જમણી બાજુ: 'નટરાજ'





નટરાજ શિવની એ મૂર્તિ નૃત્યગતિના વાવાઝોડામાં આત્માવિર્ભૂત થઈ, 'કાલ-પુરુષ'ને નૃત્યના છંદમાં ચૂર્ણવિચૂર્ણ કરીને પગ નીચે દબાવી, એક બ્રહ્મસૂત્ર (axis)ના અવલમ્બન વડે ભમરડાની નિદ્રિત ગતિની માફક ચક્રાકારે (gyrating) ફરે છે. એ મૂર્તિને અચાનક જોવાથી તો ભ્રમણા જ થાય કે જાણે મૂર્તિ સ્થિર થઈને ઊભી છે. પણ તેના હાથપગ ઈતસ્તતઃ ફેરવતું ચંચળ ચિત્ર જોવાથી સમજાય છે કે નૃત્યની ગતિના વેગમાં તેનું એકેએક અંગપ્રત્યંગ કેન્દ્ર (axis)માંથી વિક્ષિપ્ત થઈ જાય છે. આ વિક્ષેપના સંકેતમાં ગતિના ચિત્રની સૂચના થઈ છે. નાનપણમાં 'ચાડિયો' નામનું કાગળના પૂઠાનું હાથપગ ફેરવતું જે પૂતળું આપણે રમતા તે પણ આવા જ ગતિ-છંદના વિજ્ઞાનનો એક નમૂનો છે. (જુઓ પાછલે પાને ચિત્ર ૨૧.)

ડાન્યૂબ

દક્ષિણ જર્મનીના રુદ્ર મનોહર પ્રદેશ બ્લૅક ફૉરેસ્ટ—કાળા કાન્તાર—માંથી નીકળી છેક યુરોપના પશ્ચિમ કાંઠાને પખાળતા ગૂઢ-રમ્ય કાળા સમુદ્રને મળતી મધ્ય યુરોપની આ લાંબામાં લાંબી મહાનદી, જે, એ વિશાળ ભૂમિખંડ પર પથરાએલા સાત દેશોને પરિપ્લાવિત કરતી તથા એ વિવિધરંગી પ્રજાઓની સંસ્કૃતિ તથા ઇતિહાસની તડકીછાંયડીઓની સાક્ષી બનીને તેમને પોષતી ને પ્રેરણા આપતી વહે છે, તેનો આત્મકથારૂપ રંગદર્શી પરિચય.

ડાન્યૂબ ! એનો પ્રવાહ, એનો મરોડ, એનું હાસ્ય અને એનું રુદન જાણ્યા પહેલાં એક વાત સાંભળો: વીએનામાં સ્ટ્રાઉસ નામનો એક સંગીતકાર થઈ ગયો. એણે એક ગીત રચ્યું. એ ગીતનું નામ 'બ્લ્યૂ ડાન્યૂબ' એ ગીત જો સાંભળવા મળે (એની રેકર્ડ આવે છે) તો યુરોપની આ મહા સરિતાનું માનસિક ચિત્ર જરૂર અનુભવશો.

બ્લ્યૂ ડાન્યૂબ ! એ... જાય: ધીરી, શાંત, ગંભીર, સપ્રમાણ દેહની કોઈ લલના ! તે યુવતી નથી; પ્રૌઢત્વના ઉંબરે ઊભેલી પ્રસન્નગંભીર માનિની છે. રસિકોની રસવૃત્તિને ઉત્તેજતી, સ્વસ્થ, શાંત, મૃદુ ગતિથી એ વહે છે, અને નર્મ વિનોદવાણીના ઉચ્ચારણ સમો એનો જલ-તરંગ અપૂર્વ આકર્ષણ કરી રહે છે.

ડાન્યૂબને, માનો કે, વાણી ફૂટે તો ડાન્યૂબ આમ બોલે:

મારા હૃદયનો આનંદ કે હૃદયનો વિષાદ પારખવાની શક્તિ તમને સ્ટ્રાઉસ આપશે. પરંતુ તમે એનું 'બ્લ્યૂ ડાન્યૂબ' બહુ ના સાંભળશો. નહિ તો મારા પ્રેમમાં પડી જશો, ડૂબી જશો, અને સારી જિંદગી મને શોધવામાં ખરચી નાખશો. વળી એક બીજી વાત કહું. હું નદી નથી, સ્થૂલ સ્ત્રી પણ નથી, પરંતુ એક ભાવના છું, ઉન્નત કલ્પના છું. મારા પ્રેમમાં પડેલો તેમાં ડૂબે છે ત્યાં સુધી જંપતો નથી.

યુગયુગ પહેલાંની વાત છે. મારાં માબાપ જર્મન હતાં અને જર્મનીમાં બ્લૅક ફૉરેસ્ટમાં મારો જન્મ થયો હતો. મારે બીજી ત્રણ નાની બેનો હતી. પણ એક વાર પહાડ ઉપરથી હું દોડતી હતી અને ત્રણે બહેનો દોડતીદોડતી મારી પાછળ પડી. એવામાં એ ત્રણે લપસી પડી અને હું ખીણમાં હતી ત્યાં આવીને કકડભૂસ ફેંકાઇ. મેં જોયું કે તેમના પ્રાણ નીકળી ગયા હતા ! આખો દિવસ મેં ત્યાં બેસીને રડ્યા કર્યું, અને જંગલના દેવથી જ્યારે એ છાતીફાટ રુદન સહન ન થયું ત્યારે એ મારી પાસે આવ્યા ને પૂછ્યું: 'છોકરી, કેમ રડે છે?' મેં જવાબ ન આપ્યો, પણ રડ્યે રાખ્યું. દેવે જોયું કે મારી ત્રણ બેનોનાં શબ ત્યાં પડ્યાં હતાં. એમણે કહ્યું: 'રડીશ નહિ, છોકરી. તારી બેનોને હું જીવતી કરું છું. પણ મૂર્ખી ! આજે નહિ તો કાલે પણ સૌને મોત તો આવશે જ ને'!

મેં કહ્યું: 'હે દેવ ! અમે ચારે બેનો અમર થઇએ, સાથે ખેલીએ, રમીએ, હસીએ, રડીએ, એવું કરો.'

'ગાંડી રે ગાંડી ! મનુષ્યદેહમાં તે અમરતા હોય ! કહે તો તને ડુંગર બનાવું, કે નદી કરું.'

મેં કહ્યું, ડુંગર નહિ, નદી કરો. અમે દોડીશું, હસીશું, રમીશું; દોડાવશું. હસાવશું, રમાડશું દેવ ! અમને નદીઓ જ કરો.'

'વારુ. પણ ચાર નદીઓને માટે અહીં પૂરતી જગ્યા નથી. માટે તને મુખ્ય નદી કરી, તેમાં તારી ત્રણે બેનોને સમાવું છું. પણ હવે તમે મનુષ્યદેહે દેખાશો નહિ.'

'પણ દેવ હું પરણીશ કોને ? મારાં સુખદુ:ખ કોને કહીશ?'

'તું અખંડ કુંવારી રહીશ. જોકે અનેકો તારા પ્રેમમાં પડશે.'


'પણ મારું શું ?'

'તું સૈકે બે સૈકે તારું હૃદય કોઇને આપ્યા કરીશ. તારું માનવ શરીર તારા એવા એકાદ પ્રેમીજનને દેખાશે અને તું અને એ એકરસ થશો. અને એ રસસમાધિમાંથી કલા ઉત્પન્ન થશે. એવો તારો એક પ્રેમી એક સંગીતકાર હશે. એનું નામ સ્ટ્રાઉસ હશે. એ તને નદી રૂપે નહિ જુએ, પરંતુ રસઘેલી, પ્રેમાર્દ્ર પ્રેયસી તરીકે તારું દર્શન કરશે. તમારી ચાર આંખો એક થશે, બે હૃદય એક થશે, અને ઉભયનો એક આત્મા સમાધિસ્થ થશે. એ ભાવસમાધિમાંથી શુદ્ધ રતિ ઝરશે અને એ એકતાનતાથી, એકરસથી, અદ્વૈતથી, સંગીતનો ધ્વનિ ઉદ્ભવશે, 'બ્લ્યૂ ડાન્યૂબ' નામનું અમર ગીત રચાશે. એ સમાધિ યુગયુગ સુધી ચાલુ રહેશે, અને તમારા ઉભયની એકરસતાથી, તદ્રૂપતાથી, અમર સંયોગથી, રસજ્ઞોની રસવૃત્તિ ઉત્તેજાશે. તું ને સ્ટ્રાઉસ કદી વિખૂટાં નહિ પડો. આમીન !'

આટલું કહીને દેવ અદૃશ્ય થયા અને મેં નદી રૂપે વિચરવા માંડ્યું. મારું સ્થૂલ શરીર બ્લૅક ફૉરેસ્ટ—કાન્તારથી તે કાળા સમુદ્ર સુધીનો અઢારસો માઇલનો વિસ્તાર રોકી રહ્યું અને તે વિસ્તારમાં મેં અનેક દેશોની દોસ્તી સાધી, અનેક શહેરોને પાણી પાયાં, અનેક ખેડૂતોનાં ખેતરોને કાંપથી ફળદ્રુપ કર્યાં, અનેક નાનીનાની સરિતાઓને મારામાં શમાવી, અનેક દેશનાં અનેક વહાણોને મારા વક્ષ:સ્થલે વહાવ્યાં. ચિતારાઓની કલમને, કવિઓની કલ્પનાને, વેપારીઓના વેપારને મેં પાળ્યાં, પોષ્યાં, વિકસાવ્યાં.

તમે પૂછો છો, આ બધું શા કાજે ? પૂછશો નહિ. માતા બાળકને પયનું પાન કેમ કરાવે છે ? પૂછશો નહિ. ગુરુ શિષ્યને જ્ઞાન કેમ આપે છે ? પૂછશો નહિ. સૂર્ય કેમ તપે છે, વાદળાં કેમ વરસે છે ને નદી કેમ વહે છે તે, મહેરબાની કરીને, પૂછશો નહિ. પૂછશો તો ડાન્યૂબ પાસે એક જ જવાબ છે: સૌસૌનો સ્વભાવ. કોઈનું કરી છૂટવું એ વત્તાઓછા પ્રમાણમાં નદીઓનો સ્વભાવ. એમનો પ્રેમ તે એમનાં પાણી,—અખૂટ, અપાર, અમાપ, અમોઘ. અમે ઇતિહાસ સર્જીએ, રાજસત્તાઓને આકર્ષીએ, આર્થિક અને સામાજિક રચનાઓ ઘડીએ, પણ બધું પડદાની પાછળ. અમારો હાથ કોઈ પિછાને નહિ. નાઇલે મેમ્ફિસ અને થીબીસ જેવાં શહેરો આપ્યાં, ટાઇબરે રોમ જેવું રોમ સર્જ્યું, ગંગાએ કાશી સમું અમર ધામ આપ્યું અને મેં વીએના, બુડાપેસ્ટ વગેરેનાં વિધાન કર્યાં, તેમને વિકસાવ્યાં, આબાદ્યાં; છતાં, આ બધું છતાં,—ઇતિહાસકારો તો એમની અજ્ઞાનનિદ્રામાં રાજવંશો, રાજસભાઓ અને અલ્પજીવી માનવીઓની ઇચ્છા-અનિચ્છા, રાગ-દ્વેષ, શક્તિ અશક્તિ, બુદ્ધિ વગેરેના જ રાસડા ગાય છે !


જર્મનીની ભૂમિ પર વિચરતીવિચરતી હું ઑસ્ટ્રિયામાં આવી. ત્યાં વીએનામાં થંભી. અને તે વીએના કેવું ! કલાકારોનું, સંગીતકારોનું, પ્રેમીજનોનું વીએના ! પ્રેમથી ભેટવા ઉભેલું જાણે વહાલું બાળક ! રંગીલું, રસીલું ઉન્મત્ત વીએના મારે કિનારે ઉભરાય છે.



મધ્ય યુરોપના સાત દેશો—જર્મની, ઑસ્ટ્રિયા, ચેકોસ્લોવાકિયા, હંગારી, યુગોસ્લાવિયા, રૂમાનિયા અને બલ્ગેરિયાને પરિપ્લાવિત કરતી મધ્ય યુરોપની આંતરદેશીય મહાનદી ડાન્યૂબના ખીણપ્રદેશનો આ નકશો તેની મહત્તાનો ખ્યાલ આપી રહેશે. તેમાં તે તે દેશોની નિપજો અને ઉદ્યોગો તથા વિવિધરંગી પ્રજાઓના માનવીઓનાં આલેખનો આપી તેને વધુ ચિત્રાત્મક બનાવ્યો છે. દેશોની નિપજો તથા

ચંદ્રમાના શાંત પ્રકાશમાં મારે કાંઠે અનેક યુગલો એકમેકમાં તન્મય થાય છે. અને મછવાઓમાં, હોડીઓમાં, વહાણોમાં સારી માનવતા મહાલે છે. આ વીએનામાં—આ માનવતા, સરસતા ને ઉન્મત્તતાની પ્રભા સમા આ વીએનામાં જ મને મારો પ્રેમી લાધેલો. વીએનાનાં કાફેમાં અને ઘરોમાં, એનાં પરાંઓમાં ને એની બહારનાં તરુણ અરણ્યોમાં એ સ્ટ્રાઉસે સંગીત ભર્યું અને એક વહેલી સવારે એણે મારે કિનારે ઊભી એકાએક મને જોઇ લીધી!

મેં મારા પ્રિયતમને જોયો ત્યાં મારૂં અંતર હેલે ચડ્યું. અમે



ઉદ્યોગોનાં પ્રતીકોની માર્ગદર્શની ઉપલે જમણે ખૂણે આપી છે. ખડતલ અને તીવ્રબુદ્ધિ જર્મનો, શાણા અને હુન્નરી ચેકો, વીર અને રંગીલા ઑસ્ટ્રેલિયનો, હંગારીના ટેકીલા અને અણનમ મગ્યારો, જાનપદી સંસ્કૃતિથી રંગભર રૂમાનિયનો અને સ્લાવો–એવી જે નાનાવિધ પ્રજાઓની એ અન્નપૂર્ણા અને પ્રેરણાગયી લોકમાતા છે તેનાં વિવિધરૂપી પોષાકવાળાં માનવીઓનાં આલેખનો તે તે પ્રદેશોમાં આલેખ્યાં છે.

એકબીજાનો પ્રેમ પારખ્યો, એકતા પારખી, અને હું એના હૈયાની સોડમાં લપાઇ. મારી હૂંફથી એનું હૈયું ગુંજી ઊઠ્યું. 'બ્લ્યૂ ડાન્યૂબ'-ના અમર સંગીતનો જન્મ થયો.

પણ વીએના અને સ્ટ્રાઉસની વાત હું આજી નહિ કરૂં. એ તો મારી અત્યંત અંગત ને અત્યંત પવિત્ર અને તેથી ગુપ્ત હકીકત છે.

તમે થાકી ગયા છો? થાકયા જ હશો. હું બોલું તેમતેમ તમે મારે કાંઠેકાંઠે ચાલ્યા જ આવો. ચાલો, પેલી નાનકડી સ્ટીમરમાં બેસી જાઓ અને હું વહેલીવહેલી મારી વાત કહેતી જઇશ.

જોયું? કેટલો ઝડપી પ્રવાહ છે! ઑસ્ટ્રિયા તો આ ગયું ને હવે આવશે હંગારી. આ આવ્યો 'કાર્પેથીઅન ગેઇટ'. અહીં મારી રક્ષા ઉત્તરે કાર્પેથિયન ને દક્ષિણે આલ્પ્સ એ બે પર્વતરાજો કરી રહ્યા છે એવું ભલે કોઇકનું માનવું હોય. ખરી વાત કહું? એક પ્રિયતમા ને બે પ્રેમીજનોની એ તો વાત છે. મેં બંનેને કહ્યું કે હું તમારી એકેની નથી. બંને બીચારા જ્યાં હતા ત્યાં સ્તબ્ધ ઊભા રહ્યા! પણ એ ય મારી અંગત વાત. જુઓ આ 'પ્રેસબર્ગ' આવ્યું. ચારે તરફની સૃષ્ટિમાં વિલાસ માણો. અને દૂર-સુદૂર આંખને છેતરતું જોયું પેલું વીએના! આ સ્થળેથી જ શરૂ થશે હંગારીની કથા—એની એ રોમાંચક કથા! એના પ્રત્યેક ડુંગરે ને પ્રત્યેક કિલ્લે પ્રેમશૌર્ય વેરાયાં પડ્યાં છે. એની ટેકરીએ ટેકરી પ્રતિદિન આપવીતીના પડઘા પાડે છે. પ્રેસબર્ગના કિલ્લામાં બહાદુર રાણી મેરીઆ ટેરેસ્સાને જોઈ? સૈકો થઇ ગયો છતાં હજી જોઇ શકશો. હાથમાં નાનકડો રાજકુમાર હુલકયો છે અને હંગારીના પ્રત્યેક અમીરને તે ભવ્ય રાણી સંબોધી રહી છે.

વ્ય ક્તિ ગ ત   પ્ર ગ તિ   ક ર વા   મા ટે

સ્વ-નિયમનનાં સૂત્રો

સૂર્યોદય પહેલાં બિછાનાનો ત્યાગ કરવો. શરીરની અંદરની અને બહારની શુદ્ધિ કરી વ્યાધિઓથી બચવા પ્રયત્ન કરવો.

કામથી કે કસરતથી યોગ્ય વ્યાયામ મેળવવો.

થોડી મિનિટ મનને સ્વસ્થ કરવા ધ્યાન કે સદ્ગ્રંથનું વાચન કરવું

દિવસનાં કામોની યાદી કરવી અને તે પ્રમાણે ક્રમ ગોઠવવો.

પોતાના અભ્યાસનાં કે ધંધાનાં સાહિત્યો સંભાળી સાફસુફ કરી ગોઠવવાં.

વિચારો અને મુલાકાતોની નોંધ કરવી. કામકાજમાં વ્યવસ્થા અને શાંતિ જાળવવી.

ખાનપાનને ઋતુ અનુસાર પૂર્ણ નિયમિત રાખવું. જરૂર પ્રમાણે આરામ લેતા જ રહેવું.

પોતાના અને કુટુંબના શ્રેય માટે કોઇપણ પ્રામાણિક મહેનત કરતાં શરમ ન રાખવી.

મિત્રો, મહેમાનો તથા ગ્રાહકો સાથે સ્પષ્ટતાથી અને વિવેકથી વર્તવું. પોતાની ભૂલ કબૂલ કરવામાં જક્ક ન રાખવી અને સુધારવા તત્પર રહેવું.

જરૂરી વાતોનો સ્મૃતિ ઉપર બોજો ન રાખતાં લખી જ લેવી. આપલેના હિસાબમાં ચોક્કસ રહેવું.

પોતાના ઉત્કર્ષને માટેના ગ્રંથો તેમજ પોતાના ધંધાના ગ્રંથોનો સંગ્રહ કરવો.

પત્રવ્યવહારમાં ચોક્કસ અને નિયમિત રહેવું.

વ્યસનો અને દુર્ગુણોથી સાવધાન રહી બચવું.

વખતોવખત મનની સ્વસ્થતા માટે એકાંતમાં જવું.

રવિશંકર રાવળ

અને આંખના પલકારામાં અમીરોની તલવારો મ્યાનમાંથી બહાર પડે છે. એક મહાઘોષ ઊઠે છે: 'અમારા રાજકુમાર ને અમારો મુલ્ક અમારી સમશેરોથી ને અમારાં લોહીથી રક્ષીશું'. સાંભળ્યો એ ભીષણ ઉદ્ઘોષ?

પણ એ તો મર્ત્યોના ઇતિહાસની વાતો. એ બધું યે કાળનો કોળિયો થઈ ગયું, અને નેપોલિયનનાં ભયંકર લશ્કરો તથા ખૂનરેજી ને વિજયો એ તમામ ફનાફાતિયા થઈ ગયાં. હું એ બનાવો તરફ નથી હસી કે નથી રડી. વળી હું કાંઇ ઓછી જ એક રાષ્ટ્રની, એક પ્રજાની કે એક સમયની છું? હું તો છું જર્મનીની, ઑસ્ટ્રિયાની, હંગારીની, રૂમાનીઆની—સૌ દેશની, સૌ પ્રજાની, સૌ કાળની છું.

ઓહો! આ તો નમતો પહોર થઈ ગયો! ને જ્યો, દૂરદૂર બુડાપેસ્ટ એ...રાહ જોતું બેઠું. અસંખ્ય દીવાઓ ત્યાં ચમકી રહ્યા છે! જાણે આખું બુડાપેસ્ટ મને શોધવા કિનારે ઊભુ ન હોય! જગત આખુ કેટલું બદલાઇ ગયું છે! એક જ દિવસમાં આમ વિવિધતાનું ભાન કરાવનાર કઈ શક્તિ હશે? લ્યો આ આવ્યું બુડાપેસ્ટ. પણ આ તો હું જ બોલ્યા કરૂં છું. તમને શું લાગે છે એ કાંઈક તમે તો કહો!'

'વાહ ડાન્યૂબ! હું તો એમ વિચારૂં છું કે તારે લીધે આ સૌંદર્ય કે આ સૌંદર્યને લીધે તું! તારે કેટલાંને કેટલી વાતો કરવાની હશે! આટલી નૌકાઓ, આટલાં હોડકાં, આટઆટલા કાફલામાં વળી અસંખ્ય મર્ત્યો! એ દરેકને તું કેટકેટલી વાતો કરતી હશે! તું દરેકને શું જુદુંજુદું કહેતી હશે?'

'ના, દરેક જુદું સાંભળે છે. હું જુદુંજુદું કહેતી નથી.'

'અને આ બુડાપેસ્ટ ને પેલા એના રાજમહેલો,—સુંદર અને શોભીતા. આ ભૂમિ અને એના સર્જન તથા રક્ષણ ખાતર કેટકેટલું માનવ લોહી રેડાયું હશે! ઑસ્ટ્રિયાના સામ્રાજ્યમાં, ઑસ્ટ્રિયાની એડી નીચે કચડાયા છતાં હંગારીનો આત્મા હંગારીનો જ રહ્યો. તુર્કીનાં દમન, દોર ને જુલમને પણ હંગારીના આત્માએ ન ગણકાર્યાં અને જ્યારે એ વિદેશી એડીઓ એણે ખસેડી ત્યારે જ એ આત્મા જંપ્યો. ડાન્યૂબ! તું શું એ વખતે તટસ્થ હતી?

'હા, હું તટસ્થ હતી. મારે તો બે બાળકોની ધમાચકડી જોવી જ પડે ને! એશિયામાંથી હૂણોનાં ધાડાં ચડી આવેલાં અને સારા યુરોપને પગ તળે કરી ગએલાં. પણ મેં તો તેમને યે પાણી પાએલાં. મારે સૌ સરખા. ચાલો હવે ઊપડીએ. હજુ તો આખું હંગારી આગળ પડ્યું છે. હવે આખી સપાટ ફળદ્રુપ ધરતી જોયે રાખજો. એ ધરતી તે હંગારીનું હૃદય છે. જુઓ આ શરૂ થઈ એ ધરતી. નાખી નજર પહોંચે ત્યાં સુધી જુઓ તો. શું દેખાય છે?

'ધરતી ને આકાશ એક થઈ જાય ત્યાં સુધી સપાટ ફળદ્રુપ મેદાન. અને કેટલાં વિધવિધ દૃશ્યો! કેવાં માનવીઓ! કેવા વિધવિધ પોષાક! જાણે રંગની તો પિચકારીઓ ફૂટતી હોય એવો સમગ્ર દેખાવ છે.'

'હા. અને છતાં હું ધરાતી નથી. અહીં તો હું ધીમી, ધીમી, અતિ ધીમી વહું છું. આ કિસાનો મને પિછાને છે, પૂજે છે. એમની ધરતીને હું ફળદ્રુપ કરૂં છું ને ભરપુર પાકથી ભરૂં છું. અને આ આવ્યો 'મોહાક'નો મોહક પ્રદેશ. આ મોહાક શબ્દ હંગારીના ઇતિહાસનો કરુણ શબ્દ છે. આ જગ્યાએ તુર્કસ્તાને હંગારીને જમીન પર રોળી દીધું હતું અને અસંખ્ય હંગારીઅન અમીરો ને આમ સૈનિકોનાં શબ ઉપરથી તુર્કી વિજેતાઓના અશ્વોની ક્રૂર એડીઓ બુડાપેસ્ટ પહોંચી હતી ને ત્યાં ઈસ્લામનો વાવટો ચડ્યાં હતો. પણ દોઢ દોઢ સદીની તુર્કી હકુમતને પણ છેવટે હંગારીએ ખંખેરી નાખી.

'અહીંથી બેલ્ગ્રેડ કેટલું દૂર?'

'હવે થોડી વારમાં. પણ દરમ્યાન આ એક નદી મને મળે છે તે નિહાળો. તેનું નામ 'સેવ'. તે આલ્પ્સપુત્રી છે. લ્યો આ આવ્યું બેલ્ગ્રેડ. જોયો પેલા ડુંગર પરનો કિલ્લો? અને પેલો મોટો ખડક? આ જગ્યાને મારા 'હૃદયનું દ્વાર' કહે છે. લ્યો આવી લાગ્યું બેલ્ગ્રેડઃ યુગોસ્લાવિઆની રાજધાની. કેમ? ઊતરવાની તૈયારી કરી કે શું?'

'હા, તમે તો થાકતાં જ નથી, થાકતાં જ નથી. ને હજી તો કાળો સમુદ્ર ઘણે દૂર છે.'

'મારે થાકયે કેમ પાલવે? ભલે, તમે તમારે જાઓ.'

'મને જવું તો નથી ગમતું. તમે કેટલાં માયાળુ અને ઉદાર છો! લગાર કહેશો કે હવે તમે ક્યાં ક્યાં વિચરશો?'

'હવે હું વધારે ધીમેધીમે વહેતી જઇને પૃથ્વીને મારી વિશાળતામાં ચીટંતી વિચરીશ. મારો પટ વિસ્તરશે અને અનેક સરિતાઓ મને ભેટશે. મનોહર ખીણોમાં એમનું ગાન થશે અને તરુઓ તેમાં લીન થશે ને પંખીઓ તે ઉપાડશે. માર્ગમાં અનેક ખડકો, અનેક પ્રેમીઓની માફક મારી રાહ જોતા ઊભા હશે. ધોળે દિવસે મેઘધનુષ્ય રક્ષા કરશે અને રાત્રીના નીરવ એકાંતમાં હું અને સ્ટ્રાઉસ આત્માની એકતાનતા અનુભવતાં વિહરીશું . . . .

'ચાલો ત્યારે, આવજો . . .'

યશોધર નર્મદાશંકર મહેતા



સંસારનાં શહેરો

૫૮–ગોવા

હિંદમાંના નાનકડા પોર્ટુગીઝ સંસ્થાનની રાજસત્તાએ લોકોના પ્રાથમિક હક્કો પણ દાબી દેવાનો જે પ્રયત્ન, ડૉ. રામમનોહર લોહીઆની ત્યાંની મુલાકાત વખતે કરેલો અને તેનો તેમણે સામનો કરેલો ત્યારથી ત્યાંનું પાટનગર ગોવા લોકજીભે ગવાતું થયું છે.

ઇતિહાસના પટ પર જુદા જુદા સમયે ત્રણ શહેરોએ 'ગોવા' નામ ધારણ કર્યું છે અને એ નામોનો ઇતિહાસ દક્ષિણ હિંદના ઇતિહાસનાં ત્રણ પ્રકરણોનું નાનુંશું પ્રતિબિંબ બની રહે છે. પુરાણોમાં ગો, ગોપુરી અને ગોમન્ત તરીકે જે શહેરોનો ઉલ્લેખ છે, અને જેને મધ્યયુગની અરબી ભૂગોળમાં સિંદબર અથવા સિંદપુર તરીકે ઓળખાવ્યું છે તે ગોવા શહેર તો છેક અંતરાળમાં વસેલું હતું, પરન્તુ અત્યારે તો તેનું નામોનિશાન પણ નથી રહ્યું. ઈસવી સનના છેક બીજા સૈકાથી માંડીને ઈ. ૧૩૧૨ સુધી તેના ઉપર કદમ્બ વંશની આણ વર્તતી હતી. ઈ. ૧૩૭૦ સુધી તે ઇસ્લામી આક્રમકોના હાથમાં પડયું હતું, પણ ફરી પાછું તે વિજયનગરની હિંદુ આણ નીચે લઈ લેવાએલું. આજે તે નામશેષ બની ગયું છે.

બીજું શહેર જે જૂના ગોવા તરીકે આજે ખંડિયેર હાલતમાં હજી યે કંઇક નામોનિશાન ધરાવે છે તેને, વાસ્કો ડા ગામાએ હિંદને કિનારે પગ મૂકયો ત્યાર પહેલાં માત્ર ૧૯ વર્ષ અગાઉ જ ૧૪૭૯માં, બિજાપુરના મુસ્લિમ બાદશાહે વસાવેલું. ઈ. ૧૫૧૦માં પોર્ટુગીઝ આક્રમક આલ્બુકર્કે તેને કબજે કર્યું ને ત્યારથી તે પૂર્વના ફિરંગી સામ્રાજ્યનું મુખ્ય મથક બની રહ્યું હતું. ફિરંગીઓના કબજામાં આવ્યા પછી એ શહેર ઉત્તરોત્તર એટલો વિકાસ પામતું ગએલું કે સોળમા સૈકામાં તો તે પૂર્વ અને પશ્ચિમના સમગ્ર વેપારનું મુખ્ય કેન્દ્ર હતું અને તે ફિરંગી સામ્રાજ્યના પાટનગર લિસ્બનના જેટલા જ દરજ્જાના હક્કો ભોગવતું, એટલું જ નહિ તેની સ્પર્ધા પણ કરતું. પણ સત્તરમા સૈકામાં થએલી ફિરંગીઓની પડતી સાથે આ જાહોજલાલ શહેરની યે પડતી થતી ગઈ અને આજે તો તે માત્ર કૅથૉલિક ધર્મ-સામ્રાજ્યના એક પુરાણા કેન્દ્રના સ્મૃતિસ્થાન તરીકે ઓળખાઇ રહ્યું છે. તેની મૂળ ૨૦૦,૦૦૦ (બે લાખ)ની વસતિને બદલેઈ ૧૯૦૦માં તો ગરીબીના અવતાર સમી માત્ર ૨,૦૦૦ માણસોની વચ્ચે ઊભેલી ઉન્નત અને વિશાળ ધાર્મિક ઇમારતોના ખંડિયેર જેવું જ તે શેષ રહ્યું હતું. આજે તો એ વસતિ પણ ત્યાં નથી રહી અને કેવળ એ નિર્જન ખંડિયેરોનો રાશિ બની ગયું છે. જે ટકી રહ્યાં છે તેમાં સંત કૅથેરાઈન, સંત ફ્રાન્સિસ અને બૉમ જીસસનાં દેવળ જોવાજેવાં છે. બૉમ જીસસના દેવળમાં સોના રૂપા અને ઝવેરાતથી મઢેલી એક કલામય મંજૂષામાં સંત ઝેવિયરના અવશેષો રાખવામાં આવ્યા છે. સંત ઝેવીઅરની કબર તો, જીનોવા અને ઈટાલીના કારીગરોએ આરસમાં કરેલા રૂપાના જડતરકામની બેનમૂન કલાનો નમૂનો ગણાય છે. એ મકરબાના વિશાળ અને ઊંચા ખંડમાં ચોતરફ સોનાના જડતરકામવાળાં સીસમ ને ચંદનનાં કબાટો આવેલાં છે જેમાં આવેલાં પાંચસો ખાનાં, ત્યાં તેટલી જ સંખ્યાના પાદરીઓને એકસાથે સમાવી શકવાની તેની વિશાળતા દર્શાવે છે અને તેની જાહોજલાલ સ્થિતિનો ખ્યાલ આપે છે. એ ઉપરાંત તેની બાજુએ આવેલું એક વખતનું જેસ્યુઈટ પાદરીઓનું સમગ્ર હિંદનું મુખ્ય કેન્દ્ર ગણાતું કૉન્વેન્ટ તથા સંત કૅથેરાઇનના દેવળની ગૅલેરીમાં કલાના ઉત્કૃષ્ટ નમૂના જેવાં ચિત્રોનો સંગ્રહ પણ આજે તદ્દન બિસ્માર હાલતમાં છે.

ત્રીજું ગોવા તે આજનું પંજિમ ઊર્ફે નવા ગોવા–Nov-Goa બિજાપુરના શાહ આદિલશાહે ગોવાના રક્ષણ માટે દરિયા કિનારે આ શહેરનો કિલ્લો મૂળ બંધાવેલો, અને એ પોતાના રાજધાનીના મથકને જૂના ગોવાથી ત્યાં ફેરવવાનો હતો તે અરસામાં જ આલ્ફોન્સો આલ્બુકર્કે ૧૫૧૦ ની પહેલી માર્ચે તેનો કબજો લીધો, અને ત્યારથી તે અત્યાર સુધી તે ફિરંગીઓના હાથમાં જ રહ્યું છે.

માંડવી નદીના કિનારે દરિયાથી ત્રણ માઈલ અંદર આ શહેર વસેલું છે તેનું ક્ષેત્રફળ આઠ ચોરસ માઇલનું છે જૂનું ગોવા નાશ પામતું જતું હતું ત્યારે, ૧૭૫૦માં ફિરંગીઓએ પોતાનું મથક આ સ્થળે ફેરવ્યું હતું. સ્વચ્છ અને સુઘડ હારોવાળાં તેનાં મકાનો, રસ્તા, અને ઠેકઠેકાણે બાગબગીચામાં ઉભરાઇ જતી લીલોતરીથી પ્રથમ નજરે જોનારની આંખમાં તેની જે છાપ વસી જાય છે તે એકદમ ભૂંસી શકાતી નથી. શહેરોની જંજાળમાંથી આસાયેશ લેવા ઈચ્છનારાઓને અહીં શહેરની બધી સગવડો સાથે સાથે એકાન્ત અને મધુરૂં શાંત વાતાવરણ મળે છે. વળી બ્રિટિશ હિંદ કરતાં અહીં જકાત ઓછી હોવાથી મુસાફરો ઘણે થોડે ખર્ચે સારી પેઠે રહી શકે છે. શહેરની બહાર થોડે દૂર જૂનું ગોવા, મ.ર્માગોવા, અને પૉન્ડા જેવા જેવાં સ્થળો છે. પોન્ડામાં આવેલું શાન્તિદુર્ગાનું એક પ્રાચીન મંદિર નોંધપાત્ર છે.

ગોવાની મુખ્ય નિકાસ નાળિયેર, ફળો, તેજાના અને સોપારી છે આ પ્રદેશની મુખ્ય પેદાશ ચોખા છે. ખનીજમાં લોખંડ અને મૅંગેનિઝ મળી આવે છે, પરંતુ તેમાંથી જૂજ-જાજ જ બહાર કાઢવામાં આવે છે વસતિમાં મુખ્યત્વે ક્રિશ્ચિયનો અને હિંદુઓ છે. ભાષા કોંકણી છે. ગોવાનો એકમાત્ર રેલવેમાર્ગ પૂનાથી સધર્ન મરાઠા રેલવેથી સંચાલિત ડબલ્યુ. આઈ. પી. રેલવે દ્વારા માર્માગોઆ જવાનો છે. ગોવા જવા માટે હોડીઓનો આશ્રય લેવો પડે છે.

સંસ્કારિતા!

અનંત કાણેકરનો નર્મનિબંધ



'તમે સુંદર છો!' એવા શબ્દ વડે એકાદ સ્ત્રીનાં કોઈ પુરુષ જો વખાણ કરે, તો તેને આનંદ થાય છે; પણ જો કોઈ તેની સામે નજર ફેરવીને એ જ ભાવ માત્ર આંખોથી દર્શાવે તો તેને ચીડ ચડે છે! આ વાતનો મને રહીરહીને અચંબો થાય છે. કોઈ પુરુષ એકાદ સ્ત્રી તરફ જ્યારે ધ્યાન આપીને જુએ છે ત્યારે, એનામાં કંઈક જોવા જેવું છે, એ સુંદર છે, એ જ વાત એ એક રીતે કબૂલ કરે છે. પણ સ્ત્રીઓને આ વાત પસંદ આવતી નથી. જૂની સનાતની સ્ત્રીઓની વાત તો જવા દો, પણ તદ્દન આધુનિક, સમાજમાં ફરતી, ખેલાડુ વૃત્તિની જુવાન સ્ત્રીઓ પણ 'ફલાણો મારી સામે જુએ છે, ઢીંકણો મને જોઇ રહે છે' એવી ફરિયાદ કરતી સંભળાય છે.

મારી ઓળખીતી એક છોકરી હમેશાં આવી ફરિયાદ કરતી. એક દિવસ મેં એની ખરેખરની ખબર લીધી.

'મારી ક્લાસનો પેલો છોકરો રોજ મારી સામે જોયા કરે છે.' એ બોલી.

'અહોભાગ્ય તારાં!' મેં કહ્યું, 'એનો આભાર માન! અમારી સામે કોઇ જોતું નથી, તેથી અમે નિરાશ થઇએ છીએ; અને તારી સામે લોકો જુએ છે એની તું ફરિયાદ કરે છે. મનુષ્ય સ્વભાવ પણ કેવો હોય છે!'

'એમ મશ્કરી શું કરો છો?' એ બોલી, 'એ છોકરો બિલકુલ સારો નથી.'

'જ્યાં સુધી એ તારી સામે ફક્ત જોયા જ કરે છે ત્યાં સુધી એનામાં કંઈ ખરાબ હોય એવું મને બિલકુલ લાગતું નથી. તારામાં કંઈક જોવા જેવું છે,— તું જુવાન છે, સુંદર છે, ત્યાં સુધી લોકો તારી સામે કંઇકે ય જુએ છે. પાંચદસ વર્ષ પછી તો તું પૈસા આપીને જોવાનું કહીશ તોપણ કોઈ નહિ જુએ! મૂગીમૂગી જા ઘેર, અને જો બહુ હેરાન થતી હો, તો કાલથી બુરખો લઇને ફરજે!'

મને ખાતરી છે કે એને તો, લોકો પોતાની સામે જુએ છે એ વાતનો આનંદ થતો હતો; પણ માત્ર બહારથી એ ગમતું નથી એનો ડોળ એ કરતી હતી. આનું કારણ દેખીતું જ છે. પુરુષના આપણી સામે જોવાથી આપણને આનંદ તો થાય છે; પણ જો આપણે લોકોને એ બતાવીશું, તો લોકો આપણને ખરાબ ગણશે; એટલે પહેલેથી જ બીજાને ખરાબ કહી નાખો! યુદ્ધશાસ્ત્રમાં એક નિયમ છે કે 'આક્રમણ એ જ સૌથી સારું સંરક્ષણ છે!' (Offensive is the best defensive). એ જ નિયમ સ્ત્રીઓ પાળતી હોવી જોઇએ!

મારું આ તત્ત્વજ્ઞાન મારી એક સ્ત્રીમિત્રને હું જોરજોરથી સંભળાવતો હતો. એના જવાબમાં એણે મને જ બરોબર સંભળાવી! એના કહેવામાં ઘણો સાર હતો. અને મને પણ એનું કહેવું બરાબર લાગ્યું.

'પુરુષજાતિના એક મોટા પક્ષકાર તરીકે હું તમારાં અભિનંદન કરું છું,' એ બોલી; 'જરા સરખું કોઈ જુએ એટલે 'હાય હાય!' કહી મોં ફેરવતી કેટલીક સ્ત્રીઓ તમે કહો છો તેવી હશે. અને કોઈ સારો માણસ અમારી સામે જુએ તો અમને આનંદ થાય છે એ વાત પણ હું માન્ય રાખું છું. પણ કોઇ માણસ તમારી સામે એકી ટશે જોતો જ રહે—પછી એમાં એનો હેતુ ભલે ગમે તે હો,—તો પણ એથી તમને મનમાં કંઈકનું કંઈક લાગે છે કે નહિ?'

'હા, એ તો લાગે છે.' મેં કહ્યું.

'થયું ત્યારે,' એ બોલી, 'કઠણ દિલના તમારા જેવા પુરુષોને જો આમ કંઈનું કંઇ લાગે, તો અમ સ્ત્રીઓને કંઇકંઇ લાગી જાય, એમાં તમને નવાઈ કેમ લાગે છે? કોઇ બીજાને 'કંઈનું કંઇ' લાગવા દેવું, એ શું સારી વાત છે?'

મારે કબૂલ કર્યા વગર છૂટકો જ નહોતો. કારણ કે ફક્ત પુરુષોએ સ્ત્રીઓને જ શું, પણ કોઇએ કોઇને જ કોઇ વખતે ય એમ 'કંઈનું કંઇ' લાગવા જેવું ન કરવું જોઇએ, એમ તો હું માનું છું. માણસની સંસ્કારિતાની મારી તો વ્યાખ્યા જ એ છે. આપણા બોલવાથી, ચાલવાથી કે રહેવાથી કોઇને કદી પણ 'કંઈ કંઇ' લાગવા ન દેવું એનું જ નામ સંસ્કારિતા! અને આ સંસ્કારિતા માત્ર ચોપડીઓ વાંચવાથી, ઉપાધિઓ મેળવવાથી કે દુનિયાભરનો પ્રવાસ કરવાથી નથી આવતી. એ તો આપણા મનનું જ એવું ઘડતર થવું જોઇએ. એટલે જ, અમારા ગણુકાકા વિશેષ ભણેલા નથી, બહાર કંઈ બહુ ફરેલા નથી, છતાં એમને હું મારા કરતાં ઘણા વધારે સુસંસ્કૃત માનું છું. એક જ દાખલો આપું.

ગણુકાકાને મેં એક સુંદર ફૂલદાની આપી હતી. એક વખત હું, કાકા અને બીજા એક ગૃહસ્થ કાકાને ત્યાં વાતો કરતા બેઠા હતા. પેલા ગૃહસ્થ હાથ નચાવીનચાવીને કંઈક કહેતા હતા, એવામાં ભૂલથી એમનો હાથ પેલી ફૂલદાનીને લાગ્યો અને તે નીચે પડીને તેના ટુકડેટુકડા થઈ ગયા. એક ક્ષણ ભર મને એ ફૂલદાની આમ ફોડવા બદ્દલ પેલા માણસ પર ગુસ્સો થઈ આવ્યો. હું જોકે કંઈ બોલ્યો નહિ, પણ મારી ખાતરી છે કે મારા ચહેરા પર નાપસંદગીની રેખાઓ તો દેખાઈ જ ગઇ હશે. મહામહેનતે, જાણે કંઈ જ થયું નથી એવું મેં બતાવ્યું તો ખરું; પણ જો પેલા માણસનું મારી તરફ ધ્યાન ગયું હોત, તો તેને એ જોઈ 'કંઈનું કંઈક' લાગ્યું તો હોત જ. ભલે એણે જોયું નહિ, એ વાત જુદી.

પણ એ જ વખતે કાકા કેટલી સહજતાથી વર્ત્યા! પેલા માણસના મોંમાંથી પોતાની ભૂલ માટે કંઈક દિલગીરીના શબ્દ બહાર પડે, તે પહેલાં જ કાકા એકદમ બોલી ઊઠ્યા: 'ફિકર નહિ, ફિકર નહિ, ભાઇ; એનો વસવસો તમે ના કરશો. પડોશના પેલા બાબુએ ગઈ કાલે જ એના ટુકડા તો કરી નાખ્યા હતા. પણ એ ફેંકી દેવાને બદલે મેં એ ગોઠવીને મૂકયા હતા. તમે તો ફક્ત નિમિત્ત બન્યા એટલું જ. ખરું જોતાં તો મારે જ એ ટુકડા ફેંકી દેવા જોઇતા હતા!'

પેલા ગૃહસ્થના માથેથી જાણે એકદમ ભાર હળવો થયા જેવું લાગ્યું.

એના ગયા પછી મેં કાકાને કહ્યું, 'પેલા ફૂટેલા ટુકડા શા માટે ગોઠવી રાખ્યા હતા, કાકા?'

'અરે ટુકડા શાના? આખી જ હતી એ તો!'

'એટલે?'

'એને હાથે જ એ તો ફૂટી. પણ એને બીચારાને એનું માઠું લગાડાય? એક વખત ફૂટેલી ફૂલદાની કંઇ પાછી ઓછી જ સંધાવાની હતી?'

હું તો છક થઈ ગયો. કાકા વિષે મને માન ઉપજ્યું. જોકે એમની સંસ્કારિતા વિષે મને શું લાગે છે, એ મેં એમને મોઢે કદી જ કહ્યું નથી, અને કહેવાનો પણ નથી; કારણ કે કોણ જાણે કદાચ મારા જ શબ્દોનો આધાર લઈ કાકા મારે માથે ચઢી બેસે, અથવા મને વારેઘડીએ સતાવે!

માલતી જોષી

સોદો એનું નામ, જેમાં બંને પક્ષ ધારે છે કે પોતે સામાને છેતર્યો છે!

નર્તન અને વાદ્ય

શાસ્ત્રમાં નૃત્યને લગતા ત્રણ ભેદ પાડવામાં આવ્યા છેઃ નાટ્ય, નૃત્ત અને નૃત્ય. તેનાં લક્ષણો આ પ્રમાણે આપવામાં આવ્યાં છેઃ (૧) કથા-અભિનય અથવા તો ચાર પ્રકારના અભિનયથી યુક્ત તે નાટ્ય (નાટક); (૨) તાલાનુસાર કલાત્મક અંગવિક્ષેપ કે હલનચલન તે નૃત્ત; ને (૩) નાટ્ય તથા નૃત્તનું સંમિશ્રણ તે નૃત્ય.

નૃત્ત માત્ર શોભા અને આનંદ પૂરતું જ હોય છે અને તે કશો પણ અર્થ દર્શાવતું નથી. જ્યારે નૃત્યમાં નાટ્ય અને નૃત્ત બંનેના અંશો રહેલા હોવાથી તેની પાછળ કંઈક કથા રહેલી હોય છે, અથવા તો તે અર્થયુક્ત હોય છે. સામાન્યરીતે આજે તો નૃત્ય શબ્દ નૃત્ત (Dance)ના અર્થમાં પ્રચલિત જોવામાં આવે છે. પરંતુ નૃત્ય શબ્દના ખરો શાસ્ત્રીય અર્થ તો ઉપર કહ્યું તેમ નૃત્ય-નાટક (Dance-drama) એવો થાય છે.

નર્તન વળી લાસ્ય અને તાંડવ એવી બે પદ્ધતિમાં વહેંચાએલું છે. મૃદુ કે કોમળ પ્રકારના નર્તનને શાસ્ત્રની ભાષામાં લાસ્ય કહે છે; અને ઉદ્ધત કે ઉગ્ર પ્રકારના નર્તનને તાંડવ કહે છે. લાસ્ય, શૃંગારરસ-પ્રધાન હોય છે અને તાંડવ વીરરસ-પ્રધાન હોય છે.

સામાન્યરીતે માનવામાં આવે છે તેમ 'તાંડવ' એ અમુક ચોક્કસ નૃત્યનું નામ નથી, પણ નૃત્યનો એક સર્વસામાન્ય પ્રકાર છે.

લાસ્ય પાર્વતીથી અને તાંડવ તંડુ નામના મુનિથી ઉત્પન્ન થયું હોવાનું મનાય છે. કોઈ એક સાયંકાળના સમયે મહેશ્વર શિવ મૃદંગ, ઢોલ, ઝાંઝ, ભેરી, ડિંડિમ, ગોમુખ, પણવ, દુર્દર વગેરે વાદ્યો સહિત, વિવિધ પ્રકારના અંગહારોથી લય અને તાલને અનુસરીને નૃત્ય કરી રહ્યા હતા. તે નૃત્યમાં રેચક અને પીંડીબંધ જોઈને નંદી અને ભદ્રમુખ વગેરે ગણોએ તેનાં નામ અને લક્ષણો બાંધ્યાં. શંકરે આ રેચક અને પીંડીબંધ સર્જીને તંડુ મુનિને આપ્યાં. તંડુ મુનિએ તેને ગીતની સાથે યોજીને સુંદર નૃત્યપ્રયોગ ઉત્પન્ન કર્યો. આ નૃત્યપ્રકાર તંડુથી ઉત્પન્ન થયો તેથી તે તાંડવ કહેવાયો.

તાંડવમાં થતા અંગહારોની સંખ્યા બત્રીસની છે. આ બત્રીસ અંગહારો કરણોથી ઉત્પન્ન થાય છે. હાથપગની ગતિના સંયોગને કરણ કહે છે. તેની કુલ સંખ્યા એક સો ને આઠની છે. આ બધા અંગહારો અને કરણો તો હાલ નષ્ટપ્રાય છે. નાટ્યશાસ્ત્રમાં તેનાં નામો અને લક્ષણો આપવામાં આવેલાં છે.

લાસ્યનાં દસ અંગ છે અને તેનું વિવરણ પણ નાટ્યશાસ્ત્રમાં કરેલું છે. આ અંગો વિષે ભરત નાટ્યશાસ્ત્ર અને સંગીતરત્નાકર વગેરે શાસ્ત્રો વચ્ચે થોડી ભિન્નતા જોવામાં આવે છે.

કેટલાંક નાટ્યશાસ્ત્રોમાં નૃત્તના ભેદો પણ આપવામાં આવેલા છે. જેમકેઃ (૧) હલ્લીસક—અનેક સ્ત્રીઓના નર્તનમાં એક જ નેતા હોય તેવું (જેમ ગોપ-સ્ત્રીગણમાં શ્રી કૃષ્ણ); (૨) રાસઃ હલ્લીસકનું વિસ્તૃત સ્વરૂપ તે રાસ. આપણા ગુજરાતના રાસ અને ગરબા તે આ જ એમ કેટલાકનું માનવું છે. દંતકથા એવી છે કે પાર્વતીએ પોતાનું લાસ્ય નૃત્ય બાણાસુરની પુત્રી ઉષા (ઓખા) ને શીખવ્યું; ઉષાએ તે શ્રી કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધને શીખવ્યું; અનિરુદ્ધે તે ગોપ સ્ત્રીઓને શીખવ્યું; ને આ રીતે તેનો સૌરાષ્ટ્ર (ગુજરાત) માં પ્રચાર થયો

કેટલાંક શાસ્ત્રોમાં નૃત્યના પણ અમુક પ્રકાર જણાવવામાં આવેલા છે, પણ તેનાં નામો નાટ્યના જ પ્રકારોને મળતાં હોવાથી તે બાબત કશો નિર્ણય થઈ શકયો નથી.

વાદ્ય

સંગીતશાસ્ત્રોમાં વાદ્યના ચાર પ્રકાર પાડવામાં આવેલા છે. તેને તત, અવનદ્ધ, ઘન અને સુષિર એવાં નામો આપવામાં આવેલાં છે.

વીણા વગેરે તારવાળાં વાદ્યોને તત કહે છે; ચામડાંથી મઢેલાં મોંવાળાં ઢોલ મૃદંગ વગેરે વાદ્યોને અવનદ્ધ કહે છે; કાંસા વગેરે ધાતુનાં બનેલાં ઝાંઝ આદિ વાદ્યોને ઘન કહે છે; અને વાંસળી વગેરે પોલાણવાળાં તથા હવાના દબાણથી વાગતાં વાદ્યોને સુષિર કહે છે.

વીણા વગેરે તત વાદ્યોના બે પ્રકાર છેઃ શ્રુતિ-વીણા અને સ્વર-વીણા. આમાં સ્વર-વીણાના બીજા પણ ભેદો છે જેમકે એકતંત્રી, ચિત્રા, મત્ત કોકિલા, આલાપિની, કિન્નરી, પિનાકી વગેરે

પ્રાચીન સંગીતશાસ્ત્રોમાં આ ચારે પ્રકારનાં વાદ્યોનાં નામો તથા તે બનાવવાની રીત વગેરે વિસ્તારપૂર્વક આપવામાં આવેલાં છે.

યોગેન્દ્ર પ્રિયદર્શી

કસોટી

બુદ્ધિને કસતા થોડા પ્રશ્નો. ઉકેલી ન શકો તો જવાબો આ નીચે અવળા છાપ્યા છે.

(૧) જીવનમાં વારંવાર નજરે પડતી એવી કેટલી યે વસ્તુઓ હશે કે જે ડાબી હોય છે કે જમણી, તેનો જવાબ જલદીથી તમે કદાચ નહિ આપી શકો. તમારી અવલોકનશક્તિ સારી હશે તો નીચેના પ્રશ્નો વાંચતાં વેંત તમે તેના જવાબ આપી શકશોઃ (ક) આપણા ચાલુ સિક્કાઓ પર બાદશાહનું મોં કઈ બાજુએ છે? (ખ) ગુજરાતી સ્ત્રીઓ ચૂની કયા નાકમાં પહેરે છે? (ગ) હૅટમાં બો કઈ બાજુ હોય છે? (ઘ) લગ્ન વખતે કન્યાને વરની કઈ બાજુએ બેસાડવામાં આવે છે? (ઙ) પગે ચાલનારાએ રસ્તાની કઈ બાજુ ચાલવું જોઈએ? (ચ) બ્રાહ્મણો જનોઈ કયા ખભા પર પહેરે છે? (છ) રેલવે એન્જિનમાં ડ્રાઇવર કઇ બાજુએ બેસે છે? (જ) ઘોડે કઇ બાજુથી ચડાય? (ઝ) પુરુષો પોતાના વાળનો સેંથો મોટે ભાગે કઈ બાજુ પાડે છે?

(૨) ઇરાનના રાજા જેમ 'શાહ' કહેવાય છે તેમ નીચેનાં રાજ્યોના રાજાઓ શું કહેવાય છે? (ક) અફઘાનિસ્તાનના; (ખ) વડોદરાના; (ગ) હૈદ્રાબાદના; અને કાઠિયાવાડમાં (ઘ) જૂનાગઢના; (ઙ) ભાવનગરના; (ચ) પોરબંદરના; (છ) વાંકાનેરના; (જ) લખતરના.

(૩) બનાવટી (સિન્થેટિક) રબર નીચેની ત્રણ પૈકી એક ચીજમાંથી બનાવાય છે. તે કઇ? દૂધ પેટ્રોલિયમ, દરિયાઇ વનસ્પતિ

(૪) કહો જોઇએ: (ક) રેશમ એક જાતના કીડા બનાવે છે; પણ એ રેશમ જેવું જ રેયન શામાંથી બને છે? (ખ) બ્રાઝિલની રાજભાષા કઈ? (ગ) વાંચતી-લખતી વેળા ચોપડી કે કાગળ આંખથી કેટલે અંતરે રાખવાં જોઇએ? (ઘ) આજ સુધી એરોપ્લેન વધુમાં વધુ કેટલી ઊંચાઇએ ઊડી શકયું છે? (ચ) હિંદ ચીન કરતાં મોટો કે નાનો?

(૫) આપણા દેશની ચલણી નોટો પર આજસુધીમાં એક જ હિંદીની સહી આવી છે. તે કોની?

કસોટીના ઉત્તરો: (૧) ક-ડાબી; ખ-ડાબા; ગ-ડાબી; ઘ-જમણી; ઙ-જમણી; ચ-ડાબા; છ-જમણી; જ-ડાબી; ઝ-ડાબી. (૨) ક-અમીર; ખ-ગાયકવાડ; ગ-નિઝામ; ઘ-નવાબ; ઙ-મહારાજા; ચ-મહારાણા; છ-રાજસાહેબ; જ-ઠાકોરસાહેબ. (૩) પેટ્રોલિયમ (૪) ક-વનસ્પતિના રેસામાંથી; ખ-પોર્ચુગીઝ; ગ-ચૌદ ઇંચ; ઘ-૫૬૧૦૭ ફીટ -એક ઇટાલિયન વિમાન; ચ-મોટો. (૫) સર ચિંતામણ ડી. દેશમુખ.

કસ્તુરબા ગાંધી (અનુસંધાન પૃ. ૩૭થી)

'૩૦ની જેલ વખતે સાઠ વર્ષની ઉંમરે જેલમાં તેમણે અંગ્રેજી લખતાં-વાંચતાં શીખવાનો પ્રયત્ન શરૂ કર્યો. આવડી મોટી ઉંમરે અંગ્રેજી શીખવા બેસતાં તેમને ન નાનમ લાગી કે ન શરમ લાગી.

બા હમેશાં સવારની ચાર વાગ્યાની પ્રાર્થના વખતે ઊઠવાનો આગ્રહ રાખતાં. પ્રાર્થના પછી બાપુજીને અરધો પોણો કલાક સૂઈ જવાની ટેવ છે. પણ બા ઊઠ્યા પછી સૂઈ જતાં નહિ. તેઓ તો બાપુજી ફરી ઊઠે તે પહેલાં તેમને માટે ગરમ પાણી ને મધ અથવા જે કાંઈ લેવાના હોય તે તૈયાર કરવામાં પરોવાઈ જતાં.

બાપુ સવારે સાતેક વાગે ફરવા જાય ત્યારે બા પોતાના સ્નાનાદિ કામમાંથી પરવારી લેતાં ને પૂજાપાઠમા બેસતાં ઘીનો દીવો અને અગરબત્તીના ધૂપ સાથે કલાકેક ગીતાજી તથા તુલસી રામાયણનો પાઠ કરતાં.ત્યારબાદ બા રસોડામાં પહોંચી જતાં. રસોડામાં શું ચાલે છે તેના પર એકદમ તેમની નજર ફરી વળતી અને કોઇને કાંઈ સૂચના કરવા જેવી હોય તો તે કરતાં. તમામ વસ્તુઓ, કપડાં બધું જ બરાબર ગોઠવેલું ને નક્કી કરેલે સ્થાને મૂકેલું જોઇએ જરાક આડુંઅવળું જુએ તો પોતે કરવા લાગી જાય. બાપુજીનું ખાવાનું તો જાતે જ તૈયાર કરતાં અથવા કોઇ બીજાએ કરવાનું માથે લીધું હોય તો પોતે ત્યાં ઊભાં રહેતાં. બાપુ માટેના ખાખરા એક ગોળ ડબ્બામાં રાખવામાં આવે છે બધા ખાખરા ડબ્બામા બરાબર ગોઠવાયેલા છે કે નહિ, બધા ય સરખા આકારના છે કે નહિ, કોઈ જાડો પાતળો તો નથી, કોઈની કિનાર તો ફાટી નથી, વધારે શેકાવાથી કોઇ ઉપર ડાઘ તો નથી પડ્યો, અથવા કોઈ કાચો તો નથી રહી ગયો, એમાં મીઠું સોડા બરાબર નંખાયાં છે કે નહિ, એ બધું જાતે જોઈ લેતાં. પોતે તો રસોઈમાં બહુ જ કુશળ હતાં, એટલે જ્યારે તે પોતે ખાખરા બનાવતાં ત્યારે તો એ ખાખરા આદર્શ થતા ને બાપુને પણ ખબર પડી જતી કે આજના ખાખરા બાએ બનાવેલા છે.

જમવાનો ઘંટ વાગે અને બધાં રસોડામાં આવી જાય એટલે બાપુજીને અને ખાસ મહેમાનોને પીરસીને બા બાપુજીની પાસે જ જમવા બેસતાં. તે વખતે પણ તેમની એક આંખ તો બાપુ તરફ જ રહેતી. બાપુની પાસે એક માખ આવતી જુએ કે તેમનો ડાબો હાથ પંખા પર પડ્યો જ છે. જમી રહ્યા પછી રસોડામાંથી બાપુની સાથે બા તેમના ઓરડામાં આવતાં અને બાપુ છાપાં વાંચવા માંડે એટલે બા એમના પગનાં તળિયે ઘી માલિશ કરે. બાપુની આંખ મળી જાય એટલે બા ઊઠીને પોતાના ઓરડામાં જઇ જરા આડે પડખે થતાં. પંદર વીસ મિનિટમાં ઊઠી જઈ મોં ધોઈ પોતે છાપાં વાંચતાં.

બા નાનપણમાં તો ન ભણી શક્યાં, પણ પછીથી તો એમને ભણવાનો બહુ રસ લાગ્યો હતો. દરરોજ એકાદ કલાક તો કોઇની ને કોઈની પાસે બેસીને એ કાંઈ ને કાંઈ ભણતાં. રાષ્ટ્રભાષા તરીકે હિન્દુસ્તાનીનો પણ અભ્યાસ કરતાં. ગીતાજીના શ્લોકનો શુદ્ધ પાઠ કરવાનો તથા શ્લોક મોઢે કરવાનો પ્રયત્ન તેમનો સતત ચાલુ રહેતો. આમ, છાપાં અને વર્ગ થઇ રહ્યા બાદ તે કાંતવા બેસતાં ને દરરોજ ચારસોથી પાંચસો તાર નિયમિત કાંતતાં.

આટલાં કામમાં ચાર વાગવા આવતા એટલે પાછાં રસોડામાં જતાં અને બાપુનું ખાવાનું તૈયાર કરતાં અથવા કરાવતાં ને બીજી બાબતો ઉપર નજર નાખી જતાં. બાપુજી પાંચ વાગ્યે જમવા બેસે ત્યાં તેમની પાસે બેસતાં. ઘણાં વર્ષોથી બાએ સાંજનું ખાવાનું છોડી દીધું હતું. એકલી કૉફી પી લેતાં. અને છેલ્લાં ચારેક વર્ષથી તો કૉફી પણ છોડી દીધી હતી. દૂધમાં તુલસી અને મરી નાખી થોડુંક ઉકાળીને એ પીતાં. સાંજે બાપુ ફરવા જાય ત્યારે બા આશ્રમમાં કોઈ બીમાર હોય તો તેની પાસે જઇને બેસતાં, અને પછી બીજી બહેનોની સાથે એ પણ ફરવા નીકળતાં અને આશ્રમથી થોડેક દૂર બાપુ સામા મળે એટલે તેમની સાથે પાછાં આવતાં. ફરીને આવ્યા પછી સાંજની પ્રાર્થના થતી તેમાં બા તો હોય જ. પ્રાર્થના પછી થોડી વાર સુધી બધી બહેનો સાથે વાતચીત કરતાં અને પછી પોતાની તથા બાપુની સૂવાની તૈયારી કરતાં. સૂતાં પહેલાં બાપુને માથે તેલ ઘસવાનું કામ લગભગ છેવટ સુધી નિયમિત રીતે એમણે જ કર્યું છે

આમ, બાની દિનચર્યામાં બાપુની પરિચર્યા એ મુખ્ય અંગ હતું. સભાઓ અને મુલાકાતોમાં બાપુને રાતે ગમે તેટલું મોડું થાય, પણ તેમને માથે તેલ ઘસવાને અને તેમનું થાક્યું પાક્યું શરીર ચાંપવાને બા રાહ જોતાં બેસી જ રહે. સવારે ચાર વાગ્યે તો પાછાં પ્રાર્થનામાં આવે જ, અને બાપુની સેવામાં લાગી જાય તેઓ વધારેપડતી વાતો કરીને બાપુનો સમય તો કદી બગાડતાં નહિ. બાપુની આસપાસનાં બધાં માણસોમાં બાપુને તે ઓછામાં ઓછી તકલિફ આપતાં અને વધારેમાં વધારે સેવા કરતાં.

સેવાગ્રામમાં બાપુની ઝૂંપડી તરફ જતાં પહેલાં બાનું ઝૂંપડું આવે. બા ઓટલા પર બેસીને કાંતતાં હોય કે એવું કાંઈ કામ કરતાં હોય. કોઈ નવું મહેમાન આવે તેને પહેલાં બાનાં દર્શન થાય. બા એને ઓળખતાં હોય કે ન ઓળખતાં હોય, પણ ખૂબ પ્રેમથી એનો સત્કાર કરે. ક્યાંથી આવ્યા? સીધા અહીં જ આવો છો કે વર્ધા રહીને આવ્યા? જમ્યા છો કે નહિ? ગાડીમાં બહુ મુશ્કેલી તો નહોતી પડીને? વગેરે ઝીણામાં ઝીણી બાબતો પૂછે. ન જમ્યા હોય તો જમાડે. આવનાર મહેમાનને બાપુજી સાથે તો જે કામે આવ્યા હોય તેની જ વાતચીત કરવા રહે, બાકીની બધી મુશ્કેલી બા ટાળી દે.

બા હમેશાં એકાદશીને દિવસે ફળાહાર કરતાં હતાં. એક પણ એકાદશીનો ઉપવાસ કરવાનું તેઓ ભૂલ્યાં હોય એવું મને યાદ નથી. એવી રીતે દરેક સોમવારે, સોમવતી અમાસે, કોઇએક પૂનમે, જન્માષ્ટમીએ, શિવરાત્રીએ, વગેરે પવિત્ર દિવસોએ ઉપવાસ કરવાનું ભૂલતાં નહિ. કોઈ વાર સોમવાર એકાદશી અને બીજો કોઈ દિવસ એકસાથે આવી જાય તો એ ત્રણચાર દિવસ લાગટ ઉપવાસ કરતાં. સાજાં હોય કે માંદાં, આમાંથી કોઇ પણ ઉપવાસ છોડવાનો એમને ક્યારે ય વિચાર સુદ્ધાં આવતો નહિ. રાષ્ટ્રીય સપ્તાહ, સ્વાતંત્ર્યદિન અને 'ક્વિટ ઇન્ડિયા' દિનના ઉપવાસ આ ઉપવાસો ઉપરાંત આવતા.

દક્ષિણ આફ્રિકામાં જેલમાં જવા ઉપરાંત ત્યાંની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં બા પડેલાં નહિ; પણ હિન્દુસ્તાનમાં આવ્યા પછી તો બાપુજીએ જેટલી પ્રવૃત્તિઓ ઉપાડી તેમાં બાએ એક કસાએલા સૈનિકને છાજે એવો ફાળો આપ્યો છે. ચંપારણમાં, ખેડા જિલ્લામાં, ૧૯૨૨માં સ્વરાજ્યની પહેલી લડતમાં, દાંડીકૂચ ને ધરાસણામાં, '૩૦ની લડતમાં, '૩૨ની ને '૩૩ની સાલમાં, રાજકોટમાં સત્યાગ્રહ ઊપડ્યો ત્યારે, એમ એકેએક લડતમાં આગળ મોખરે રહી જેલવાસ સ્વીકારી ફાળો આપ્યો છે.

બાની આ બધી સાર્વજનિક પ્રવૃત્તિઓ પરથી ચોખ્ખું દેખાય છે કે એવી પ્રવૃત્તિઓ કરવા માટે અથવા લોકસેવા કરવા માટે ખરી આવશ્યકતા વિદ્વત્તાની નહિ પણ જનતા પ્રત્યેના પ્રેમની ને મૂળ વસ્તુ શી કરવા જેવી છે એ વિશેની સાદીસીધી સમજની છે. બાને ગુજરાતી કે હિન્દીમાં ભાષણ કરવા માટે પણ અક્ષરજ્ઞાનનો અભાવ કદી નડ્યો નથી. ઊલટું, સીધી વાત કરવાથી તે વધારે અસર ઉપજાવી શક્યાં છે.

એક વાર ભોપાળમાં નવાબનાં માની મુલાકાત માટે તેઓ ગ-

એલાં ત્યાં બેગમોને મળવામાં ને એમની સાથે વાત કરવામાં એમને જરાય સંકોચ કે મુશ્કેલી ન પડી. ધનદોલત અને રાજદરબારના વૈભવ તથા દમામથી એમને જરાયે ક્ષોભ થાય તેમ નહોતું. તેઓ બરાબર જાણતાં હતાં કે પોતાના પતિનો દરજ્જો રાજામહારાજાઓ કરતાં ક્યાંય ઊંચો છે. એમણે બેગમોને ખાદીનો સંદેશો કહી સંભળાવ્યો. એમની વાતો સાંભળનારને કલ્પના પણ ન આવે કે તેઓ એક નિરક્ષર સ્ત્રી છે. એમનું અક્ષરજ્ઞાન ભલે ઓછું હતું, પણ એમનું સામાન્ય જ્ઞાન તથા મનુષ્યસ્વભાવનું અને મનુષ્યજીવનનું જ્ઞાન બહુ ઊંડું હતું.

જેલમાં બા પ્રસન્નતાપૂર્વક રહેતાં હતાં. જેલની તકલિફો એમને તકલિફ રૂપ લાગતી જ નહિ. વળી એમની છાયામાં રહેનારા બીજા કેદીઓનું જીવન પણ બહુ સરળ ને મીઠું બની જતું ઘણી વાર બીજાની મૂકેલી પથારીઓને ઉપાડી સરખી રીતે તેઓ ગોઠવી લેતાં. ભારે ભારે ગાદલાં ઉપાડતાં પણ એમને આળસ નહોતી આવતી. સફાઇની એમને એટલી ચીવટ હતી કે અવ્યવસ્થા અને ગંદકી તેઓ સહી જ શકતાં નહોતાં. એમની નિયમિતતા એટલી જ આશ્ચર્યજનક હતી. વર્ષોથી દમ અને ઉધરસ રહેવાને કારણે એમનું હૃદય અને ફેફસાં નબળાં પડી ગયાં હતાં, છતાં એમને પોતાના શરીરની કાંઈ પડી નહોતી. એમનામાં સ્ફૂર્તિ તો અદ્‌ભુત હતી. ધીમે ધીમે કામ કરવું અથવા ચાલવું એ તો એ જાણતાં જ નહોતાં. સ્ફૂર્તિ અને સુઘડપણું તો એમના સ્વભાવમાં જ ઠાંસીઠાંસીને ભરેલું હતું

પોતાનું મૃત્યુ હવે નજીક છે એવી આગાહી તો બાને ઘણા વખતથી થઈ હતી. '૪૨ના જાન્યુઆરીમાં એ તાવમાં પટકાયાં કેટલાંક વર્ષોથી એમનું હૃદય તો નબળું પડવા માંડ્યું જ હતું, એટલે ખૂબ અશક્તિ આવી ગઇ. '૪૨ના ઑગસ્ટમાં મહાસમિતિની બેઠકમાં ગાંધીજી મુંબઈ ગયા ત્યારે બા પણ સાથે હતાં.

મહાસમિતિની બેઠક પૂરી થયા પછી રાતના એક વાગ્યા સુધી ટેલિફોન આવ્યા કરતા હતા કે બાપુને પકડવા માટે આવે છે. બાપુ કહે, 'મને કોઇ નહિ પકડે. સરકાર એટલી મૂરખ નથી કે મારા જેવા મિત્રને પકડે'. બાપુનો આ આત્મવિશ્વાસ બાપુની મંડળીનાં બીજાં બધાં ઉપર પણ અસર પાડી રહ્યો હતો. પણ એ ખોટો પડ્યો. ૯મી ઑગસ્ટે સવારે પા વાગે મહાદેવભાઈ દોડતા આવ્યા, 'બાપુ. પકડવા આવ્યા.' બાપુ ઝટ તૈયાર થયા. બા ઇચ્છે તો સાથે આવી શકે છે એમ પોલિસે કહ્યું. બાપુએ બાને કહ્યું: 'તું ન રહી શકે તો ભલે આવ. પણ હું ઇચ્છું છું કે તું મારી સાથે આવવાને બદલે મારું કામ કરે.'

બાને માટે આટલું બસ હતું. એમણે જરાય દલીલ કર્યા વગર બાપુનું કામ કરવાનો નિશ્ચય કરી લીધો. બાપુજી સાંજે શિવાજી પાર્કમાં જાહેર સભામાં ભાષણ કરવાના હતા. બાએ જાહેર કર્યું કે એ સભામાં પોતે ભાષણ કરશે. પણ ખબર મળ્યા કે ઘણું કરીને સભામાં જતાં પહેલાં રસ્તામાં જ બાને પકડી લેશે. સાંજે પોણા પાંચ વાગ્યે સભામાં જવા માટે નીકળ્યાં. પોલીસ અમલદાર દરવાજા ઉપર જ ઊભો હતો. હાથ જોડીને કહે, 'માતાજી, આપની ઉંમરે ઘરમાં બેસીને આરામ કરવાની છે. આપ સભામાં ન જાઓ તો?' પણ બા ક્યાં માને એવાં હતાં? એટલે એમને ગિરફતાર કરવામાં આવ્યાં.

બા ઘણી વાર જેલમાં જઇ આવ્યાં હતાં. દક્ષિણ આફ્રિકાની જેલોમાં તો એમને ઘણાં કષ્ટો પણ સહન કરવાં પડ્યાં હતાં. પણ એ બધી યે જેલો કરતાં આ વખતની જેલ બાને વધારે ખટકી હતી. એમને થતું હતું કે આ વખતે સરકારે વગર કારણે બધાંને પકડી લીધાં છે. જનતા ઉપર સરકારના જુલમની જે થોડીઘણી હકીકત છાપાંઓમાં આવતી તે વાંચી એમને બહુ દુઃખ થતું. મહાદેવભાઇના મૃત્યુ પછી એમના મનમાં ભય પેદા થઈ ગયો હતો કે પોતે પણ ભાગ્યે જ જેલમાંથી જીવતાં બહાર જશે. ૧૮મી ઑગસ્ટે એમણે પોતાનો આ ભય પ્રથમ પ્રગટ કર્યો. બહાર જઇને શું કરીશું, એ વિષે બધાં વાત કરતાં હતાં, તેમાં બા બોલી ગયાં, 'મારી તો કોને ખબર છે કે બહાર જઈશ કે નહિ.' હું તો અત્યારે છું ને સાંજે ન હોઉં એવું યે બને'

બાને હાંફ તો હમેશાં ચડતી જ હતી. '૪૩ના નવેમ્બરમાં હાંફ બહુ વધી ગઈ. ડિસેમ્બરમાં સ્થિતિ વધારે બગડી હાંફને લીધે સૂવામાં પણ તકલિફ પડવા માંડી. ઑક્સિજન મંગાવી રાખ્યો. '૪૪ના જાન્યુઆરીથી બાએ વૈદ્યોના ઉપચારની માગણી કરવા માંડી ને ફેબ્રુઆરીની શરૂમાં એમની સ્થિતિ વધારે ચિંતાજનક થઈ ગઈ.

લખાપટીને અંતે લાહોરના વૈદરાજ પંડિત શિવશર્માજી આવી પહોંચ્યા, અને દવા શરૂ થઈ. બીજે દિવસે તો બાની તબિયત એટલી સારી જણાઈ કે સાંજે જ્યારે બાપુજી ફરવા ગયા ત્યારે બા પોતાની પૈડાંવાળી ખુરસીમાં બેસી આખા વરંડામાં ફર્યાં. ૧૮મી ફેબ્રુઆરીએ પાછી બેચેની શરૂ થઇ. વૈદજીએ આખો દિવસ શહેરમાંથી ઢૂંઢીઢૂંઢીને નવીનવી દવાઓ આપ્યા કરી. પણ સવારે પ્રાર્થના પછી એમણે બાપુજીને કહ્યું: 'મારાથી થઈ શકે તેટલું સઘળું મેં કર્યું, પણ સ્થિતિ સુધરતી નથી. આવી સ્થિતિમાં દાક્તરોને એમના પોતાના ઉપાયો અજમાવવાની તક આપવી જોઇએ.' ૧૯મીએ આખી રાત ઑક્સિજનની નળી નાકમાં નાંખી બા પડ્યાં રહ્યાં ઠીક ઊંઘ આવી. પણ ૨૦મી ફેબ્રુઆરીએ સવારે પાંચ વાગ્યાથી બેચેની શરૂ થઇ.

બાપુજી આખો દિવસ બાના ખાટલા ઉપર બેઠા રહેતા. એમના બેસવાથી બાને કાંઈક શાંતિ મળતી.

બાપુજીએ તમામ દવા બંધ કરાવી દીધી. બાની પણ જરાય ઇચ્છા ન હતી. પણ દેવદાસભાઈની મરજી હતી કે પેનિસિલિનનો ઉપયોગ કરવામાં આવે. ડા. ગિલ્ડર બાપુજીનો વિચાર જાણતા હતા એટલે પેનિસિલિન વિષે એમનો ઉત્સાહ ન હતો. બાપુજી ડૉ. ગિલ્ડરને સમજાવીને દેવદાસભાઇને સમજાવવા ગયા. એ ચર્ચામાં એમનું ફરવા જવાનું મોડું થઈ ગયું અને લગભગ સવા સાત થવા આવ્યા. વાત પૂરી કરીને નીચે જવાને માટે તૈયાર થવા સારુ તેઓ નાહવાની ઓરડીમાં ગયા, ત્યાં તો બા બોલ્યાં: 'બાપુજી!' એટલે તેઓ આવીને બા પાસે બેઠા.

બાએ છેલ્લી ઘડીએ ઊઠવાનો પ્રયત્ન કર્યો, પણ બાપુજીએ કહ્યું: 'હવે પડી જ રહે.' અને તરત બાએ બાપુજીના ખોળામાં માથું નાખી દીધું ૨૨મી ફેબ્રુઆરીએ બરાબર સાત ને પાંત્રીસે એમણે પ્રાણ છોડ્યા. દેવદાસભાઈ બાના ખાટલા ઉપર માથું નાખી બાળકની માફક રડવા લાગ્યા. બાપુજીની આંખના ખૂણામાંથી બે મોતી નીચે સરકી પડ્યાં. છેવટે તે ઊઠ્યા. સંતોકબહેને બાપુજીના સૂતરની બનાવેલી ચૂડીઓ બાને પહેરાવી, તુલસીની કંઠી ગળામાં નાખી તથા માથા ઉપર ચંદન અને કંકુનો લેપ કર્યો. શાન્તિકુમારભાઇએ શબને અગ્નિદાહ કરવા માટે ચંદનનાં લાકડાં લાવવાની વાત કરી. બાપુએ ના પાડી: 'બા ગરીબની પત્ની હતી. ગરીબ માણસ સુખડ-ચંદન ક્યાંથી લાવે?' પણ જેલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ બોલી ઊઠ્યા: 'મારી પાસે ચંદનનાં લાકડાં છે.'

'તમે એટલે સરકાર તો જે વાપરવા ઈચ્છો તે વાપરી શકો છો. તમારી પાસેથી ચંદનનાં લાકડાં લેવામાં મને વાંધો ન જ હોઈ શકે.' એક આખા ચદનના ઝાડનાં લાકડાં ત્યાં આવી પહોંચ્યાં.

શબને ચિતા પર ગોઠવ્યા પછી બાપુજીએ એક ટૂંકી પ્રાર્થના કરાવી, જેમાં હિંદુ, ઇસાઇ, પારસી, મુસલમાન એ બધા ધર્મની પ્રાર્થના

હતી. દેવદાસભાઈએ આગ મૂકી. થોડી મિનિટોમાં જ્વાલાઓ ભભૂકી ઊઠી. બાએ 'કરેંગે યા મરેંગે'નો મંત્ર પૂરો પાળી બતાવ્યો હતો.

બાની ચિતાના સ્થાન ઉપર એક કાચી સમાધિ બનાવવામાં આવી. મહાદેવભાઈની સમાધિ ઉપર શંખલા વડે ૐ બનાવ્યો હતો. બાની સમાધિ ઉપર શંખલા વડે 'હે રામ' લખવામાં આવ્યું.

બા વિષે એવું મનાય છે કે એ નરમ, ગરીબડાં હિંદુ પત્ની હતાં—કેવળ પતિના છાયા સમાં. પણ એ વાત જરાયે ખરી નથી. બા પણ બાપુના જેવાં જ સ્વતંત્ર વ્યક્તિત્વવાળાં હતાં. કેવળ બુદ્ધિથી નહિ, પણ અંતઃપ્રેરણાથી જ તેઓ સત્યને ઓળખી લેતાં અને પોતાના સ્વતંત્ર નિર્ણય બાંધતાં. બાના અવાજમાં એક અજબ માર્દવ હતું. ચિડાયાં હોય અને કોઈને વઢતાં હોય ત્યારે પણ એમના અવાજમાંની મૃદુતા જતી નહિ. કારોબારી સમિતિના સભ્યો ગાંધીજી સાથે કલાકો સુધી ચર્ચા કરીને ગમે તેટલા થાકચ હોય, પણ પેલા ઓટલા ઉપર બાને મળ્યા વિના કદી જતા નહિ. બાને મળવાની દરેકની રીત જુદી. વલ્લભભાઈ તો નાના મસ્તીખોર કહાનાને જ ચીડવે. મૌલાના ગંભીરતાથી બા પાસે આવી તેમની તબિયતના સમાચાર પૂછે અને નમસ્કાર કરીને ચાલ્યા જાય. જવાહરલાલ જો મોજમાં હોય તો કાંઇક ક્રાંતિકારી તુક્કો કહી બાને ચીડવવા પ્રયત્ન કરે; પણ જો થાકેલા હોય તો તો ફક્ત બે હાથ જોડી નમસ્કાર કરીને કુશળ સમાચાર પૂછી ચાલ્યા જાય. પણ બાને એ ન ગમે. તે દિવસે બાપુ ઉપર સવાલોની ઝડી વરસે: 'આજે જવાહર કેમ કાંઇ ઉદાસ દેખાતો હતો? તમે એને કશું કહ્યું તો નથી ને?' રાજેન્દ્ર બાબુ સાથે તો કશી ખટપટ જ નહિ. કદાચ બંનેના સ્વભાવનાં ઘડતર એક જાતનાં તેથી. બેયના દિલમાં કડવાશ જેવી તો વસ્તુ જ ન મળે. અને વિરલ વ્યક્તિત્વ ધરાવતા પેલા મહાન પઠાણ, ખાન અબ્દુલ ગફારખાન! એ તો બા પાસે જઇને જ બેસે અને પશ્ચિમનાં ઊતરતાં અજવાળાં સામે જોઈ રહે. કારોબારીના બીજા બધા સભ્યો સાંજે વર્ધા જાય, પણ ખાનસાહેબ તો સેવાગ્રામમાં જ રહે.

બહુ વર્ષ પહેલાં બાપુએ અસ્પૃશ્યતાના કલંક સામે જેહાદ ઉઠાવી ત્યારે બાનું પરિવર્તન કરતાં તેમને ખૂબ જ મુશ્કેલી પડેલી. અથાગ ધીરજથી બાપુ બાને સમજાવ્યાં કરે. રોજ કલાકોના કલાકો ચર્ચા કરે. એક દિવસ તો તેઓ થાકયા: 'આ મુદ્દા ઉપર બાને સમજાવવી ભારે કઠણ છે.' પણ આ શબ્દો ઉચ્ચારતાંની સાથે જ તેઓ બોલ્યા: 'પણ તેમ છતાં મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું.'

બાપુના આ શબ્દો કરતાં બીજા કયા શબ્દોથી બાના ખરા સ્વરૂપનું વર્ણન થઇ શકે? દેશને માટે આપેલાં તેમનાં મોટાં બલિદાનો, સ્વેચ્છાપૂર્વક ગરીબાઇનો સ્વીકાર, સર્વસ્વનો—પોતાના પ્રિય પતિના સહવાસનો પણ–ત્યાગ, એ બધું બાએ સ્વભાવસહજ નિરભિમાન વૃત્તિથી કર્યું છે. એમનું હલનચલન, એમનો મૃદુ અવાજ અને એ બેના કરતાં ય ચડે એવું એમનું મીઠું, નિર્મળ સ્મિત, એ બે મહાન વિભૂતિની શુચિતા અને વીરતાનું ખરું દર્શન કરાવે છે.

(શ્રી વનમાળા પરીખ અને સુશીલા નય્યર કૃત 'અમારાં બા'માંનાં જુદાંજુદાં લખાણોમાંથી તારવેલી સળંગસૂત્ર જીવનકથા)

પરદેશી મિત્રોના પત્રો (અનુસંધાન પાછલે પાનેથી)

વિવિધ દેશોનાં બીજાં થોડાં પત્રમિત્રોનાં સરનામાં: (૨) Miss Siv Pihlstrom, Konsistoriegatan, 14 DINKOPING, (SWEDEN); (3) Carlos Lenze, Barguilleo 29, Apartado 716, MADRID, (SPAIN); (4) Lorenqen, Poul Buaasvej 4, AALBARY (DENMARK); (5) Cneah Yew Choon, 2nd Floor, 63 Keyne Street, CUALA LAMPUR (Malaya Union); (6) A. L. Varga, 9 Rue Guonod, PARIS (FRANCE); (7) V. D Nandan, Dreamland, Saunaka, P.O. NADI, (FIJI ISLANDS)

નવાં હિંદી પત્રમિત્રો (૫૩) સુમન બી. પાંધી, અંગ્રેજી ચોથું ધોરણ, મો. તે. મહાશાળા, માંડવી-કચ્છ; (૫૪) કૃષ્ણ ભાઇલાલભાઈ શાહ, સમસ્ત પાટીદાર છાત્રાલય કારેલીબાગ, વડોદરા. (૫૫) રસિકલાલ મઢિયા, લખપતિયા મહાજન બિલ્ડિંગ, નજમુદ્દીન સ્ટ્રીટ, નાનકવાડા, કરાચી; (૫૬) ચીનુભાઇ મંગળદાસ, સરસ્વતી એજ્યુ. સોસાએટી છાત્રાલય, હરગોવન ભુવન, સરખેજ રોડ, એલિસ બ્રિજ, અમદાવાદ; (૫૭) સુમનલાલ જી. શાહ, સરનામું ઉપર મુજબ જ; (૫૮) ભગવાનલાલ મહેતા C/o ડૉ. હરિલાલભાઈ ડી. મહેતા, લુહાર ચકલા, માંડવી-કચ્છ; (૫૯) હીરજી દેવજી ભારાણી, C/o શા હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ, ક.વી.ઓ. જૈન બોર્ડિંગ, માટુંગા, મુંબાઈ–૧૯; (૬૦) પ્રેમજી ડી. નંદુ, સરનામું ઉપર મુજબ જ; (૬૧) ડુંગરશી દુ. નથગાંધી, ગો. તે. હાઈસ્કૂલ, માંડવી-કચ્છ; (૬૨) કાન્તકુમાર, C/o રતિલાલ પી. મહેતા, જેઈલરોડ, વઢવાણ કૅમ્પ; (૬૩) મધુકર હ. ગણાત્રા, (૬૪) ધનવંત સી. ગણાત્રા: બંનેનાં સરનામાં–ઑર્જ ગ્રાન રૂમ, પીઠુ કામદાર લેન, માંડવી-કચ્છ; (૬૫) ડાહ્યાભાઈ હરિ, C/o ઑગ્ને ટેલર, ૪૮ માર્કેટ સ્ટ્રીટ, જોહાનિસબર્ગ, દ. આફ્રિકા; (૬૬) રસિક રેશમવાળા, રામપુરા રોડ, સુરત; (૬૭) સૌ લીલાવતી બ્હેન, C/o પ્રમોદરાય મણિભાઈ શેઠ, બજારમાં, કરમસદ–ખેડા; (૬૮) મનુભાઈ નાનાલાલ શાહ, નૅશનલ ઇલેક્ટ્રિક કં., ૧૧ એલ્ફિન્સ્ટન સર્કલ, મુંબાઈ–૧; (૬૯) બખ્ત્યાર અબ્બાસ બી. સૈયદ, પી જે. એમ. હોસ્ટેલ, ખંભાત; (૭૦) જી. મહદી એમ મિરઝા, લાલ મહાલ, મહમદ રઝા, ખંભાત; (૭૧) રતિલાલ પુરુષોત્તમ સોની, વોરાના મદ્રેસા પાસે, માંડવી-કચ્છ; (૭૨) શાન્તિલાલ નરસિંહ ઝવેરી, અને (૭૩) કાન્તિલાલ નરસિંહ ઝવેરી, બંનેનું સરનામું રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ; (૭૪) રામજી હરિદાસ ભાનુશાળી, મારકીટ પાસે, માંડવી-કચ્છ; (૭૫) બાબુલાલ વલ્લભજી શાહ, C/o વલ્લભજી પ્રેમચંદ, સીંમજીભાઈની બિલ્ડિંગ પાસે, માંડવી-કચ્છ, (૭૬) અમૃતલાલ પંચાણભાઈ, બાચજીભાઈ વેગડ, ઘો. ૫ બ, એમ જી. એસ, હાઈસ્કૂલ, કાલોલ–પંચમહાલ; (૭૭) દેવેન્દ્રકુમાર દેસાઈ અને (૭૮) જયંતકુમાર દૂધવાળા; બંનેનાં સરનામાં: લેખડિયા શેરી, સૈયદપરા, સૂરત; (૭૯) જ્યોતિબાળા C/o નટવર જાની, તખ્તેશ્વર પ્લૉટ, ભાવનગર; (૮૦) હરકિશન ગાંધી, C/o પી.ડી. ગાંધી, અફીણના ઇજારદાર, સાવરકુંડલા–કાઠિયાવાડ; (૮૧) હસમુખલાલ છો. શાહ, C/o છોટાલાલ નાથાલાલ શાહ, ૩૩ તવાવાલા બિલ્ડિંગ, લુહાર ચાલ. મુંબાઈ–૨.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી વર્ષોથી કરાવવામાં આવતી, વાર્ષિક વાઙ્મયની સમીક્ષાનું કામ આ વર્ષે સાહિત્ય વિભાગ માટે પ્રો. અનંતરાય મ. રાવળને (૧૦, હીરાબાગ, એલિસબ્રિજ અમદાવાદ) તથા વિજ્ઞાન વિભાગ માટે પ્રો. ધનજીભાઈ ફકીરભાઇને (કલ્યાણ સોસાયટી, એલિસબ્રિજ અમદાવાદ) સોંપાયું છે. સૌ લેખક-પ્રકાશકોને પોતાની કૃતિઓ તથા પ્રકાશનો તેમને મોકલવાની વિનંતિ છે.

Our Friends Abroad

આ પત્ર મેળવનાર: કૃષ્ણવદન જેટલી, એમ. એ., બી. ટી., ૭, આનંદનગર, સરખેજ રોડ, અમદાવાદ ૭.

27 B Lastmakaregatan,
STOLKHOLM (Swĕden) ૩–૧–૪૭

પ્રિય મિત્ર,

માર્ચ ૧૪મી, જુલાઈ ૬ઠ્ઠી ને ડીસેમ્બર ૨૩મીના તમારા માયાળુ પત્રો અને શુભેચ્છાનાં સુંદર કાર્ડ માટે હું હાર્દિક આભાર માનું છું. હું તમને ઘણા વખતથી પત્ર નથી લખી શક્યો તે માટે ખૂબ દિલગીર છું. પણ છેલ્લા છ માસમાં અનેક બાબતો બની ગઇ છે, તેથી જ હું તેમ કરવા અસમર્થ હતો. એ બાબતો કઇ તે હું જણાવું.

'My Friend Abroad' (મારો પરદેશી મિત્ર)ની પ્રવૃત્તિ આજે સ્વીડનમાં સૌથી મોટી પ્રવૃત્તિ રૂપે વિકસી છે. ફેબ્રુઆરીથી મે સુધી હું મારા ફુરસદના સમયમાં એકલો જ આ કાર્ય કરતો; અને તે વેળા હજી એ કામ મારા કાબૂ બહાર વધેલું ન હતું. પણ જૂનમાં અમારા એક સૌથી મોટા સાંજના અખબાર તરફથી આ 'પરદેશી પત્રવહેવાર પ્રવૃત્તિ' સંબંધે મારી મુલાકાત લેવામાં આવી અને થોડા દિવસો બાદ મને સ્વીડિશ વાયુ-વાર્તાલાપ સંસ્થા તરફથી 'પરદેશી પત્રવહેવાર' વિષે એક ટૂંકુ પ્રવચન આપવા નિમંત્રણ મળ્યું. તે પછી થોડે વખતે મને સૌથી વધુ ફેલાવો ધરાવતા અમારા એક સાપ્તાહિક તરફથી તેની 'પત્રમિત્ર કટાર'ના તંત્રીપદનું કાર્ય સોંપવામાં આવ્યું ને મારા પર પત્રોનું પૂર વહેવા માંડ્યું. ૧૯૪૫ના ઑક્ટોબરના અરસામાં શરૂ કરેલી આ પ્રવૃત્તિ બાદ મેં સ્વીડન ને પરદેશમાંથી ૨૦,૦૦૦ પત્રો મેળવ્યા છે અને એકલા સ્વીડનમાંથી જ ૧૦,૦૦૦ કિશોર-કિશોરીઓએ મને પરદેશમાં પત્રમિત્રો મેળવી આપવાની વિનતિ કરી છે. હાલમાં હું બે સામયિકોનો તંત્રી છું અને થોડા જ સમયમાં ત્રીજું શરૂ કરીશ. આ પ્રવૃત્તિ હજુ વિકસી જ રહી છે! હવે, હું આશા રાખું છું કે, તમે સમજી શકશો કે તમને જવાબ આપવામાં મારાથી આટલી ઢીલ કેમ થઈ. પણ ભવિષ્યમાં મને ત્રણચાર મિત્રો તરફથી આ પ્રવૃત્તિમાં સહાય મળવાની છે, એટલે હું તમારો નિયમિત પત્રમિત્ર થવાની આશા રાખું છું.

'ટ્રેઝર ચેસ્ટ' માસિકનું મારે માટે લવાજમ ભરવા બદલ હું તમારો ઘણો આભાર માનું છું. મને તે નિયમિત મળે છે.

૧૪મા માર્ચના પત્રમાં તમે મને મોકલેલાં નામ-સરનામાં વિષે મારે કહેવું જોઇએ કે મેં તેમાંનાં ત્રણ જ અહીંનાં પત્રમિત્રોને મોકલ્યાં છે; કારણ કે ૧૫ વર્ષથી નીચેનાં કુમારકુમારીઓનાં નામ અહીંનાં કુમારકુમારીઓને આપવામાં મુશ્કેલીઓ છે. સ્વીડનમાં અમે ૧૩ વર્ષની વયે અંગ્રેજી ભણવાનું શરૂ કરીએ છીએ અને અંગ્રેજીમાં પત્ર લખવાનું શીખતાં ઓછામાં ઓછાં બે વર્ષ તો અભ્યાસ કરવો જ પડે. પરંતુ, બીજી બાજુ, મને પત્રો લખનારા દેશોમાં હિંદ સૌથી વધુ રસ લેનારો છે. ત્યાંથી મને પરદેશી પત્રમિત્રો મેળવવા માટે ઘણા પત્રો મળ્યા છે અને મેં ૧૫ વર્ષની ઉપરનાં હિંદી કુમારકુમારીઓનાં સેંકડો સરનામાં બીજે મોકલ્યાં છે. પણ મને દિલગીરી થાય છે કે હાલ મારી પાસે મારી કટારમાં હિંદનો 'ડંકો વગાડવા' ઘણાં ઓછાં સરનામાં છે. પણ તેનો ઉપાય તમારી માયાભરી સહાયથી કદાચ થઇ શકશે!

તમે આરા નામ-સરનામા સાથે 'My Friend Abroad' વિષે એક ટૂંકી નોંધ પ્રગટ કરવા 'ટ્રેઝર ચેસ્ટ'ના તંત્રીને વિનતિ કરશો? અમને યુરોપના દેશોમાં પત્રમૈત્રી સાધવામાં રસ હોય તે દરેકને પોતાનું નામ, સરનામું, ઉમર, પુરુષ કે સ્ત્રી જાતિ, રસ અને શૉખના વિષયો તથા ખાસ ઈચ્છાઓ, ને પોતે કયા દેશમાં પત્રમૈત્રી ઈચ્છે છે તે જણાવી મને લખવાનું સૂચવશો. હું ડેન્માર્ક, નૉર્વે, ફિનલૅંડ, નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ અને ઇંગ્લંડની પત્રમિત્ર સંસ્થાઓ સાથે સંબંધ ધરાવું છું ને જો હિંદનાં કુમારકુમારીઓ મને લખે તો તેમને તે તે દેશોનાં પત્રમિત્રો શોધી આપી શકીશ. ટપાલ ખર્ચ બચાવવા શાળાઓ, કૉલેજો કે યુનિવર્સિટી તરફથી પણ યાદીઓ મોકલી શકાય. પરંતુ એમ થાય તો એ વિવિધ દેશોની વ્યવસ્થા કરવા માટેનું મારૂં કાર્ય સરળ બનાવવા, દરેક દેશ માટે જુદી યાદી મોકલવા તેમને જણાવજો. જો કોઈ કુમારકુમારીને ત્રણ જુદા દેશોમાં પત્રમિત્રો જોઇએ તો તેનું નામસરનામું વગેરે ત્રણે યાદીઓમાં હોવું જોઇએ. એ રીતે એક જ શાળામાંથી જો અનેક યાદીઓ મોકલવામાં આવવાની હોય તો તે બધું એક જ પત્રમાં રજીસ્ટર્ડ વિમાની ટપાલ દ્વારા મોકલવામાં આવે તો મને પહોંચતાં વિલંબ નહિ લાગે અને ઘણી કડાકૂટ બચશે એવી સૂચના તેમને આપજો.

હું દિલગીર છું કે ૧૯૪૬નું સાહિત્યનું નૉબેલ પારિતોષિક જીતનાર હરમાન હેસની છબિ હું તમને મોકલી શકતો નથી, કારણ કે તે માંદગીને લીધે અહીં સ્ટૉકહોમમાં પારિતોષિક અર્પણવિધિ વખતે આવ્યા ન હતા. પણ કોઇ માસિકમાં તેમની છબિ શોધવા માટે હું ચીવટ રાખીશ; બીજા સ્કૅન્ડીનેવિયન સાહિત્યકારોની છબિઓ માટે પણ ખ્યાલ રાખીશ.

હા, હિંદ વિષેના લેખો મને મોકલવાની તમારી માયાળુ સૂચના માટે આભાર. તમે મને 'ટ્રેઝર ચેસ્ટ' અને બીજાં સામયિકોમાં 'મારા પરદેશીમિત્ર'ની પ્રવૃત્તિની નોંધ પ્રગટ કરાવી મદદ કરી શકો તો કેવું સારૂં! હું મોટી સંખ્યામાં હિંદનાં સરનામાં મેળવવાની આશા રાખું છું. તે મને મળશે એવો જ હું મારી કટારોમાં હિંદનું નામ ગાજતુ કરીશ' અને તે પછી તરત હું તમારો લખેલો એક લેખ પ્રસિદ્ધ કરીશ. એથી ઘણી સહાય મળશે. હાલ શરૂઆત કરવા પૂરતું, જો મને હિંદની શાળાઓ, ત્યાંના વિદ્યાર્થીઓ ને હાલના સામાન્ય શાળાજીવન વિષે લેખ મળે તો હું આનંદ પામીશ. મને ખાત્રી છે કે એને લગતી માહિતી ઘણી રસદાયક થઈ પડશે. જો શક્ય હોય તો મને શાળાઓની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેતા વિદ્યાર્થીઓની તેમની (પ્રવૃત્તિઓની) છબિઓ મોકલજો.

ઠીક, પ્રિય મિત્ર! પત્ર પૂરો કરતાં પહેલાં હું નવા વર્ષની મારી શુભેચ્છાઓ પાઠવું છું અને તમારા તરફથી બનતી ત્વરાએ સાંભળવાની આશા રાખું છું.

હું છું, તમારો હાર્દિક,

Karl Gunnar Knutsson (કાર્લ ગન્નર નટસન)

તા. ક. મેં તમને મારી 'કટારો'ની કેટલીક કાપલીઓ અને સ્વીડનનાં થોડાં છાપાં મોકલ્યાં છે. એ છાપાં સ્વીડન સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છતાં કુમારકુમારીઓને જોવા પણ મોકલશો.

નવાં પત્રમિત્રો

પરદેશી

અમેરિકનો સાથે પત્રમૈત્રી બાંધવા નીચેના સરનામે લખવું:
(1) Dr. N. H. Crowell, President, International Students' Sociaty Hillsboro, OREGON (U.S.A); (વધુ પાછલે પાને)



માધુકરી

મછવો

હૈયાની સૌ લાગણીનાં તુફાન
પીખી રહે છે નિત ચિત્તના શઢો.
સંકલ્પનું ત્યાં દૃઢ છે સુકાન,
શ્રદ્ધા ઝગે છે ધ્રુવ વ્યોમદીવડો.

(આતિથ્ય) —ઉમાશંકર જોશી


ગુણવંતરાય આચાર્ય

ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિમાં વિશિષ્ટ અર્પણ કરવા માટે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી વર્ષાવર્ષ અપાતો ઈ. ૧૯૪૫નો રણજીતરામ સુવર્ણચન્દ્રક જેમને અપાયો છે તે શ્રી ગુણવંતરાય પોપટભાઈ આચાર્યનો જન્મ સોરઠ પ્રાંતના અંગ્રેજીના વડા મથક જેતલસર કૅમ્પમાં ઈ. ૧૯૦૦ના સપ્ટેમ્બર માસની નવમા તારીખે થયો હતો.

એમના પિતા પોપટભાઇ આચાર્યે ઘણી ગરીબ સ્થિતિમાંથી સ્વાશ્રયે અભ્યાસ કરીને રસોયાની નોકરી કરતાંકરતાં વકીલાતની પરીક્ષા પાસ કરી અને મોરબી રાજ્યમાં ન્યાયાધીશ તરીકે નીમાયા; અને ત્યાર પછી માંગરોળ, જૂનાગઢ, પોરબંદર, જામનગર વગેરે સ્થળોએ પોલીસ ઉપરી તરીકે નોકરી કરી. ઉત્તર કાળમાં તેઓ વકીલાત કરતા.

આવા સમયમાં ને ખાસ કરીને બહારવટિયાઓના હુંગામમાં એમના પિતાને વારંવાર ગોચરઅગોચર સ્થળોએ રાતવાસા કરવા પડતા, ત્યારે રાતના વખને મીરો, વાઘેરો, બારોટો વગેરે આવીને એમના પાસે વાર્તાઓ કહેતા. શ્રી. ગુણવંતરાય આવા હુંગામોમાં એમના પિતા સાથે બાળવયથી જ ફરતા, એટલે ઐતિહાસિક વાર્તાઓ ને દરિયાઇ કથાઓ સાથે એમને આ રીતે પ્રથમ પરિચય અને પ્રથમ મહોબ્બત થયાં.

પિતાના અવસાન પછી એમની ઉત્તરક્રિયા કરવી કે નહિ એ સંબંધે પોતાના વડિલ બંધુ સાથે એમને મતભેદ પડ્યો. એ મતભેદમાં એ સત્તર વર્ષની વયે ઘર છોડીને નીકળી ગયા. મુંબાઈમાં ફૂટપાથો ઉપર ભટકી-ભટકીને એમણે અભ્યાસ કર્યો. પણ ઇન્ટરમાંથી તે અધૂરો મૂકવો પડ્યો અને 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રીખાતામાં એ જોડાયા.



(બ્લૉક 'ગુજરાતી પંચ'ના સૌજન્યથી)

'બૉમ્બે ક્રૉનિકલ', 'મુંબાઈ સમાચાર', જામનગરની વિભાજી સ્કૂલ. રાણપુરનું 'સૌરાષ્ટ્રમિત્ર' અને 'સૌરાષ્ટ્ર'–'સૌરાષ્ટ્ર'માંથી 'ફૂલછાબ' અને ત્યાંથી અલ્પકાળ 'નવ સૌરાષ્ટ્ર', 'બાહુકરી' અને 'ગુજરાત સમાચાર'ના તંત્રીવિભાગમાં કામ કરીને એઓ રણજીત મૂવીટોનમાં વાર્તાવિભાગના મુખ્ય નિરીક્ષક તરીકે જોડાયા. ત્યાં સાત વર્ષ રહ્યા પછી હાલમાં તેઓ મુંબાઈમાં 'મોજમજાહ' નામના પત્રના સંચાલક છે અને મુંબાઈ તેમજ જામનગરમાં પોતાનાં છાપખાના ચલાવે છે.

કચ્છ-માંડવીમાં તેઓ જી ટી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે સફર કરવાની

આ માસનું પંખી
નાનો નીલકંઠ



રેલવે તાર પર કે ઝાડની ટોચે, ચળકતા લીલા રંગનું, ચકલીથી જરા મોટું પણ દૂબળું પંખી જુઓ તો એ નાનો નીલકંઠ. પોપટનો રંગ જરા પીળાશ પડતો; પણ આનો તો પાણીદાર નીલમ જેવો. ચમકતો સ્વચ્છ તેજ લીલો. માથા પર ને પાંખોમાં સોનેરી છાયા. દાઢી સહેજ આસમાની આભાવાળી. આંખથી કાન સુધી સળંગ કાળો પટો. છાતી પર કૉલર જેવું કાળું લાંછન. પૂછડી મેલા લીલા રંગની છાયાવાળી, અને એમાંથી નીકળતાં કાળા રંગનાં, લોખંડના તાર જેવાં, બે'ક આંગળનાં બે પીંછાં. આંખો લાલ. ચાંચ કોમળ, પાતળી, કાળી. અણીદાર. સહેજ વળેલી ને એક ઇંચ લાંબી પગ સીસા જેવા મેલા કાળા. પગે ત્રણ આંગળાં: બે આગળ ને એક પાછળ. આથી તે જમીન પર સરળતાથી ચાલી શકતું નથી. પણ ઝાડની ડાળી પકડીને બેસી શકે.

પગ આવા શિથિલ ને ચાંચ કોમળ હોઇ હવામાં ફરતી જીવાત પર જ એનો આધાર. એ પકડવાની એની રીત પણ ન્યારી. કૂદકો મારી હવામાં ઊડે, ને ઊડતાંઊડતાં જ હવામાં તરતી જીવાત પકડી મોં પહોળું કરી સીધી પેટમાં ઉતારી જાય. એની મોંફાડ વિશાળ હોવાથી આ સરળતાથી બની શકે છે. આમ એક નાનું ચક્કર લગાવીને પાછો તાર પર આવી બેસી જાય. કલાકો સુધી આવાં ચક્કર વારાફરતી લગાવતો જાય, ખાતો જાય, ને ચીંઈંઈંઈં એમ ઝીણી મીઠી સીસોટી મારતો જાય.

આ ઋતુમાં તો એ સો–બસોનાં ટોળાંમાં બાગબગીચામાં નજરે પડે છે ને એના લીલા રંગથી વાતાવરણ રંગી નાખે છે. અશેષ પક્ષીસમાજમાં સુંદરતમ ગણાતાં પક્ષીઓ પૈકી એક આ નીલકંઠની સાત જાતો હિંદમાં થાય છે. તેમાંની બે વધુ પરિચિત છે: લીલો નીલકંઠ (ઉપનું ચિત્ર) અને વાદળી પૂછડીવાળો નીલકંઠ (શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી)

દૃષ્ટિએ, બગદાદ ને મસ્કત જતાં માંડવીના વેપારીઓનાં વહાણોમાં બગદાદ ને મસ્કત સુધી વહાણની સફર પણ એમણે ખેડી છે ને એ વહાણો પર શૉખથી ખલાસીઓ સાથે રહીને થોડુંઘણું વહાણવટાનું કામ પણ કર્યું છે.

પત્રકાર તરીકેના વ્યવસાયમાંથી નવલકથાના લેખક તરીકે એમને ખેંચી લાવવા માટે એમનાં પ્રથમ પત્ની નિર્મળાબ્હેનની ક્ષયના અસાધ્ય દરદની અતિ લાંબી બીમારી મુખ્યત્વે જવાબદાર બની. ચાર વર્ષ સુધી રાતના અખંડ ઉજાગરા અને ચાર વર્ષ સુધી પત્નીની માંદગીના ખર્ચને પહોંચી વળવા માટે કમાણીમાં ઉમેરો કરવાની અનિવાર્યતા, આ બેનો સમન્વય એટલે એમની પ્રારંભની પાંચસાત નવલકથાઓ.

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહની એમના ઉપર પ્રીતિ હતી. તેમણે 'પ્રજાબંધુ'નું ભેટપુસ્તક લખવાનું કામ એમને સોંપ્યું. એ એમના લેખકજીવનની શરૂઆત. ત્યાર પછી તો એમણે સતત લખ્યા જ કર્યું છે. એમનું સૌથી પ્રથમ પુસ્તક 'પીરમનો પાદશાહ' (પ્રજાબંધુનું ભેટપુસ્તક) ને એમનું છેલ્લું પુસ્તક 'અલ્લા બેલી', એ બે વચ્ચે તેર વર્ષનો ગાળો છે. એ ગાળા દરમિયાન સામાજિક નવલકથાઓ અને નવલિકાઓ, ઐતિહાસિક નવલકથાઓ અને નવલિકાઓ, દરિયાઈ કથાઓ અને કહાણીઓ, જીવનચરિત્રો, હળવા કટાક્ષલેખો, ડિટેક્ટિવ કથાઓ, અંગ્રેજી કથાઓ તથા રાજકારણી ગ્રંથોના અનુવાદો વગેરે મળીને એમણે અનેક પુસ્તકો લખ્યાં છે.

શ્રી ગુણવંતરાય સામાજિક કરતાં દરિયાઈ કથાઓ તરફ વધારે પક્ષપાત ધરાવે છે અને ચોક્કસ પ્રકારના ઐતિહાસિક પ્રસંગો પસંદ કરીને એના ઉપર કથા લખવાની એમને વિશિષ્ટ હથોટી છે. ઈતિહાસમાં એમને મોટાં નામો કે વિજયકથાઓને બદલે જે નાનાંનાનાં માણસોએ કાંઈક પણ રચનાત્મક ચીલો મૂક્યો હોય, કંઇક પણ નવી દૃષ્ટિ બતાવી હોય એવાઓની કથાઓ ને પ્રસંગો વધુ ગમે છે, ને એવા પુરુષો ને પ્રસંગોને એ અર્વાચીન આંખે આજના લોકો સમક્ષ મૂકવામાં માને છે. ભૂતકાળમાં બનેલી વાર્તાની મૂલવણી અર્વાચીન દૃષ્ટિથી કરવાની વાત ચર્ચાસ્પદ છે અને રહેશે; પરંતુ એમને માટે એટલું તો કહેવું જોઇએ કે ભૂતકાળનાં યુદ્ધોનાં લોહી અને માંસ નીચે દટાએલાં ને વિસ્મૃતિના ઢગ નીચે લગભગ દફનાવાઇ ગએલાં કેટલાંક મંગળ નામો, જેવાં કે રતનબાઈ, ચાંદ, હાનીબાઈ, શામબાઈ, શ્રીદેવી, ગાર્ગીહલ, કાનજી કોળી, વીજળી, કાનજી માલમ, લધા દામજી ઠક્કર વગેરેને એમણે આપણી સમક્ષ જીવંત કર્યાં છે.

પોતાનાં પુસ્તકો વિષે એ કહે છે કે કોઈ પણ પુસ્તક લખવાનું શરૂ કરતાં પહેલાં હું એક જ ચિંતા કરું છું કે મારું પુસ્તક જો આજના વાચકને કંઇક પણ ઉપયોગી થાય, કંઈક પણ માર્ગદર્શક થાય, કાંઈક પણ પ્રેરક થાય, પોતાના વતનને જરાક પણ વધારે ગૌરવવંતુ કરવાની એનામાં થોડીક પણ ઉત્તેજના મૂકે તો મારો પરિશ્રમ સાર્થક બનશે.

'કાપોક': શીમળાનું રૂ

સંપન્ન સ્થિતિના અને શ્રીમંત માણસોનાં ઘરમાં ઓશીકાં કે તકિયા માટે એક અત્યંત પોચું, સુંવાળું ને હળવું રૂ વપરાય છે. તે આપણે ત્યાં સામાન્ય રીતે 'શીમળાના રૂ'ના નામથી ઓળખાય છે. પણ ખરી રીતે તેમાં થોડો ફેર છે. હવે મોટા જથ્થામાં વપરાતું એ રૂ યુરોપમાં 'કાપોક'ના રૂ તરીકે ઓળખાય છે. એ શીમળાને મળતું જ ઝાડ છે, પણ શીમળાનાં ફૂલ લાલ થાય છે ને કાપોકનાં ધોળાં થાય છે. શીમળાના રૂ કરતાં એની આર્થિક ઉપયોગિતા ઘણી વધારે છે.

એ રૂનો ઉપયોગ હમણાંહમણાં તો ગાદલાં, તકિયા, ગાલમસૂરિયાં, ઓશીકાં અને ગાદીવાળાં બીજાં સુંવાળાં બધાં જ સાધનો માટે સારીપેઠે વધ્યો છે. એ અત્યંત હળવું અને સ્થિતિસ્થાપક હોવાથી એના ભરેલા તકિયા, ઓશીકાં વગેરે દબાયા કે મરડાયા બાદ પાછી પોતાની અસલ સ્થિતિ ધારણ કરી શકે છે.

એનો બીજો જાણીતો ગુણ મંદવાહકતાનો છે. કાપોકની ભરેલી ગાદીઓ, ઓશીકાં વગેરે ઉનાળામાં ઠંડાં રહે છે, જ્યારે શિયાળામાં ગરમ લાગે છે. કાપોક ભેજ પણ ઓછામાં ઓછો પકડે છે. એથી તબીબો સંધિવાવાળાં દરદીઓને એની પથારી વાપરવાની ભલામણ કરે છે. તે વાસ વગરનું અને લગભગ જંતુરહિત છે, અને છતાં યે એને તદ્દન જંતુરહિત કરવા માટે વારેવારે ગરમી આપવી જોઇએ. પણ તે છતાં યે એના રેષાઓના ગુણધર્મો એ ગરમીથી નાશ પામતા નથી, એ એનો સવિશેષ ગુણ છે. તેના ઉપર તડકા અને હવાની અસર પણ તાત્કાલિક થાય છે. સહેજ તડકે નાખતાં તેનાં તકિયા કે ઓશીકાં પાછાં પોતાની ગુમાવેલી સ્થિતિસ્થાપકતા મેળવી લે છે. રજાઇઓ માટે પણ એનો ઉપયોગ સારી રીતે થઇ શકે તેમ છે, કારણ કે તે ગરમી આપવામાં ઉત્તમ હોવા ઉપરાંત ખૂબ જ હળવું છે

ગયા યુદ્ધ દરમ્યાન એનો ઉપયોગ બીજી એક દિશાએ પણ સારા પ્રમાણમાં થયો છે. દરિયામાં ડૂબતાં બચવા માટે બનાવવામાં આવતાં બૂચથી ભરેલાં જીવનરક્ષક બોયાંને બદલે કાપોકથી ભરેલાં બોયાં વધુ સગવડભર્યાં માલૂમ પડયાં છે. તે વજનમાં માત્ર પાંચ રતલ ને છ ઔંસ હતાં અને તે પાણીમાં ૨૪ કલાક સુધી ૩૫ રતલ વજનને આધાર આપી શકેલાં. પાણીમાં માણસનું સરેરાશ વજન ૯ રતલ હોય છે. કાપોક ભરેલાં જીવનરક્ષક બોયાં, જાકીટો અને કમરપટા, પ્રમાણમાં વધુ ઉપયોગી અને સફળ નીવડયાં છે.

કાપોકમાં રૂંવાં (fur) અને રૂ બંનેના ગુણ છે. તે રૂંવાં જેટલું જ ગરમ છે અને રૂ કરતાં ઘણું જ હળવું છે. એના જેટલું હળવું, ગરમ, જલાભેદ્ય અને અદમ્ય (દાબ વિરોધી) તત્ત્વ હજુ સુધી એકેય માલૂમ પડયું નથી. નાગરિક વર્ગના કોટ (ડગલા), હવાઈ નાવિકોના પોષાક, ઠંડીના પોષાકો, વહાણવટીઓના પોષાકો અને માછીમારી સમયના પોષાકો માટે પણ એનો સારો ઉપયોગ કરી શકાય તેમ છે.

અત્યારપહેલાંપણ ઘણાં વર્ષોથી એનો ઉપયોગ મંદવાહક તરીકેજ થતો હતો. પણ તે માત્ર ચાનાં વાસણોનાં ઢાંકણો, કૂકરો, ટીફીનબાસ્કેટો આઈસ બૉક્સો વગેરેમાં મંદવાહક પદાર્થ તરીકે ગરમી સાચવી રાખવા માટે જ. પણ હવે તો આ ગુણથી આકર્ષાઇને રેફ્રીજરેટર બનાવનારાઓ પણ એનો ઉપયોગ કરવા લાગ્યા છે.

હળવું હોવાની સાથે તે અવાજનાં આંદોલનનું રોધક પણ છે. એથી મોટર ગાડીઓ, એરોપ્લેનો, સીનેમા અને રેડિયો-સ્ટૂડિયોમાં પણ એનો ઘણી જ સફળતાથી ઉપયોગ કરી શકાયો છે. આ રીતે જોતાં આરોગ્ય, સગવડ ને સંરક્ષણની દષ્ટિએ જીવનનાં અનેક ક્ષેત્રોમાં કાપોક ઉપયોગી થઈ પડયું છે.

જામફળ

જામફળનાં ઝાડ મૂળ મેક્સિકો અને વેસ્ટ ઈન્ડીઝનાં વતની. તે બહુ ઊંચાં થતાં નથી. અમેરિકાની શોધ પછી એ બીજા દેશોમાં દાખલ થયાં. આપણે ત્યાં તેનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે.

વનસ્પતિના વર્ગીકરણમાં જામફળનું ઝાડ યુકૅલિપ્ટસના વર્ગમાં આવે છે. આ વર્ગમાં ૬૦ જાતની વનસ્પતિનો સમાવેશ થાય છે, જેમાં ઘણી જાતની કિંમતી વનસ્પતિઓ આવી જાય છે. એ વનસ્પતિનાં પાંદડાંમાં તેલવાળી રસકૂપીઓ હોય છે. તેમાંથી વરાળયંત્ર વડે

ઊડણુ તેલો કાઢી શકાય છે. આ તેલો સુગંધિત હોઇને સુગંધી તેલોની બનાવટમાં, સાબુઓમાં સુગંધ લાવવા, તેમજ દવાઓમાં વપરાય છે. લવીંગ, યુકૅલિપ્ટસ વગેરે આ વર્ગનાં ઝાડો છે. ખૂબીની વાત એ છે કે આ વર્ગની વનસ્પતિની એકેય જાતનાં ફૂલો સુંદર હોતાં નથી.

ગુજરાત-કાઠિયાવાડમાં ધોળકાનાં જામફળ ખૂબ વખણાય છે. સંયુક્ત પ્રાંતમાં અલાહાબાદનાં જામફળ પણ સુપ્રસિદ્ધ છે. હિંદીમાં તેને પેરૂ, અમરૂલ યા જામ કહે છે. જામફળ બે જાતનાં થાય છે: લાલ અને સફેદ. બંને ઉપરથી સરખાં જ દેખાય છે. માત્ર અંદરના ગર્ભના રંગ પરથી જ એ ઓળખાય છે. સ્વાદમાં સફેદ જાત સ્વાદિષ્ટ હોય છે, પણ ગુણમાં લાલ જાત ચડિયાતી હોય છે. તાજાં જામફળ લીલા મેવા તરીકે વપરાય છે અને ઉપરની પાતળી પીળી છાલ સહિત જ ખવાય છે. તેના ગર્ભમાં ઝીણાંઝીણાં કઠણ બી પુષ્કળ હોય છે. એ બીજ સહિત જામફળ ખાવાથી જઠરમાં ખરાબી કરે છે, આથી જામફળ ખાતાં ઘણા અચકાય છે. એટલે બી વિનાનાં જામફળ પેદા કરવાના અખતરા થયા છે. પરિણામે આ ફળો મોટા કદનાં અને ખૂબ મીઠાં બન્યાં છે. જામફળમાં વિટામિન સી સારા પ્રમાણમાં હોય છે.

જામફળ હૃદયને પૌષ્ટિક ને સારક છે. જૂની કબજીયાતને તે તોડે છે. કાચાં જામફળ અતિસાર બંધ કરે છે ને વાસી જામફળ તંદુરસ્તીને નુકશાન કરે છે. જામફળનો મુરબ્બો બનાવાય છે. અમેરિકાથી આવો મુરબ્બો યુરોપમાં ડબ્બાઓમાં ભરી નિકાસ થાય છે. જામફળમાં સાકર અને સ્ટાર્ચનું પ્રમાણ ૮·૭ ટકા અને પાણી ૮૩ ટકા છે.

જામફળીનાં કૂમળાં પાન ચાવવાથી કે તેના કવાથના કોગળા કરવાથી દાંતની પીડા મટે છે અને દાંત હાલતા અટકે છે. બ્રાઝીલમાં તેના ઉકાળાથી માંદા માણસને સ્નાન કરાવે છે. તેમાં લગભગ ૯·૦ ટકા ટેનિન હોય છે. તેના મૂળની છાલ પણ બચ્ચાંના ઝાડા, મરડા વગેરે માટે કવાથ કરીને અપાય છે. (સ્ત્રીજીવન) નરસિંહ મૂ. શાહ

કહેવાય છે કે જામફળીનો પહેલો ફાલ બીજ વગરનાં જામફળનો હોય છે અને તે ખાવામાં વખણાય છે. નદીના બેટોનાં જામફળ ઠીક વખણાય છે. જામફળનાં બી કઠણ હોવાથી ખૂબ ચાવીને ખાવાં જોઇએ, નહિ તો કબજિયાત થાય છે. જામફળ સ્વાદિષ્ટ, વીર્યવર્ધક, વાતપિત્તને હરનાર, શક્તિ આપનાર અને ઠંડું છે, પણ કફને કરનારૂં છે. પાકાં જામફળનું શાક પણ થાય છે. —બાપાલાલ ગ. વૈદ્ય

વિક્ટોરિયા ક્રૉસ

બ્રિટિશ સામ્રાજ્યમાં વીરતાનું સર્વોત્તમ પારિતોષિક વિક્ટોરિયા ક્રૉસ છે. તે ખુશ્કી, તરી કે હવાઈ સૈન્યના કોઈ પણ સૈનિકને દુશ્મનનો



સામે મોંએ સામનો કરી વીરતા દાખવવા માટે આપવામાં આવે છે, પણ બહુ જ વિચારપૂર્વક અને ઓછો અપાય છે. ૧૮૫૬ના ફેબ્રુઆરીની ૫ મી તારીખે મહારાણી વિક્ટોરિયાએ તેની પ્રથમ યોજના કરી. ૧૯૪૨ના માર્ચ સુધી તે ક્રીમિયન યુદ્ધ દરમિયાન સેબેસ્ટોપોલમાંથી બ્રિટિશોએ જે તોપ કબજે કરેલી તેની કાંસાની ધાતુમાંથી બનાવવામાં આવતો હતો. તેમાં વચ્ચે તાજ ઉપર ઊભેલા સિંહનું આલેખન હોય છે, અને નીચેની પટ્ટી ઉપર For Valour (શૌર્ય માટે) એવા શબ્દો લખેલા હોય છે. સાદી લાલ ફીત વડે તે લટકાવવામાં આવે છે અને ડાબી છાતી પર પહેરાય છે. વિક્ટોરિયા ક્રૉસ મેળવવો એ અપ્રતિમ બહાદુરીનું માન ગણાય છે અને બીજા બધા માન-ચાંદ કરતાં કાંસાનો આ સાદો ચાંદ પહેલો પહેરાય છે.

હિંદી સૈનિકોને વિક્ટોરિયા ક્રૉસ મેળવવાનો પ્રથમ અધિકાર ઈ. ૧૯૧૧માં પ્રાપ્ત થયો; અને ૧૯૨૦થી તો તે સ્ત્રીઓ તથા બાળકો સુદ્ધાં સામાન્ય નાગરિક પણ વિશિષ્ટ શૌર્ય માટે મેળવી શકે એવી જોગવાઈ કરવામાં આવી. ૧૯૧૪-૧૮ના પ્રથમ મહાયુદ્ધમાં હિંદી લશ્કરને આવા ૧૧ ચાંદ મળ્યા હતા, જ્યારે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૩૧ ચાંદ મળ્યા છે. સંયુક્ત રાજ્યોને બાદ કરતાં બ્રિટિશ સામ્રાજ્યના કોઇ પણ દળ કરતાં વિશેષ હિંદી લશ્કરે આ વિક્ટોરિયા ક્રૉસ મેળવવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે. (રાજપૂતબંધુ)

નાળિયેર તથા નાળિયેરનું પાણી

ગયા અંકમાં 'ગુજરાત સમાચાર'માંથી વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રીનો 'નાળિયેર' નામનો લેખ ઉતારેલો છે. એ લેખમાંની કેટલીક હકીકતોના વિરોધમાં ડૉ. કાન્તિલાલે 'જ્યોતિર્ધર'માં લખેલા લેખમાંથી જરૂરી તારવણી અત્રે આપી છે.

"મૂળ લેખમાં લખ્યું છે, 'ડૉ. ડીમક કહે છે કે નાળિયેર કૉડલીવર ઑઇલ જેટલું જ ગુણકારી છે.' પણ ડીમકનું પુસ્તક ૧૯મી સદીમાં લખાએલું. તે વખતે વાઇટેમિન વિષે આપણે કશું જ જાણતા નહોતા. પરંતુ આજે આપણે જાણીએ છીએ કે કૉડલીવર ઑઇલમાં વાઇટેમિન એ તથા ડી નું પ્રમાણ બહુ સારૂં છે. આપણા દેશમાં જે વનસ્પતિજન્ય તેલો આપણે વાપરીએ છીએ તેમાંથી કોઈમાં આ વાઇટેમિન નથી. આગળ ચાલતાં લખ્યું છે કે 'મધુમેહના દરદી માટે નાળિયેર વ્યાધિનિવારક અને પોષક પદાર્થો પૂરો પાડનાર ખોરાક છે. એમ ડૉ. બી. ડી. બાસુ જણાવે છે. પરંતુ એ પુસ્તક પણ ઇન્સ્યુલીનની શોધ થઇ તે પહેલાં લખાયું હશે. એવો કોઇ પદાર્થ નથી જે 'ખાવાથી' મધુમેહ નિવારી શકાય. આગળ જતાં લખ્યું છે: 'મધુમેહનો દરદી ચણા અને બાજરીનાં આટા સાથે સારા પ્રમાણમાં કોપરાનું મિશ્રણ કરી એનો ખોરાક લેવા માંડે તો સાકર ઘટી જાય.' આ વિધાનને નથી ટેકો ચિકિત્સાશાસ્ત્રનો કે નથી આહારશાસ્ત્રનો. નાળીયેરના પાણી વિષે લખ્યું છે કે એ 'વિટામિન બીથી ભરપૂર પેય પદાર્થ છે.' પરંતુ બી વિટામિન તો એક આખા સમૂહનું નામ છે, એટલે કોઈ પણ પદાર્થમાં તે કેટલા કેટલા પ્રમાણમાં છે તે આંકડા આપીને બતાવવું જોઇએ.

નાળિયેરનો તાજો નીરો સગર્ભા સ્ત્રી પીએ તો ગોરાં બાળકો જન્મે એવી માન્યતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વિષે કહેવાનું કે આનુવંશિક વિજ્ઞાનની દૃષ્ટિએ આવું વિધાન શાસ્ત્રીય બિલકુલ નથી.

છેવટે, ગોળ અને કોપરાં ખાવાની સલાહ આપવામાં આવેલી છે. ગોળને માટે લખ્યું છે: 'શેરડીમાંથી તૈયાર થયેલું ગ્લુકોઝ'. આ વાત પણ ખોટી છે. ગોળ કંઈ ગ્લુકોઝ નથી. ગ્લુકોઝ એ તો દ્રાક્ષની ખાંડ છે. ગોળ એ શેરડીમાંથી બનેલી ખાંડ છે. ગ્લુકોઝની બરાબરી કરી શકે—બલકે ચડી જાય એવી દેશી વસ્તુ તે તો મધ છે, ગોળ નહિ. ગોળ એ મુખ્યત્વે કાર્બોહાઇડ્રેટ છે; ટોપરાંમાં મુખ્યત્વે ચરબી છે. એટલે ગોળ અને ટોપરૂં ખાવાથી શરીરને શક્તિ (કૅલરીઝ) મળે, પરંતુ પૌષ્ટિક તત્ત્વો (લોહ સિવાય) ખાસ કશાં જ ન મળે. ગોળ ને ઘી ખાય તો વળી ટોપરાં કરતાં પણ વધારે શક્તિ મળે. ઘી ન મળી શકે તેવાઓ માટે તલ કે મગફળીનો ભલામણ કરવી જોઇએ, ટોપરાંની નહિ. આ બંને ચીજો ટોપરાં જેટલી જ શક્તિ આપે છે, તે ઉપરાંત પૌષ્ટિક પણ છે. મગફળીમાં ટોપરાં કરતાં ઘણું વધારે પ્રોટીન છે, કૅલ્શિયમ છે અને બી '૨' વાઇટેમિન છે. આ બધાં તત્ત્વો શરીરને બહુ જરૂરનાં છે. તલમાં પણ પુષ્કળ કૅલ્શિયમ, લોહ ને પ્રોટીન છે. બાળકો, સગર્ભા સ્ત્રીઓ ને ધાવતાં બાળકની માતાઓ માટે તલ બહુ ગુણકારી છે."

વિટામિન [૧]

લેખક: નટવરલાલ શાહ

વાચનમાં અને વાતચિતમાં આજે વિટામિન શબ્દ એટલો તો પ્રચલિત થઇ ગયો છે કે કોઇપણ સુશિક્ષિત માણસ તેના નામથી ભાગ્યે જ અજાણ હશે. પરંતુ એની સાચી માહિતી, એના પ્રકાર, ગુણ, ને તે મેળવવાનાં સાધનો વિષે આધારી એકત્ર માહિતી જવલ્લે મળતી હશે. અહીં અત્યંત ટૂંકામાં તેનો સર્વગ્રાહી પરિચય એક નિષ્ણાત તરફથી ક્રમશઃ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે

પહેલાં તો વિટામિન (પ્રજીવક) એટલે શું, તે આપણે જોઇએ. વિટામિન એ સેન્દ્રિય પદાર્થ છે, અને તે વનસ્પતિ તથા પ્રાણીઓના કોષસમૂહોમાં રહેલો હોય છે. મનુષ્ય તેમજ પ્રાણીઓની તંદુરસ્તી જાળવવામાં તથા તેમનો શારીરિક વિકાસ સાધવામાં એ અગત્યનો ભાગ ભજવે છે. એ પોતે શરીરના કોષસમૂહના ઘડતરમાં વપરાતાં નથી, પરંતુ શારીરિક શક્તિનાં રૂપાંતર કરવામાં તેમજ શરીરની અંદરનો બધો વ્યવહાર ચલાવવામાં તે ખૂબ મદદગાર થઈ પડે છે. બહુ થોડી માત્રામાં તે અસરકારક હોય છે છતાં પણ અમુક વર્ગ વિટામિનમાં માનતો નથી. પરંતુ વિજ્ઞાનીઓએ કરેલા પ્રમાણભૂત અખતરાઓના નીચેના પુરાવા તેના અસ્તિત્વની ખાતરી આપી રહે છે.

ઈ. ૧૭૨૦માં 'મેડીસીના કેસ્ટ્રેન્સીસ'માં ક્રેમર લખે છેઃ 'તે લીલાં શાકભાજી, લીંબુ, નારંગી વગેરે ફળોના રસ ગળે તો સ્કર્વીનું ભયંકર દર્દ નાબૂદ કરી શકાય.' ઈ. ૧૮૭૮ ૧૮૮૨માં જાપાનીઝ નાવિકોમાં બેરીબેરી નામનો રોગ ખૂબ પ્રચલિત હતો. ત્યાંના વૈજ્ઞાનિક ટાકાકીએ તેમને છડેલા ચોખાનો ચાલુ ખોરાક આપતો બંધ કરીને જવ આપવા શરૂ કર્યાં. તે પછી એ દર્દ કોઈ નાવિકને થયું નહિ. તે પછી તેણે છડવાથી નીકળતી કુસકીનું સત્ત્વ આપીને પણ એ રોગ મટાડ્યો.

ઈ. સ. ૧૯૦૬માં વૈજ્ઞાનિક હૉપકિન્સે નીચેનો પ્રયોગ કર્યો: (૧) ઉંદરોને માત્ર શુદ્ધ કરેલા પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, ક્ષાર અને પાણી ઉપર અમુક દિવસો સુધી રાખ્યા. તે પછી (૨) અમુક દિવસો તે ઉંદરોના ખોરાકમાં દૂધ ઉમેર્યું; ત્યાર બાદ (૩) અમુક પ્રકારનાં શાકભાજી પણ ખોરાકમાં ઉમેરવા માંડ્યાં. પરિણામે જણાયું કે શરૂઆતમાં ઉંદરોનો શારીરિક વિકાસ રૂંધાયો; પછી દૂધ મળવાથી વિકાસ વધ્યો; પરંતુ દૂધ સાથે શાકભાજી મળવાથી પૂરતો વિકાસ થયો. આ પ્રયોગ પરથી તેણે વિધાન તારવ્યું કે ફક્ત પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, ચરબી ને ક્ષારો વડે શારીરિક વિકાસ થતો નથી, પરંતુ શાકભાજી જેવા વનસ્પતિના કોષસમૂહો અને દૂધ કે માંસ જેવા પ્રાણીઓના કોષસમૂહોથી (માંસલ પદાર્થયુક્ત ખોરાકથી) જ શારીરિક વિકાસ થાય છે. તેથી એ નિશ્ચિત થયું કે એ વનસ્પતિ કે પ્રાણીઓના કોષસમૂહોમાં પ્રોટીન, ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ અને ક્ષારો ઉપરાંત બીજાં કેટલાંક અદૃશ્ય તત્ત્વો રહેલાં હોવાં જોઇએ. તે પછી ૧૯૨૦ સુધીમાં તો સાબિત થઈ ગયું કે સ્કર્વી તથા બેરીબેરી તેમજ આંખનાં અમુક દર્દોને ખોરાકમાં રહેલાં અમુક તત્ત્વો સાથે જ સંબંધ છે. અને એ તત્ત્વો તે વિટામિન છે, એમ પછીથી નક્કી થયું.

આજ સુધીમાં કુલ નીચે મુજબનાં વિટામિનો શોધાયાં છે: વિટામિન એ, બી કૉમ્પ્લેક્સ (બી-૧, બી-૨, બી-૩, બી-૪, બી-૬, પેન્ટોથેનીક ઍસિડ, ફિલ્ટ્રેટ ફૅક્ટર, કોલીન, બાયોસ, ફૅક્ટર 'યુ', પેરાએમીનો બેન્ઝૉઇક તેજાબ), સી, ડી (ડી-૨, ડી-૩), ઈ, કે અને પી. આ બધાં વિટામિનોના ગુણધર્મ શા છે, આપણા કયા કયા દૈનિક ખોરાકમાં કયાં વિટામિનો છે ને કયાંનો અભાવ છે, તે જાણી લેવાય તો ખોરાકમાં તેની પૂરવણી કરવાથી, શારીરિક શક્તિ જળવાય તેમજ દર્દોનો સામનો કરવાની શરીરમાં શક્તિ આવે. (ચાલુ)

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં

તા. ૩ સાયમન કમિશનના વિરોધમાં હિંદવ્યાપી હડતાલ, ૧૯૨૮
તા. ૪ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ૧૯૧૫
તા. ૫ બ્રિટિશ સામ્રાજ્યનો બહુમાન ભર્યો ચન્દ્રક વિક્ટોરિયા ક્રૉસ સ્થાપવામાં આવ્યો, ૧૮૫૬ (જાનુઆરી આ અંકની માહિતી)
તા. ૮ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ મેયોનું આંદામાનમાં ખૂન, ૧૮૭૨
તા. ૧૧ 'વિજ્ઞાનના જાદુગર' ટૉમસ આલ્વા ઍડીસનનો જન્મ, ૧૮૪૭
તા. ૧૩ ભારતીય કવયિત્રી સરોજિની નાયડુનો જન્મ, ૧૮૭૯
તા. ૧૪ મહાન મુઘલ શાહાનશાહ અકબર તખ્તનશીન થયો, ૧૫૫૬
તા. ૧૯ તિબેટ અને મધ્ય એશિયાનાં કપરાં વેરાનોમાંથી પ્રાચીન સંસ્કૃતિઓના મૂલ્યવાન પુરાતત્ત્વ અવશેષો શોધી કાઢનાર વિરલ સાહસ-એકુ વિદ્વાન સ્વેન હેડિનનો જન્મ, ૧૮૬૫
તા. ૨૧ જગપ્રસિદ્ધ હીરો કોહીનૂર અંગ્રેજોને હાથ ગયો, ૧૮૪૯
તા. ૨૫ સાહિત્યના નવયુગના અગ્રણી કવિ નર્મદનું અવસાન, ૧૮૮
તા. ૨૮ કોલંબસના એક વખતના સહ-સફરી વિન્સેન્ટ યાનેઝ પિન્ઝૉને આમાઝોન નદી શોધી કાઢી, ૧૫૦૦

આ માસની વ્યક્તિવિશેષ

અબ્રાહમ લિંકન



અમેરિકન પ્રમુખોની નામાવલિમાં જેનું નામ પરમોજ્જ્વલ ગણાય છે એ અબ્રાહમ લિંકન આજે એકેએક અમેરિકાના હૃદયમાં આદરનું પહેલું સ્થાન ધરાવે છે. મહાત્મા ગાંધીજીને બાદ કરતાં, આ યુગનો કોઇ પણ માણસ જેના જેવો પુણ્યશ્લોકી નથી નીવડ્યો એવો, ઉમદામાં ઉમદા ચારિત્ર્ય, વિશુદ્ધમાં વિશુદ્ધ ચિંતન અને નમ્રમાં નમ્ર સ્વભાવ ધરાવતો આ મહાનુભાવ નરોત્તમ ઇ. ૧૮૦૯ની ૧૨મી ફેબ્રુઆરીએ ગરીબ માબાપને ત્યાં કેન્ટુકી પરગણાના નૉલિન ક્રીક ગામડામાં જન્મેલો. બાળવયમાં માતા મરી જતાં, નહિ જેવું શાળા શિક્ષણ પામેલા અબ્રાહમે શોખના વાચનમાંથી જ વિકાસ સાધ્યો, અને ખેતી, માલ-હોડીઓ પર મજૂરી, કારકુની, વગેરે કરતોકરતો તે સર્વેયર અને ગામડાનો પોસ્ટ માસ્તર બન્યો, ને પછી ૧૮૩૬માં કાયદાની સનદ મેળવી ૧૮૩૭માં સ્પ્રિંગફીલ્ડમાં વકાલત શરૂ કરી. ૧૮૩૪થી એ જાહેર જીવનમાં પડ્યો અને પોતાની બુદ્ધિશક્તિથી પક્ષ-નેતા બનીને ૧૮૪૬માં લોકપ્રતિનિધિ સભામાં ચૂંટાયો.

૧૮૫૪માં ગુલામી સામે અમેરિકાએ જેહાદ ઉપાડી ત્યારથી એના જીવનનો બીજો અને ત્રીજો તબક્કો શરૂ થયો, અને પોતાના વિશુદ્ધ ચારિત્ર્યના પ્રભાવથી જોતજોતામાં અગ્રસર બની ગયો. ૧૮૬૦માં તે પ્રમુખ ચુંટાયો, અને ગુલામી નાબૂદ નહિ કરવાની જક લઇ બેઠેલા દક્ષિણ પ્રાંતો સામે ઉત્તર પ્રાંતોએ ઉઠાવેલા આંતરવિગ્રહનો અગ્રણી બન્યો. ઇ. ૧૮૬૩ની પહેલી જાન્યુઆરીએ ગુલામોની બેડી ઉપર છીણી મૂકતો તેનો અમર ઢંઢેરો બહાર પડ્યો. બીજે વર્ષે ૧૮૬૪માં તે ફરી પ્રમુખ ચુંટાયો, અને કપરી મુસીબતો તથા અવિશ્રાંત શ્રમ વેઠીને ગુલામી સામેના યુદ્ધમાં વિજયી નીવડ્યો. પણ એ વિજય પછી પાંચમે જ દિવસે, ૧૮૬૫ની ૧૪મી એપ્રિલે, વૉશિંગ્ટનના ફૉર્ડ થીએટરમાં દક્ષિણ પ્રાંતોના વિફરેલ બૂથ નામના ઍક્ટરે ગોળીથી એનું ખૂન કર્યું

પ્રયત્નની કુંદનપાટની કણી
પરાજયે શું પતંને જતી મળી ?

નવા કરાચીના નિયોજક ને પરગજુ લોકસેવક શ્રી જમશેદજી નસરવાનજી મહેતાના ઘરનો નોકર એકાએક અદૃશ્ય થઈ ગયો. આખુ કુટુંબ એનું કારણ શોધવાની ધમાલમાં પડ્યું. ઘરમાંથી કશું ગુમ થએલું જણાયું નહિ. આ બધો વખત જમશેદજી સાવ સ્વસ્થ ને મૂક હતા બધા શાંત થયા પછી એક વાર એ મણે એનો સ્ફોટ કર્યો કે પોતાની જ ટ્રંકમાંથી ૧૮૦૦ રૂપિયા ગુમ થયા હતા. એ સાંભળી સૌ ક્રોધથી પેલા નોકરને પકડાવી ફરિયાદ માંડવા કહેવા લાગ્યા. ત્યારે જમશેદજી ઠંડી નરમાશથી બોલ્યા કે આપણે એ લોકોની ભીડ જાણીએ નહિ ને દામની કદર બૂઝીએ નહિ, પછી એ લોક ચોરી કરવા લલચાય એમાં એનો શો વાંક? વાંક તો આપણો જ છે હું તો ઇશ્વર પાસે એટલું માગું છું કે એ ગરીબ માણસ એ પૈસા કુમાર્ગે ન વાપરતાં તેનો સદુપયોગ કરીને સુખી થાઓ.'

અનેકાર્થી શબ્દ: **કરાલ:** ભયંકર; ઉગ્ર કે તીવ્ર; ઊંચું; કાળી તુલસી; કસ્તુરીમૃગ.

કહેવતોના અર્થ: 'ઊનું ખાતાં મોમાં દાઝ્યા; કોને જઇને કહીએ.' માણુસ પોતાની મૂર્ખાઈ ઢાંકવા, ગુનો સંતાડવા, એબ છુપાવવા કે આબરૂ સાચવવા સારૂ થઇને અમુક દુઃખ કે અગવડ મૂંગે મોઢે ગુપચુપ સહન કરી લે તે દર્શાવવા માટે આ કહેવત વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ;' 'પેટના કીડા પેટને ફોલે, દોષ દેવો કોને?'; 'પેટનું પેટ તે પહોંચાડે ઠેઠ'; 'મૂંગા કો સપનો ભયો, સમજ સમજ પસ્તાય'; 'હૈયાના બળ્યા હાશ હાશ'; 'કઠેકાણે ગુમડું ને સસરો વૈદ્ય'.

ગણિત ગમ્મત: ૩૪ ને ૩૫ એબે સંખ્યા વિષે કોઇને ન હોય એવી ગમ્મત છે. ૩૪+૩૫નો સરવાળો ૬૯. અને એ ૬૯ને ઉલટાવતાં ૯૬. હવે એ ૯૬ને ૩૪ તથા ૩૫ની વચ્ચે મૂકો, અને છેલ્લે ૬૯ મૂકો; એથી જે સંખ્યા આવશે--૩૪૯૬૩૫૬૯--તેનું વર્ગમૂળ નીકળી શકશે:૫૯૧૩. વળી એ સંખ્યા ૩૪૯૬૩૫૬૯ ને ચાર વડે ગુણવાથી જે રકમ ૧૩૯૮૫૪૨૭૬ --આવે તેમાં ૧ થી ૯ સુધીના બધા અંક એક વખત આવી જાય છે! અને એ રકમ પણ ૧ થી ૯ સુધીના તમામ અંકો વપરાએલી નાનામાં નાની વર્ગસંખ્યા છે અને એનું વર્ગમૂળ ૧૧૮૨૬ છે. (મ. ના. ખત્રી)



કુશાન-સાસાન સમયનો ત્રીજા-ચોથા સૈકાનો આ સિક્કો મથુરામાંથી મળી આવેલો. તે વિશિષ્ટ એટલા માટે છે કે તેના ઉપર પંચમુખી શિવનું નંદી સાથે આલેખન છે (ચિત્રમાં શિવનાં ત્રણ મુખ દેખાય છે.) શિવના એક હાથમાં પાશ અને બીજા હાથમાં ધ્વજદંડ છે અને ગ્રીક લિપિમાં OESHO (ઓએશો, એટલેકે શિવ) એમ લખેલું છે. એ દર્શાવે છે કે એ સમયમાં ત્યાં શિવપૂજા પ્રચલિત હતી.


'મારે મૅનેજરને મળવું છે.'

'મૅનેજર સાહેબ તો નથી.' કારકુને કહ્યું. 'કાંઈ કામ હોય તો ફરમાવો.'

'હું કદી ફાલતુસીઆઓ જોડે વાત કરતો નથી. મૅનેજર આવશે ત્યાં સુધી હું થોભીશ.' આવનારે રૂઆબથી કહ્યું.

'ભલે સાહેબ, બિરાજો.' કહી કારકુન કામે વળગ્યો. કલાકેક રાહ જોયા પછી અકળાઇને પેલા આવનારે પૂછ્યું, 'મૅનેજરને આવતાં કેટલીક વાર થશે?'

'આશરે અઠવાડિયું, સાહેબ.' શાંતિથી કારકુને કહ્યું, 'હજી આજ સવારે જ તે આબુ હવા ખાવા માટે ગયા.'



આ તે ફૂલદાની છે કે સામસામા બે હસતા ચહેરાની છાયા?



કલાકણિકા


કચ્છનું રૂપાકામ કેવળ હિંદુસ્તાનમાં જ નહિ પણ એક કાળે દેશપરદેશમાં પણ પ્રખ્યાત હતું અને ઝીણા નકસીકામની તેની કારીગરી બેનમૂન ગણાતી. એ કારીગરી, આ બાજુએ બતાવી છે તેવી ગુલાબદાની જેવાં રોજબરોજનાં ઉપયોગી સાધનોમાં કલા પ્રકટાવવાની માણસની સાહજિક વૃત્તિએ ખીલવેલી સર્વોત્કૃષ્ટ કક્ષાનું પરિણામ છે.


ઇંગ્લંડ, સ્કૉટલંડ, ઉત્તર આયર્લૅંડ, આયર અને બ્રિટિશ ચૅનલના ટાપુઓ--એમ ઇંગ્લંડ તથા તેના પડોશીઓના મળેલા વિલાયતમાંથી નીચે મુજબ છાપાં નીકળે છે: ૧૩૬ સર્વસામાન્ય દૈનિકો, ૧૭ રવિવારીઆં અઠવાડિકો; ૧૨૮૬ લંડન ને તેનાં પરાંઓનાં તથા બીજા પ્રાંતોનાં સ્થાનિક પત્રે; ૩૨૭૨ બીજાં સામયિકો (માસિકો, પખવાડિકો, ત્રૈમાસિકો, ધાર્મિક પત્રો, વ્યાપાર ને ધંધાનાં પત્રો, ટેકનિકલ ને ખાસ વિષયનાં પત્રો વગેરે) તથા ૧૭૭૫ વાર્ષિકો વગેરે (કુલ ૫૬૮૬).


રેફ્રીજરેટરમાં મૂકવા માટે એક સ્ટરી લૅમ્પ નામનો નવા પ્રકારનો વીજળીનો ગોળો શોધવામાં આવ્યો છે. એ છે તો ટચુકડો, પણ એમાંથી એવા ખાસ પ્રકારનાં કિરણો નીકળે છે જે ખોરાકને નુકસાનકારક બારીક જંતુઓનો નાશ કરી અંદરની હવાને સ્વચ્છ રાખે છે. આથી રેફ્રીજરેટરમાંનો ખોરાક બગડ્યા વિના તાજો ને સ્વચ્છ રહી શકશે.

કોલસાની ભૂકી ફેંકી ન દેશો. થોડા છાણ જોડે મેળવી તેના નાના ગોળા વાળી સૂકવી રાખવાથી સરસ બળતણ બનશે.

બળતણની અછતના આ સમયમાં દાતણની ચીરીઓ પણ ફેંકી શા માટે દેવી? ધોઇને ઘરને છાપરે ચોક્ખસ સ્થળે મૂકી સુકાવા દેવી. ચૂલો કે સગડી ચેતાવવા ઉપયોગી થશે.







પશ્ચિમના ઘણાખરા શિલ્પીઓનો મત એવો છે કે શિલ્પનો મુખ્ય ઉદ્દેશ અને શ્રેષ્ઠ આદર્શ એ જ કે માણસની મૂર્તિના શ્રેષ્ઠ આદર્શના રૂપની રચના કરવી. પ્રાચીન ગ્રીસમાં પણ શિલ્પનો આ જ આદર્શ સાર્થક કરવામાં આવ્યો છે. એ ગ્રીક સાધનાની પહેલાં કે પછી, કોઈ પણ દેશના શિલ્પી, માણસના દેહની દિવ્યશ્રી, સુષમા ને લાલિત્ય આટલું સરસ ને આટલું મનોહારી કદી પણ પટ ઉપર કે શિલ્પમાં ખીલવી શક્યા નહોતા. માણસના દેહની શ્રેષ્ઠ કલ્પનાના સૌંદર્યનું ચિત્ર, ફક્ત ગ્રીક શિલ્પીની દિવ્ય દૃષ્ટિથી જ પકડાયું હતું.

આ ઉપર આપેલું 'લા-કોઓન'નું વેગભર્યું ને બલિષ્ઠ શિલ્પ ગ્રીક શિલ્પકલાના અંતિમ કાળનું છે. એમાં ગ્રીક દંતકથાના લા-કોઓન નામના એક ધર્મગુરુએ અજગર સામે ખેડેલ ભીષણ યુદ્ધનું આલેખન છે. લા-કોઓન અને તેના બે પુત્રોને અજગરો ભરડો લઈને તેમના જીવનનો અંત આણે છે, તેની સામેની એમની અંતકાળની વેદનાભરી મથામણ આ શિલ્પમાં ઉતારેલી છે. આ મૂર્તિત્રયમાં કદાચ ચંચલતાનું જે વાસ્તવિક આલેખન ઉતારેલું છે તેનું—શિલ્પમાં ગતિશીલ વેગધારણનું—વિવરણ આ અંકમાં આપેલા 'શિલ્પ–વિજ્ઞાન' નામના લેખમાં સવિસ્તર કરવામાં આવ્યું છે. એવું જ વિસ્તારી વિવરણ, શિલ્પમાં શાન્તરસ અથવા ગતિહીનતા વિષે પણ એ લેખમાં કરેલું છે, જેનાં બે ઉદાહરણ રૂપ બે શિલ્પ ડાબી બાજુએ આડાં દર્શાવ્યાં છે. ગ્રીક શિલ્પકલાના અનુકરણમાં રોમન શિલ્પકલા પણ એટલી જ ઉચ્ચ કક્ષાએ ખીલી હતી, અને તેમાં અદ્ભુત પ્રતિભા દર્શાવી ગએલા ઈટાલિના વિખ્યાત શિલ્પકાર અને કલાકાર માઇકેલ એન્જેલોની બે નામચીન કૃતિઓ છે. એમનાં નામ છે: 'દિવસ અને રાત્રિ' ફ્લૉરેન્સ નગરમાં સાન લૉરેન્ઝોના દેવળમાં લૉરેન્ઝો દ મેડીસીની કબર ઉપરની પ્રતીક મૂર્તિઓ પૈકીની એ જગતખ્યાત મૂર્તિઓ છે.